સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી જિનમંદિરની દિવાલોના ચિત્રો ઉપર આધારિત

# જૈન પૌરાણિક લઘુકથાઓ

## ભાગ–૨



પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

# સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનું

# ગર્ભગૃહ



ભગવાનશ્રીકુંદકુંદ-કહાન જૈનશાસ્ત્રમાળા, પુષ્પ—૨૩૦

ૐ

નમઃ સદ્‌ગુરુવે ।

સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી જિનમંદિરની દિવાલોના ચિત્રો ઉપર આધારિત

# જૈન પૌરાણિક લઘુકથાઓ

## (ભાગ—૨)

સહજ ચિદાનંદ.

卐

—: પ્રકાશક :—

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

**સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર)**

website :www.kanjiswami.org

Email : contact@kanjiswami.org

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦

પ્રથમ આવૃત્તિ    પ્રત : ૩૦૦૦    વિ.સં. ૨૦૬૮    ઈ.સ. ૨૦૧૧

જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ–૨ (ગુજરાતી)ના

**સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા**


શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળ
ઘાટકોપર, (મુંબઈ)

આ પુસ્તકની પડતર કિંમત રૂા. ૪૯=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૩૦=૦૦ રાખવામાં આવેલ છે.

સહજ ચિદાનંદ.

**કિંમત રૂા. ૩૦=૦૦**

મુદ્રક :
**કહાન મુદ્રણાલય,**
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## પ્રકાશકીય નિવેદન

પરમોપકારી અધ્યાત્મયુગસ્રષ્ટા આત્માનુભવી સત્પુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ પોતાની અનુભવરસભીની વાણીમાં અધ્યાત્મરસગર્ભિત જિનેન્દ્રકથિત ચારે અનુયોગના સુમેળપૂર્વક દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાથી ઉપદેશગંગા વહાવી; જેમાં સ્નાન કરી ભરતક્ષેત્રના લાખો ભવ્ય જીવો પોતાનું આત્મહિત સાધવા ઉત્સુક બન્યા; જેના કારણે સોનગઢ એક અધ્યાત્મ અતિશય તીર્થક્ષેત્ર સુવર્ણપુરી તરીકે વિશ્વપ્રસિદ્ધ બન્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવના ઉદયે સુવર્ણપુરીમાં સ્વાધ્યાયમંદિર, જિનમંદિર, સમવસરણ મંદિર, માનસ્તંભ, પ્રવચન મંડપ, પરમાગમ મંદિર, નંદીશ્વર જિનાલય આદિ ભવ્ય જિનાયતનોની રચના થઈ, પૂજ્ય ગુરુદેવશ્રીનાં અનન્ય ભક્ત સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને મુનિ ભગવંતો તથા મહાપુરુષોના જીવન પ્રત્યે ઘણું જ આકર્ષણ અને ભક્તિ હતી. તે દ્વારા તેઓ પોતાના જીવનમાં સંવેગ-વૈરાગ્યભાવનાને વૃદ્ધિગંત કરતા હતાં. તેઓ મુખ્યપણે રાત્રિની મહિલાસભામાં પણ મહાપુરુષો અને સતીઓના જીવનના પ્રસંગો ખૂબ જ આર્દ્રભાવે દર્શાવતા હતાં, તે પ્રસંગોમાંથી કેટલાક પ્રસંગો જેમાં મુનિરાજોના માર્ગનું મહત્વ આવે, તથા જે આત્માર્થીઓને આત્માર્થનું કારણભૂત હોય, તે પોતાના પ્રથમાનુયોગના શાસ્ત્રજ્ઞાનના આધારે સુવર્ણપુરીના આયતનોની દિવાલ પર પૌરાણિક ચિત્રરૂપે કોતરાવતાં અને દોરાવતાં હતા. જેનાથી આયતનોની શોભા ઘણી જ વધી ગઈ. તથા આયતનોનાં દર્શન કરનાર ભાવિકજનોને વિવિધ પુરાણ આધારિત કથાઓ દ્વારા પોતાની સંવેગાદિ ભાવનાઓમાં વૃદ્ધિ કરવાનો લાભ પ્રાપ્ત થયો.

કેટલાક મુમુક્ષુઓની ભાવનાને લક્ષમાં લઈને સોનગઢથી પ્રકાશિત થતા હિન્દી આત્મધર્મમાં પૂજ્ય બહેનશ્રીની વીતરાગી મહાપુરુષો પ્રતિનો આદર, શ્રદ્ધા, ભક્તિ જોઈ મુમુક્ષુઓમાં પણ એ ભાવ ઉતરી આવે તેથી આ ચિત્રોને અનુલક્ષીને પુરાણોમાંથી કથાઓ આપવાનું બાળવિભાગમાં શરૂ કરવામાં આવ્યું હતું. ભવ્ય સાધકજીવોની આ કથાઓ વાંચતાં કેટલાક મુમુક્ષુઓએ આ કથાઓ સચિત્ર પુસ્તકરૂપે બહાર પાડવાની માગણી કરી હતી. જેના ફળસ્વરૂપે સ્વાધ્યાયમંદિરમાં આલેખાયેલા ચિત્રો અંગેની 'જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૧'નું રંગીન સચિત્ર પુસ્તક પ્રકાશિત થઈ ચૂકેલ છે, તે મુજબ હાલ સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી જિનમંદિરમાં આલેખાયેલા ચિત્રો પૈકી નવ કથાઓનું "જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ—૨"નામનું આ રંગીન સચિત્ર પુસ્તક પ્રકાશિત કરવામાં આવે છે. આગળ જતાં અન્ય મંદિરોમાં આલેખાયેલાં ચિત્રોના

આધારે પણ કથાઓનાં આવાં જ પુસ્તકો પ્રકાશિત કરવાની શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢની ભાવના છે.

આ પુસ્તકમાં જરૂર જણાઈ ત્યાં મૂળ કથાની હકીકત અને હાર્દને યથાવત રાખી ભાષામાં સામાન્ય ફેરફારો કર્યા છે. આ પૌરાણિક કથાઓનું પુસ્તક હોવાથી જે તે આયતનોમાં પૂજ્ય ગુરુદેવશ્રી સંબંધિત જે ચિત્રો છે તેમનો આમાં સમાવેશ કરેલ નથી. ભવિષ્યમાં દરેક આયતનોમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રો સંકલિત કરી તેમના જીવન વિષે એક સચિત્ર પુસ્તક પ્રકાશિત કરવાની યોજના છે.

આ પુસ્તક તૈયાર કરવામાં બા.બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહ વઢવાણવાળાએ પ્રૂફ સંશોધન તથા ઉપયોગી માર્ગદર્શન આપેલ છે તેથી તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે. આ પુસ્તકના સુંદર ચિત્રો શ્રી જયદેવભાઈ અગ્રાવતે બનાવેલ છે તથા આ પુસ્તકનું આકર્ષક છાપકામ કહાન મુદ્રણાલય દ્વારા કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં કથાઓ ટૂંકાણમાં જિનમંદિરમાં આલેખાયેલ ચિત્રો મુજબ વિગતોની મર્યાદામાં આપવામાં આવેલ છે વિશેષ અભ્યાસ માટે જિજ્ઞાસુઓએ જૈનધર્મના પુરાણોનો અભ્યાસ કરવો આવશ્યક છે. આશા છે કે મુમુક્ષુ સમાજને આ સચિત્ર કથા પુસ્તિકા મહાપુરુષો પ્રતિ પોતાની ભાવના, ભક્તિ, આદરરૂપ સહજ જીવન ઘડવામાં કાર્યકારી નિવડશે.

શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિર<br>
પ્રતિષ્ઠાની માસિક તિથિ,<br>
**૧૧મી બાલ સંસ્કાર શિબિર,**<br>
સોનગઢ-(સૌરાષ્ટ્ર)<br>
તા. ૨૬-૧૨-૨૦૧૧

**સાહિત્યપ્રકાશનસમિતિ**<br>
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**<br>
**સોનગઢ-(સૌરાષ્ટ્ર)**

# અનુક્રમણિકા





ભગવાન શાન્તિનાથનો પૂર્વભવ
મેઘરથકુમાર
Page No : 11





ભગવાન મહાવીર
Page No : 30


ઋદ્ધિવંત મુનિ ભગવંતો
Page No : 37





ભગવાન નમિનાથનો વૈરાગ્ય
Page No : 45






ઋષભદેવને પૂર્વભવમાં
સમ્યક્ત્વની પ્રાપ્તિ
Page No : 54







જમ્બૂસ્વામીનો પૂર્વભવ
રાજકુંવર શિવકુમાર
Page No : 60


દેવકીના ભવ્ય પુત્રો
Page No : 66


જ્ઞાનીઓ દ્વારા
દેવ-ગુરુની ભક્તિ
Page No : 84


સીમંધર ભગવાનનો
તપકલ્યાણક મહોત્સવ
Page No : 97



પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

# શ્રી સીમંધર ભગવાન-સ્તવન

(શ્રી સીમંધરસ્વામી જિનમંદિરની પ્રતિષ્ઠા સમયે પંડિતશ્રી હિંમતલાલ જે શાહ દ્વારા રચિત)

(ગાજે પાટણપુરમાં–એ રાગ)

સુંદર સ્વર્ણપુરીમાં સ્વર્ણ–રવિ આજે ઊગ્યો રે,
ભવ્યજનોના હૈયે હર્ષાનંદ અપાર,
શ્રી સીમંધર પ્રભુજી પધાર્યા છે અમ આંગણે રે.......૧

(વસંતતિલકા)

નિર્મૂળ મોહ કરીને પ્રભુ નિર્વિકારી,
છે દ્રવ્યભાવ સહુના પરિપૂર્ણ સાક્ષી;
કોટિ સુધાંશુ કરતાં વધુ આત્મશાન્તિ,
કોટિ રવીંદ્ર કરતાં વધુ જ્ઞાનજ્યોતિ.

જેની મુદ્રા જોતાં આત્મસ્વરૂપ લખાય છે રે,
જેની ભક્તિથી ચારિત્રવિમળતા થાય,
એવા ચૈતન્યમૂર્તિ પ્રભુજી અહો ! અમ આંગણે રે. સુંદર૦ ૨

'સદ્ધર્મવૃદ્ધિ વર્તો' જયનાદ બોલ્યા,
શ્રી કુન્દના વિરહતાપ પ્રભુ નિવાર્યા;
સપ્તાહ એક વરસી અદ્‌ભુત ધારા,
શ્રી કુન્દકુન્દ હૃદયે પરિતોષ પામ્યા.

જેની વાણી ઝીલી કુન્દપ્રભુ શાસ્ત્રો રચ્યાં રે,
જેની વાણીનો વળી સદ્‌ગુરુ પર ઉપકાર,
એવા ત્રણ ભુવનના નાથ અહો ! અમ આંગણે રે. સુંદર૦ ૩

પૂર્વજ્ઞ છે ગણધરો પ્રભુપાદપદ્મે;
સર્વજ્ઞ કેવળી ઘણા પ્રભુના નિમિત્તે;
આત્મજ્ઞ સંતગણના હૃદયેશ સ્વામી,
સીમંધરા! નમું તને શિર નામી નામી.

જેના દ્વારા જિનજી આવ્યા, ભવ્યે ઓળખ્યા રે,
તે શ્રી કાનગુરુનો પણ અનુપમ ઉપકાર,
નિત્યે દેવ-ગુરુનાં ચરણકમલ હૃદયે વસો રે. સુંદર૦ ૪

# ✻ ભરતક્ષેત્રમાં સીમંધરયુગ ✻



વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)માં પ્રતિષ્ઠિત

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીને ગિરનારની યાત્રા સમયે ગિરનારમાં ઉછળેલી જિનેન્દ્રભક્તિ પછી સુવર્ણપુરીમાં શ્રી જિનેન્દ્રભગવંતોની પધરામણીના મંગલ એંધાણ શરૂ થઈ ગયાં. શ્રી નાનાલાલભાઈ વગેરે જસાણી ભાઈઓ તરફથી વિદેહીનાથ શ્રી સીમંધરભગવાનનું નવુ ભવ્ય જિનમંદિર બંધાવા માંડ્યું. જોકે ભક્તોના હૃદયમંદિરમાં સીમંધરનાથની ભાવરૂપે મંગલ પધરાણી તો પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાન દ્વારા, વિ. સં. ૧૯૯૩થી થઈ ચૂકી હતી, ગત પૂર્વભવમાં પ્રાપ્ત થયેલ તે વિદેહીનાથના સમવસરણમાં દિવ્યધ્વનિના શ્રવણરૂપ પવિત્ર સમાગમ તથા દિવ્યધ્વનિમાં આવેલ પૂજ્ય ગુરુદેવના ભૂત તેમજ ભાવિ ભવોનું વૃતાંત વગેરે અનન્ય ઉપકારોના અહોભાવથી નૂતન દિગંબર જિનમંદિરમાં મૂળનાયકરૂપે શ્રી સીમંધરભગવાનની મંગલ પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૯૭, ફાગણ સુદ ૨ ને શુક્રવારના શુભ દિને થઈ. અહા! ત્યારથી આપણા આ ભરતક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામીના મંગલ યુગનો પ્રારંભ થયો. શ્રી સીમંધરપ્રભુ પ્રત્યે ગુરુદેવશ્રીને અપાર ભક્તિભાવ હતો. કોઈ વખત સીમંધરનાથના વિરહે પરમ ભક્તિવંત ગુરુદેવનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહી જતી.

પ્રતિષ્ઠામહોત્સવના આઠેય દિવસ પૂજ્ય ગુરુદેવશ્રીના મુખારવિંદમાંથી ભક્તિરસભીની જે અલૌકિક વાણી છૂટતી હતી—ભક્તિરસનો જે અપૂર્વ ધોધ વહ્યો હતો—તેનો આશ્ચર્યમુગ્ધ અહોભાવ તો શ્રોતાઓના મનોમંદિરમાં કોતરાઈ ગયો હતો. વિખૂટા પડેલા સીમંધરભગવાનનો (ભલે સ્થાપના અપેક્ષાએ) ભેટો થવાથી પૂજ્ય ગુરુદેવને કોઈ અસાધારણ આનંદોત્સાહ હતો. પ્રતિષ્ઠા પહેલાં શ્રી સીમંધરનાથની પ્રતિમાના પ્રથમ દર્શને પૂજ્ય ગુરુદેવશ્રીની આંખોમાંથી વિરહવેદનનાં આંસુ વહ્યાં હતાં.

હજુ તો પ્રતિષ્ઠા થઈ પણ નહોતી તોપણ પૂજ્ય ગુરુદેવશ્રી સીમંધરભગવાનની જિનપ્રતિમા પાસે જઈને બેસતા અને પ્રભુની ઉપશમમુદ્રા નિરખીને અતિ ભક્તિભાવથી ગાતા :

'અમીયભરી મૂરતી રચી રે, ઉપમા ન ઘટે કોઈ,
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય;

સીમંધરજિન! દીઠા લોયણ આજ; મારાં સિધ્યાં વાંછિત કાજ,
સીમંધરજિન! દીઠા લોયણ આજ.

મંદિરમાં સીમંધરનાથના મંગળ પ્રવેશ વખતે ગુરુદેવશ્રીને ભક્તિરસની એવી ખુમારી ચઢી ગઈ કે તેમનો આખો દેહ ભક્તિરસના મૂર્તસ્વરૂપ જેવો શાન્ત-શાન્ત ભાસવા લાગ્યો. ગુરુદેવશ્રીથી સાષ્ટાંગ પ્રણમન થઈ ગયું અને ભક્તિરસમાં અત્યંત એકાગ્રતાને લીધે દેહ એમ ને એમ થોડી ક્ષણ સુધી નિશ્ચેષ્ટપણે પડી રહ્યો. ભક્તિનું આ અદ્‌ભુત પાવન દૃશ્ય, પાસે ઊભેલા મુમુક્ષુઓથી જીરવી શકાતું નહોતું; તેમના નેત્રોમાં અશ્રુ ઊભરાયાં અને ચિત્તમાં ભક્તિ ઊભરાઈ. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના પવિત્ર હસ્તે પ્રતિષ્ઠા પણ, ભક્તિભાવમાં જાણે દેહનું ભાનભૂલી ગયા હોય એવા, અપૂર્વભાવે કરાવી હતી.

જિનેન્દ્રદેવની મંગલ પધરામણી થતાં, બપોરના પ્રવચન પછી પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં જિનમંદિર મધ્યે પ્રતિદિન પોણો કલાક ભક્તિ થતી. પ્રવચન સાંભળતાં આત્માના તેમજ મોક્ષમાર્ગના મૂળ ઉપદેશક વીતરાગ જિનેન્દ્રભગવંતનું માહાત્મ્ય હૃદયમાં સ્ફુર્યું હોય, જેથી તુરત જ જિનમંદિરમાં ભક્તિ કરતાં વીતરાગદેવ પ્રત્યે પાત્ર જીવોને અદ્‌ભુત ભક્તિભાવ ઉલ્લસતો. આ રીતે જિનમંદિર જ્ઞાન ને ભક્તિના સંગમનું સુંદર નિમિત્ત બન્યું.

## ❋ જિનમંદિર વિસ્તૃતિકરણ ❋







પ્રતિદિન વૃદ્ધિગત પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવને લીધે ભારત-ભરના જિજ્ઞાસુઓની સોનગઢમાં 'અવર-જવર' ખૂબ જ વધતી ચાલી, દર્શન-પૂજન-ભક્તિ માટે જિનમંદિર નાનું પડવા લાગ્યું, એટલે તેના વિસ્તૃતિકરણ માટે વિ. સં. ૨૦૧૨(ઈ.સ. ૧૯૫૫)ના કારતક વદ પાંચમે, પૂજ્ય ગુરુદેવશ્રીના મંગળ હસ્તે ઈંટો પર સ્વસ્તિક અંકન કરાવીને આનંદોલ્લાસપૂર્વક શિલાન્યાસ થયું. વિસ્તૃતિકરણ થયેલ ભવ્ય જિનમંદિરના ઉપરના ભાગમાં શ્રી નેમિનાથ ભગવાનની પુનઃ વેદીપ્રતિષ્ઠા વિ. સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૬), કારતક સુદ ૧૨ના શુભ દિને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીની તત્કાલીન ઉંમરના ઉપલક્ષમાં ૬૮ ફૂટ ઉન્નત જિનમંદિરના શિખર ઉપર કળશ અને ધ્વજની ભવ્યતા એવી શોભે છે કે જાણે પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશ્વચુંબી પ્રભાવનોદય ફરકતો હોય! તેમાં મુખ્યપણે પૂજ્ય બહેનશ્રીએ પોતાની ભાવનાથી ચિત્રો બનાવડાવ્યા હતાં. તેમાંથી પૌરાણિક કથાઓ સંબંધિત આ પુસ્તક છે. જે આપણી આત્માર્થિતાને સંવેગ તથા વૈરાગ્યમય બનાવે તે ભાવના સહ.

### ભગવાન શાન્તિનાથનો પૂર્વભવ

# મેઘરથકુમાર

(મેઘરથકુમારના પિતા ઘનરથકુમાર હતા. પ્રથમ તેમની કથા વર્ણવીને ત્યારબાદ મેઘરથકુમારની કથા વર્ણવવામાં આવશે.)

જમ્બૂવૃક્ષથી સુશોભિત એવા જંબૂદ્વીપના પૂર્વવિદેહક્ષેત્રમાં પુષ્કલાવતી નામનો દેશ આવેલો છે. ત્રણ જ્ઞાનના ધારક દેવો પણ મોક્ષપદ પ્રાપ્ત કરવા તે દેશમાં જન્મ લેવા અતિ ઉત્સુક હોય છે. તે દેશમાં ધર્મપિપાસુ ભવ્ય જીવોને ધર્મોપદેશ આપવા માટે તથા ત્યાંના તીર્થોની યાત્રા કરવા માટે ધીર-વીર દયાળુ મુનિરાજો સદા વિહાર કરતા રહે છે. તે દેશમાં જિનાલય વગરનાં કોઈ દ્વીપ, ગ્રામ, નગર(કર્વટ) તથા શહેર નથી. ત્યાં ભોગોપભોગથી પરિપૂર્ણ પુણ્યશાળી અનેક શલાકા પુરુષો જન્મ ધારણ કરતા રહે છે, જેમને દેવો-મનુષ્યો સર્વે નમસ્કાર કરે છે. હંસ વગેરે ઉત્તમ પક્ષીઓથી શોભાયમાન તથા નિર્મળ જળથી ભરેલાં મનોહર તળાવો, વાવડીઓ, નદીઓ અને કૂવા ચારે દિશાઓની શોભા વધારી રહ્યા છે. વૃક્ષોની નીચે ધ્યાન ધારણ કરતા મુનિરાજો બિરાજી રહ્યા છે જે કલ્પવૃક્ષ સમાન શોભી રહ્યા છે. ત્યાં ઠેર ઠેર દેવો, વિદ્યાધરો અને ભૂમિગોચરી મનુષ્યો દ્વારા પૂજ્ય તીર્થંકર અને ગણધરોની ઉત્તમ નિર્વાણભૂમિઓ વિદ્યમાન છે તથા તે દેશમાં શ્રી જિનેન્દ્રદેવે ઉપદેશેલો આદિ-અંત રહિત, હિંસાથી રહિત તથા સર્વજીવોનું હિત કરવાવાળો ધર્મ સદા વિદ્યમાન રહે છે. જે પ્રમાણે શરીરના મધ્યભાગમાં નાભિ હોય છે, તે પ્રમાણે ઉપરોક્ત ગુણોથી પરિપૂર્ણ તે દેશના મધ્યભાગમાં પુંડરીકિણી નામની નગરી આવેલી છે.

તે નગરી સોના અને રત્નોના બનેલા શાશ્વત કોટ અને તેના ઊંચા દરવાજાઓથી સદા શોભી રહી છે. ધર્માત્મા સ્ત્રી-પુરુષોથી ભરેલા તે નગરમાં ધર્મનાં ઉપકરણો તથા સોના અને માણેક વગેરેથી બનેલા અનેક પ્રકારનાં જિનેન્દ્રદેવનાં જિનબિંબો શોભી રહ્યાં છે. દેવો પણ તે જિનેન્દ્રદેવોની ઉપાસના કરે છે. તે જિનાલયો ગીત, નૃત્ય, વાદ્ય તથા સ્તુતિના અવિરામ શબ્દોથી સદાય ગુંજી રહ્યાં છે. ત્યાં માત્ર પુણ્યશાળી મનુષ્યો જ પોતાના સંચિત પુણ્યોના ફળ ભોગવવા માટે શ્રેષ્ઠ કુળોમાં જન્મ લે છે. પાપી જીવો ત્યાં જન્મતા જ નથી. ઘણા પુણ્યશાળી જીવો અનેક પ્રકારના ભોગો ભોગવતા થકા પણ દાન, પૂજા, તપ અને વ્રતોનું પાલન કરી મહાપુણ્ય ઉપાર્જન કરે છે. આ નગરીમાં અનેક તીર્થંકરો, ગણધરો, કેવળજ્ઞાનીઓ તથા ધીર-વીર ચરમશરીરી મુનિરાજો થતા રહે છે. જેમની ચક્રવર્તી તથા વિદ્યાધરો પૂજા કરે છે. આ પ્રમાણે અનેક ગુણોથી ભરપૂર તે નગરીમાં અનેક રાજાઓના શિરોમણિ ઘનરથ નામના તીર્થંકર રાજ્ય કરતા હતા. તેમના જન્મ પહેલાં જ કુબેરે તેમના પિતાના ગૃહ-પ્રાંગણમાં પંદર માસ સુધી રત્નોની વૃષ્ટિ કરી હતી. તેમના ગર્ભાવતરણ સમયે ઈન્દ્રે દેવ-દેવીઓ સાથે આવીને તેમના માતા-પિતાની પૂજા તથા સ્તુતિ કરી હતી. તેમનો જન્મ થતાં જ સૌધર્મ



ઇન્દ્રાદિક દેવો ઘનરથ તીર્થંકરનો જન્મકલ્યાણક ઉત્સવ ઉજવી રહ્યા છે.

ઈન્દ્ર, અનેક ઈન્દ્રો અને દેવો તેમને સુદર્શન મેરુ પર્વત પર લઈ ગયા હતા. તથા અત્યંત ભક્તિપૂર્વક ક્ષીરસાગરના જળથી તેમનો અભિષેક કર્યો હતો.

તેમની બાલ્યાવસ્થામાં શચી ઈન્દ્રાણીએ સ્વર્ગમાં ઉત્પન્ન થયેલા વસ્ત્રો, માળા, આભૂષણો આદિ ઉત્તમ પદાર્થોથી તેમને વિભૂષિત કર્યા હતા. તે તીર્થંકરનું સુંદર રૂપ જોઈને ઈન્દ્રને પણ ઘણું આશ્ચર્ય થયું હતું. તે રૂપને નીરખવા એક હજાર નેત્રો બનાવ્યા છતાં ઈન્દ્રને તૃપ્તિ થતી નહોતી, કારણકે તેમનું રૂપ મહાદિવ્ય હતું. તેમના શરીરમાં પ્રસ્વેદ આદિ મળ જન્મથી જ ઉત્પન્ન થતા નહોતા. દૂધ સમાન સફેદ તેમનું રક્ત હતું. તેમનું શરીર સમચતુરસ્ર સંસ્થાન યુક્ત હતું તથા વજ્રમય હાડથી બનેલું તેમનું શરીર વજ્રસમાન મજબૂત હતું. તેમનું શરીર સંપૂર્ણ પુણ્યરૂપ પરમાણુઓથી બનેલું હોવાથી ઉત્તમ—સુંદર હતું. તેમના શ્વાસમાં એટલી સુગંધ હતી કે સર્વ દિશાઓમાં તેમની સુગંધ વિસ્તરતી હતી. તેમનું શરીર મહાદિવ્ય લક્ષણોથી અને વ્યંજનોથી યુક્ત હતું. શુક્લધ્યાનને યોગ્ય અમર્યાદિત મહાવીર્ય હતું. તેમની વાણી શુભ, પ્રિય અને સર્વ જીવોનું હિત કરવાવાળી મધુર હતી. જન્મથી જ તેમના શરીરમાં ઉપરોક્ત દસ અતિશય પ્રગટ થયા હતા તથા યુવાવસ્થામાં જ્યારે તે ધીર-વીર રાજગાદી પર આસીન થયા ત્યારે દેવ, વિદ્યાધર સર્વે તેમની સેવા કરતા હતા, તો પછી અન્ય રાજાઓની તો વાત જ શું થાય? તે ભગવાન સ્વર્ગમાં ઉત્પન્ન થયેલા ગીત, નૃત્ય, આભૂષણ, વસ્ત્ર વગેરે ઉત્તમ ભોગો વડે પ્રતિદિન સુખનો અનુભવ કર્યા કરતા હતા. આ સંસારમાં તે ઘનરથ તીર્થંકરના સમસ્ત ઈન્દ્રિયોને તૃપ્ત કરવાવાળા સુખની સમાન અન્ય કોનું સુખ હોઈ શકે?

તે તીર્થંકર રાજા ઘનરથને મનોહરા નામનાં રાણી હતાં. જે ગુણવાન, સૌભાગ્યવાન, પુણ્યવાન એવા અનેક લક્ષણોથી સુશોભિત હતાં.

તે રાણીને પુણ્યના ઉદયથી ગ્રૈવેયકથી ચ્યવીને 'મેઘરથ' નામનો પુત્ર પ્રાપ્ત થયો હતો તથા ઘનરથ તીર્થંકરની મનોરમા રાણીને પુણ્યના ઉદયથી બીજા ગ્રૈવેયકથી ચ્યવીને 'દઢરથ' નામનો પુત્ર જન્મ્યો હતો. 'દઢરથ'ના આગમનથી પ્રસન્ન થઈને પિતા ઘનરથે સર્વે ભાઈ-બાંધવો સાથે મોટો ઉત્સવ કરી તે બંને પુત્રોની ઉપાસકાદિ સર્વે ક્રિયાઓ કરી હતી. તે બંને પુત્રોએ પોતાના પરિવાર સાથે જિનાલયમાં જઈને મોટી વિભૂતિ સાથે જિનેન્દ્ર ભગવાનનો મહા અભિષેક તથા પૂજન કર્યું હતું. તેઓ ચંદ્રમાની જેમ વૃદ્ધિ પામતા હતા. તે બંને ભાઈઓ બાલ્યાવસ્થા વીતાવી માતા-પિતાને આનંદિત કરતા હતા તથા કુમાર અવસ્થા પ્રાપ્ત કરીને સર્વેને પ્રિય થઈ ગયા હતા. તે બંનેએ થોડા જ સમયમાં રાજનીતિ, શસ્ત્રવિદ્યા તથા જૈન સિદ્ધાન્તનું રહસ્ય હૃદયંગમ કરી લીધું હતું તેમજ પુણ્યકર્મના ઉદયથી અનુક્રમે યૌવન, સદ્‌ગુણ, લક્ષ્મી, કલા, બુદ્ધિ તથા કાન્તિ વગેરેથી એકસાથે શોભાયમાન થઈ ગયા હતા. તેમનો યશ સંસારમાં ફેલાઈ ગયો હતો. તેઓ ન્યાયમાર્ગમાં લીન હતા, પૂજ્ય, દાની તથા શ્રી જિનેન્દ્રદેવના ચરણકમળોના ભક્ત હતા તથા નિર્ગ્રંથ ગુરુઓના સેવક-ઉપાસક હતા. તેઓ સુશીલ, ધર્માત્મા, વિદ્યા અને વિનયના પારગામી હતા. અનેક રાજાઓ તેમની સેવા કરતા હતા, તેથી તેઓ ઈન્દ્ર-પ્રતીન્દ્ર સમાન શોભતા હતા. આગલા ભવોનું નિરૂપણ કરનાર તથા તત્ત્વોને પ્રત્યક્ષ પ્રગટ કરવાવાળું અનુગામી અવધિજ્ઞાન માત્ર મેઘરથને જ હતું. દઢરથને નહોતું. તે બંને ભાઈઓ યૌવન અવસ્થાને પ્રાપ્ત થઈ ગયા, તથા અન્ય સર્વ ઐશ્વર્યને પણ પ્રાપ્ત કરી ચૂક્યા હતા, તેથી મદોન્મત્ત હાથી સમાન તેમને જોતાં તેમના પિતા રાજા ઘનરથને તેમના લગ્ન કરવાની ચિંતા થવા લાગી. તેમણે મોટા પુત્ર મેઘરથનાં લગ્ન પ્રિયમિત્રા સાથે તથા નાના પુત્ર દઢરથનાં લગ્ન સુમતિ નામની સુલક્ષણા કન્યા સાથે કરાવ્યાં.


ધનરથ તીર્થંકર પુત્ર-પૌત્ર વગેરેથી વીંટળાયેલા રહીને સર્વ પ્રકારની સુખ સામગ્રીઓનો ઉપભોગ કરતા થકા ઈન્દ્ર જેવી લીલા કરતા થકા સિંહાસન પર બિરાજમાન હતા. એકવાર કુમાર મેઘરથની રાણી પ્રિયમિત્રાની દાસી સુષેણા ધનકુંડ નામના એક કૂકડાને લઈને આવી તથા બધાને દેખાડીને કહેવા લાગી—'જેનો કૂકડો અમારા કૂકડાથી જીતી જશે તેને એક હજાર મુદ્રાઓ ઈનામ આપીશ! સુષેણાની આ વાત સાંભળી નાની રાણી (દૃઢરથની પત્ની સુમતિ)ની દાસી કાંચના પોતાનો વજ્રકુંડ નામનો કૂકડો ધનકુંડ સાથે લડાવવા માટે લાવી.

આવા જીવોને પરસ્પર લડવાથી બંનેને દુઃખ થાય છે. જોવાવાળાને તે હિંસામાં આનંદ આવે તો રૌદ્ર-ધ્યાન થાય છે. રૌદ્ર-ધ્યાનથી મહાપાપ થાય છે અને પાપથી નરકગતિની પ્રાપ્તિ થતાં ભયંકર દુઃખો સહન કરવા પડે છે, તેથી લોકોએ આવી લડાઈ જોવી તે પણ અયોગ્ય છે.


ઉપરોક્ત વાતને સ્મરણ કરીને ધનરથ તીર્થંકર ભવ્યજીવોને સમજાવવા માટે તથા પોતાના પુત્રનો મહિમા પ્રગટ કરવા માટે પોતાના પુત્ર-પૌત્રાદિકો સાથે ઈચ્છા વગર—રસ વગર તે બંને કૂકડાની લડાઈ જોઈ રહ્યા. તે બંને કૂકડા પૂર્વ-જન્મના વેરને કારણે, પરસ્પર ક્રોધપૂર્વક આશ્ચર્ય ઉત્પન્ન કરવાવાળું તથા દુઃખનું કારણ એવું, ઘોર યુદ્ધ કરવા લાગ્યા. આ બનાવ વખતે જ ધનરથ તીર્થંકરે પોતાના પુત્ર મેઘરથને પૂછ્યું? આ બંનેનું યુદ્ધ શા માટે થઈ રહ્યું છે? શું આગલા જન્મની શત્રુતા આનું કારણ છે? પિતાની આ વાત સાંભળી અવધિજ્ઞાની મેઘરથ સર્વજીવોને હિતકારક, કર્ણપ્રિય મધુરવાણીમાં કહેવા લાગ્યા. હે આત્મીયજનો! મનને સ્થિર કરીને સાંભળો, હું આ બંને કૂકડાના આગલા જન્મોની શત્રુતાની કથા કહું છું.

## કૂકડાના પૂર્વભવોની કથા

આ જમ્બૂદ્વીપના ઐરાવતક્ષેત્રના રત્નપુર નગરમાં બે વૈશ્ય ભાઈઓ હતા, બંને મૂર્ખ હતા તથા ગાડાં હાંકવાનું કામ કરતા હતા. તેમનાં નામ




ઘનરથ તીર્થંકર ઉદાસીનભાવે પોતાના પુત્ર-પૌત્રાદિ તથા સભાજનો સાથે કૂકડાની લડાઈ જોઈ રહ્યા છે.




કૂકડા પોતાના પૂર્વભવ મેઘરથકુમારના ઉપદેશથી જાણીને વ્યંતર જાતિના દેવ થાય છે.


ભદ્ર અને ધન હતાં. એકવાર તે બંને નિર્દયી ભાઈઓ શ્રીનદીના કિનારે પરસ્પર લડવા લાગ્યા. તે લડાઈ દરમિયાન તેઓ એકબીજાને ભારે ઈજા પહોંચાડવા લાગ્યા. એકબીજા દ્વારા કરવામાં આવેલી અસહ્ય ઈજાઓથી તે ઘણા જ દુઃખી થયા અને લડતાં લડતાં જ બંને મૃત્યુ પામ્યા. તે બંને ભાઈઓ આર્તધ્યાનરૂપી મહાપાપથી મૃત્યુ પામી કાંચન નદીના કિનારે શ્વેતવર્ણ તથા તામ્રવર્ણ નામના હાથી થયા. તે બંને હાથી અત્યંત ક્રોધી, મદોન્મત્ત, બળવાન તથા પૂર્વજન્મની શત્રુતાથી ભરેલા હતા. જે ક્રોધી હોય તેમની શું ગતિ થાય? ત્યાં પણ પૂર્વજન્મના સંસ્કારથી તે બંને હાથી ક્રોધિત થઈ પરસ્પર લડવા લાગ્યા અને પોતાના મજબૂત દાંતોથી એકબીજાને ભારે ઘા આપવા લાગ્યા તથા પરસ્પર એકબીજાના ઘાથી દુઃખી થઈ બંને મૃત્યુ પામ્યા. તે બંને ભાઈ મરણ પામી પાપકર્મના ઉદયથી અયોધ્યા નગરના નંદિમિત્ર નામના ગોવાળને ત્યાં પાડા થઈને અવતર્યા. ત્યાં પણ પૂર્વજન્મના વેરના સંસ્કારથી બંને પરસ્પર દુઃખ દેવાવાળી લડાઈ કરવા લાગ્યા. ઘણા કાળ સુધી તેઓ પરસ્પર એકબીજાને શીંગડાથી ઘા આપી ઘાયલ કરતા રહ્યા અને અંતે લડતાં લડતાં બંને મૃત્યુ પામ્યા. તેઓ બંને મરીને તે જ નગરના રાજપુત્રો શક્તિસેન અને વરસેનને ત્યાં વજ્ર જેવા મજબૂત મસ્તકવાળા ઘેટા થયા. ત્યાં પણ પૂર્વજન્મના ક્રોધને કારણે ઘણા દિવસો સુધી તેઓ પરસ્પર લડતા રહ્યા અને અંતે પાપકર્મના ઉદયથી મરીને આ કૂકડા થયા છે, તેથી હે પિતાશ્રી! તે નક્કી છે કે આગલા જન્મના સંસ્કારથી મનુષ્યોની શત્રુતા તથા મિત્રતા અનેક ભવો સુધી બરાબર સાથે ચાલતી આવે છે, તેથી હે પિતાશ્રી! બુદ્ધિમાન લોકોએ પ્રાણોનો નાશ થવા છતાં પણ કોઈ દીન-હીન સાથે દુઃખદાયક વેર ક્યારેય ન બાંધવું જોઈએ. આ પ્રમાણે વિદ્વાન મેઘરથે તે બંને કૂકડાઓના પૂર્વજન્મોની કથા કહીને સભાસદોને આશ્ચર્યચકિત કરી દીધા અને સર્વની જિજ્ઞાસાને સંતુષ્ટ કરી.

ત્યારબાદ તે બંને કૂકડા પણ પાપકર્મના ઉદયથી પ્રાપ્ત અનેક પ્રકારના દુઃખો આપવાવાળી પૂર્વભવોની શત્રુતાનું વૃત્તાંત સાંભળી પોતાના અંતરમાં જ પોતાની નિંદા કરવા લાગ્યા. તે બંનેએ અનંત સુખદાયક વૈરાગ્ય ધારણ કરી પરસ્પર શત્રુતા છોડી અને જીવનપર્યંત શુભ વ્રત ઉપવાસ ધારણ કર્યા. તે બંનેએ પોતાની શક્તિ અનુસાર ક્ષુધા-તૃષા વગેરે પરિષહો સહન કર્યા તથા પોતાના અંતરમાં શ્રી જિનેશ્વરદેવનું સ્મરણ કરતા થકા ધર્મ-ધારણાપૂર્વક રહેવા લાગ્યા. તેઓએ પ્રતિદિનના કાય-ક્લેશથી શરીરને દુર્બળ કર્યું તથા શુભધ્યાનમય વિધિપૂર્વક પ્રાણોનો ત્યાગ કર્યો. જેના ફળમાં તે બંને કૂકડા ધર્મના પ્રભાવથી ભૂતારણ્ય તથા દેવારણ્યમાં તામ્રચૂલ તથા કનકચૂલ નામના ભૂત જાતિના વ્યંતર દેવ થયા.

## વિદ્યાધરોની કથા

ત્યારબાદ દઢરથે મેઘરથને પૂછ્યું આ બે કૂકડાની લડાઈ સમયે અનેક વિદ્યાઓમાં નિપુણ બે વિદ્યાધરો પણ આવીને બિરાજ્યા છે, તેઓ કોણ છે? અને આ સમયે અહીં શા માટે આવ્યા છે? તે આપ કૃપા કરી આપના જ્ઞાનના બળે જણાવો.

ત્યારે મેઘરથે જવાબ આપ્યો, હે કુમાર! હે પિતાશ્રી! હે સભાજનો આ વિદ્યાધરો જંબૂદ્વીપના ભરતક્ષેત્રની વિજયાર્ધની ઉત્તરશ્રેણીમાં આવેલા કનકપુર નામના નગરના ગરુડવેગ નામના રાજાના કુમારો છે. તે બંને વિદ્યાધરોનાં નામ દેવતિલક તથા ચંદ્રતિલક છે. મહાપ્રતાપી ધીર-વીર તથા મોક્ષગામી આ વિદ્યાધરો એકવાર જિનેન્દ્ર પ્રતિમાની વંદનાર્થે સિદ્ધકૂટ ચૈત્યાલયમાં ગયા હતા. ત્યાં આ બે વિદ્યાધરોએ ભગવાનની પૂજા-સ્તુતિ કરી નમસ્કાર કર્યા અને ધર્મશ્રવણ માટે ત્યાં બિરાજમાન બે ચારણમુનિઓની સમીપ પહોંચ્યા. તે બંને મુનિરાજો અવધિજ્ઞાની અને ચતુર હતા, તેથી દેવો પણ તેમની પૂજા કરતા હતા. આ બંને વિદ્યાધરોએ




બે વિદ્યાધર ભાઈઓ સિદ્ધકૂટ ચૈત્યાલયની વંદના કરીને
ચારણ ઋદ્ધિધારી મુનિરાજની વંદના, પ્રદક્ષિણા કરી પછી ઉપદેશ સાંભળે છે.

ઘણી ભક્તિથી તેમની ત્રણ પ્રદક્ષિણા કરી તેમને મસ્તક ઝુકાવી નમસ્કાર કર્યા તથા તેમની સમીપ જઈને બેસી ગયા. તેમાંથી મોટા મુનિએ તેમને સ્વર્ગ પ્રાપ્ત કરાવવાવાળા ગૃહસ્થધર્મનો અને મોક્ષના કારણરૂપ મુનિધર્મનો ઉપદેશ આપ્યો કે "આ ધર્મ જ સુખની ખાણ છે. મનુષ્યોને પરલોક માટે પાથેય (સાથે લઈ જવા યોગ્ય) છે, તથા આ જ ધર્મ પાપોનું નાશ કરવાવાળો ઉત્તમ છે." મુનિરાજ દ્વારા કહેવામાં આવેલા સંસારથી પાર કરવાવાળા ધર્મને સાંભળી બંને મુનિઓને નમસ્કાર કરી આ વિદ્યાધરોએ પોતાના પૂર્વભવ વિષે મુનિરાજને પૂછ્યું, હે ભગવાન! અમે આગલા જન્મમાં એવું કેવું તપ કર્યું હતું, વ્રતનું પાલન કર્યું હતું કે ભગવાનનું પૂજન કર્યું હતું, જેનાથી અમને બંનેને આ વિદ્યાધરોની વિભૂતિ પ્રાપ્ત થઈ છે! હે દેવ અમારા કલ્યાણાર્થે આ બધું કૃપા કરી બતાવો! આ વિદ્યાધરોની વિનંતીથી તે ચારણ મુનિરાજે આ કુમારોના પૂર્વભવનું વૃત્તાંત કહ્યું તે તમે સૌ ધ્યાનથી સાંભળો!

## વિદ્યાધરોના પૂર્વભવોની કથા

હે વિદ્યાધરો! હું જે કથા કહું છું તે તમે મન લગાવીને સાંભળો. ધાતકીખંડ દ્વીપના પૂર્વના મેરુપર્વતની ઉત્તર દિશા તરફ ઐરાવત ક્ષેત્રમાં તિલકપુર નામનું નગર છે. તે નગરમાં અભયઘોષ નામના ધર્માત્મા રાજા રાજ્ય કરતા હતા. તેમને શુદ્ધ અંતરવાળી સુવર્ણતિલકા નામની રાણી હતી. સુવર્ણતિલકા રાણીને બે પુત્રો હતા, તેમના નામ વિજય તથા જયંત હતા. તે બંને ભાઈઓ ધીર-વીર, શુભલક્ષણોથી સુશોભિત, નીતિવાન તથા પરાક્રમી હતા. તે જ દેશના વિજયાર્ધ પર્વતની દક્ષિણ શ્રેણીમાં મંદર નામનું એક નગર છે. તેમાં શંખ નામનો એક વિદ્યાધર રાજ્ય કરતો હતો, તેની રાણીનું નામ જયા હતું. તે બંનેને પૃથ્વીતિલકા નામની પુત્રી હતી. તે ઘણી જ સુંદર હતી. પુણ્યકર્મ કરવાવાળી તથા અનેક શ્રેષ્ઠ લક્ષણોથી સુશોભિત

હતી. પુણ્યોદયે તે પૃથ્વીતિલકા સાથે પણ અભયઘોષે લગ્ન કર્યાં હતાં. રાજા અભયઘોષ એક વર્ષ સુધી તે પૃથ્વીતિલકામાં ઘણો જ આસક્ત રહ્યો, તેથી પ્રથમ રાણી સુવર્ણતિલકા ઘણી જ દુઃખી થઈ. વસંતઋતુના સમયે એક દિવસે સુવર્ણતિલકાની દાસી ચંદ્રતિલકાએ રાજા અભયઘોષને કહ્યું, કે હે દેવ! રાણી સુવર્ણતિલકાનો બાગ ઘણો જ સુંદર તથા મનોહર છે. પુણ્યના ફળ સમાન તેમાં ઘણાં ફળો ઉપજ્યાં છે. આપ તે જોવા માટે ચાલો! દાસીની વાત સાંભળી રાણી સુવર્ણતિલકા પ્રત્યેના સ્નેહવશ જ્યારે રાજા તે બાગમાં જવા માટે તૈયાર થયો, ત્યારે પૃથ્વીતિલકાએ પોતાની વિદ્યાના બળે તે જ સમયે ત્યાં જ સર્વઋતુઓના ફળો-પુષ્પોથી ભરપૂર એક સુંદર બાગ બનાવી રાજાને દેખાડ્યો તથા રાજાને કહ્યું હે દેવ! આપ આ મનોરમ બાગને નિહાળો તથા કોઈ બીજી જગ્યાએ ન જાઓ! તે પ્રમાણે તે રાણીએ તે રાજાને અન્યત્ર જતાં રોક્યો, પરંતુ પૃથ્વીતિલકાની વાતનું ઉલ્લંઘન કરી રાજા સુવર્ણતિલકાનો




રાજા અભયઘોષ પૃથ્વીતિલકાના વિદ્યાથી ઉત્પન્ન કરેલા બાગમાં જવાનું છોડી રાણી સ્વર્ણતિલકા પાસે જાય છે.


બાગ જોવા માટે અવશ્ય ગયો. માન-ભંગ થવાના કારણે વિદ્યાધરી પૃથ્વીતિલકાને ઘણું જ દુઃખ થયું. તે વિચારવા લાગી—આ પરાધીન સ્ત્રીજાતિને ધિક્કાર છે. આ સ્ત્રી-પર્યાય જ દુઃખનું કારણ છે, આ પર્યાયમાં મોક્ષની પ્રાપ્તિ પણ થતી નથી. આ પર્યાય નિંદ્ય, અપવિત્ર તથા અશુભ છે. જે ભોગો સન્માન વિના ભોગવવામાં આવે છે, તે દુઃખનો સાગર છે તથા ચારે ગતિઓમાં પરિભ્રમણ કરાવનારા છે, તે સમસ્ત ભોગો આજે પૂરા થઈ ગયા. અર્થાત્ હવે હું તેને ભોગવવા ઇચ્છતી નથી. આ પ્રકારે ચિંતવન કરી તે વૈરાગ્ય માટે પ્રવૃત્ત થઈ તથા ગૃહ, ભોગો તથા પતિને છોડીને એક સાડી સિવાય અન્ય સર્વ પરિગ્રહોનો ત્યાગ કરીને સર્વ પ્રકારના સુખો આપવાવાળી ઉત્તમ દીક્ષા ધારણ કરી.

ત્યારબાદ એકવાર રાજા અભયઘોષે મધ્યાહ્ન સમયે ઘણી પ્રસન્નતાપૂર્વક દમવર નામના શ્રેષ્ઠ મુનિરાજનું પડગાહન કર્યું, તેથી તેમને શ્રેષ્ઠ ધર્મનું ઉપાર્જન થયું. જિનધર્મની ભાવના રાખવાવાળા તે રાજાએ અશુભકર્મોનો નાશ કરવા માટે દાતાના સાતે ગુણોથી વિભૂષિત થઈને ઘણી જ ભક્તિથી નવધાભક્તિની વિધિપૂર્વક તે મુનિરાજને પ્રાસુક, મિષ્ટ, સરસ તથા ઉત્તમ આહાર આપ્યો. તે સમયે ઉપાર્જન કરેલા પુણ્યના પ્રભાવથી રાજા અભયઘોષના મહેલમાં રત્ન-વૃષ્ટિ વગેરે પંચાશ્ચર્ય થયાં. પાત્રદાનના ફળથી આ લોકમાં ભારે વિભૂતિ પ્રાપ્ત થાય છે. તે જ પ્રકારે પરલોકમાં સ્વર્ગ-મોક્ષને આપવાવાળી અનેક પ્રકારની લક્ષ્મી પ્રાપ્ત થાય છે. દાનના પ્રભાવથી પ્રાપ્ત થયેલા પંચાશ્ચર્યોને જોઈને કાળલબ્ધિ પ્રાપ્ત થઈ જવાથી તે જ સમયે અભયઘોષ સંવેગને પ્રાપ્ત થયા, ત્યારે તે વિચારવા લાગ્યા કે અરે! જિન મુનિઓને આહારદાન દેવામાત્રથી જ મનુષ્ય ક્ષણમાત્રમાં જ દેવો દ્વારા પ્રગટ કરવામાં આવતી બહુમૂલ્ય લક્ષ્મીને પ્રાપ્ત કરે છે, તો તે ઉત્તમ મુનિઓના તપશ્ચરણના પ્રભાવથી સ્વર્ગ-મોક્ષ આદિ કેવી ઉત્તમ લક્ષ્મી

પ્રાપ્ત થશે! તે તો કલ્પનાતીત છે. પાપરૂપી સમુદ્રના મધ્યમાં રહેવાવાળી આ ગૃહસ્થદશામાં શું સિદ્ધ થઈ શકે? કારણ કે આ ગૃહસ્થદશામાં રહેલા મનુષ્યોને તો મોક્ષરૂપી સ્ત્રીનું મુખકમળ ક્યારેય જોવા મળતું નથી. તેનું કારણ એમ છે કે ગૃહસ્થ ક્યારેક-ક્યારેક દાન-પૂજાદિ દ્વારા થોડું પુણ્ય અવશ્ય સંપાદન કરી લે છે, પરંતુ તે હિંસાદિ પાપકાર્યોના સમુદ્રમાં ડૂબેલો રહેતો હોવાથી ઘણી જ ચિંતાઓથી ઘેરાયેલો રહે છે, તેથી તે ક્યારેય સુખી થઈ શકતો નથી; તેને સદા દુઃખો જ ભોગવવા પડે છે. ગૃહસ્થધર્મથી જ જો કલ્યાણ થઈ જતું હોત તો તીર્થંકર તેને છોડીને મોક્ષ પ્રાપ્ત કરવા માટે ગૃહસ્થની લૌકિક વિભૂતિઓ છોડીને શા માટે દીક્ષા અંગીકાર કરે? આ સંસારમાં માત્ર મુનિઓને જ અનેક પ્રકારના સુખો પ્રાપ્ત થાય છે, કારણ કે તેમનાં સુખો સર્વ પ્રકારની ચિંતાઓથી રહિત છે. આત્મા તથા તેના ધ્યાનથી પ્રગટ થાય છે. સંસારમાં તે જ મુનિઓ ધન્ય છે કે જે આત્માનંદરૂપી અંજુલીના પાત્ર દ્વારા હૃદયરૂપી ઘટમાંથી ધ્યાનરૂપી અમૃત કાઢીને સદા તેનું પાન કરે છે, તેથી હું એમ માનું છું કે આત્માથી પ્રગટ થયેલું ઉપમા રહિત પૂર્ણ સુખ તો વીતરાગી મુનિઓને જ હોય છે. અન્ય રાગી-દ્વેષી જીવોને તે સુખ ક્યારેય પ્રાપ્ત થતું નથી.

આ પ્રમાણે વિચાર કરી રાજા અભયઘોષે તુરત જ રાજ્યને તુચ્છ તૃણ સમાન જાણી તેનો ત્યાગ કર્યો. પોતાના બંને પુત્રો ને લઈને અનંગસેન ગુરુની સમીપે પહોંચ્યા ત્યાં જઈ રાજાએ ત્રણે લોકના હિતસ્વી તે મુનિરાજને નમસ્કાર કર્યા તથા તેમને ત્રણ પ્રદક્ષિણાઓ આપી. તે સર્વેએ બાહ્યાભ્યંતર બંને પરિગ્રહોનો ત્યાગ કર્યો તથા મોક્ષ પ્રાપ્તિ માટે પોતાના બંને પુત્રો સાથે એકાગ્ર ચિત્તથી સમસ્ત કર્મરૂપી તૃણને બાળવા માટે અગ્નિ સમાન સંયમ ધારણ કર્યો. ત્યારબાદ તે અભયઘોષ આદિ ત્રણે મુનિરાજ સ્વર્ગ-મોક્ષની લક્ષ્મીના ચિત્તને મોહિત કરવાવાળા બાર પ્રકારના ઘોર તપશ્ચરણ કરવા

લાગ્યા. મુનિરાજ અભયઘોષે સમ્યક્-દર્શનની વિશુદ્ધિ આદિ તીર્થંકરપદને આપનારી ષોડશકારણ ભાવનાઓનું ચિંતવન કર્યું. જે તીર્થંકરો અત્યાર સુધી થયા છે, વર્તમાનમાં છે તથા ભવિષ્યમાં થશે, તે સર્વે આ ભાવનાઓનું ચિંતવન કરીને જ થયા છે. જો માત્ર સમ્યગ્દર્શનની વિશુદ્ધિ પ્રાપ્ત થઈ જાય તો તે બળવાન ભાવના તીર્થંકર નામકર્મનો બંધ કરાવે છે; સમ્યગ્દર્શનની વિશુદ્ધિ વિના મનુષ્યોને ક્યારેય પણ તીર્થંકર



સંવેગ–વૈરાગ્યને પ્રાપ્ત રાજા અભયઘોષ પોતાના બંને પુત્રો સાથે અનંગસેન ગુરુનો ઉપદેશ સાંભળે છે.

નામકર્મનો બંધ થતો નથી. અલ્પ-શક્તિવાળો જીવ પણ સમ્યગ્દર્શનથી સુશોભિત થઈને આ ભાવનાઓના પ્રભાવથી તીર્થંકર થઈ જાય છે તથા સર્વ કર્મોથી રહિત થઈ સિદ્ધપદ પ્રાપ્ત કરે છે. તેમાં કોઈ સંદેહ નથી, તેથી ચારે પ્રકારના સંઘે મોક્ષરૂપી રમણીને પ્રાપ્ત કરવા માટે મોક્ષરૂપી સ્ત્રીની સખી સમાન આ ભાવનાઓનું ચિંતવન પ્રતિદિન કરવું જોઈએ.

અભયઘોષ મુનિરાજે પોતાની શક્તિ પ્રગટ કરી જીવનપર્યંત વિધિપૂર્વક

ઉત્તમ સંયમનું પાલન કર્યું તથા આયુના અંત સમયે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી, સંન્યાસ ધારણ કર્યો. ચારે પવિત્ર આરાધનાઓનું આરાધન કરતાં પોતાનું મન પંચપરમેષ્ઠીઓના ચરણોમાં લગાવ્યું તથા સર્વ પ્રકારના પ્રયત્નો સાથે સમાધિપૂર્વક પ્રાણોને છોડી તપના પ્રભાવથી અચ્યુત નામના સોળમા સ્વર્ગમાં બંને પુત્રો સહિત મોટા ઋદ્ધિધારી દેવ થયા. ત્યાં તેઓએ બાવીસ સાગર સુધી અત્યંત સુખ દેવાવાળા સ્વર્ગના ઉત્તમ ભોગ ભોગવ્યા. ત્યારબાદ શેષ પુણ્યકર્મોના ઉદયથી આયુના અંતમાં મરીને તમે બંને ભાઈઓ વિજય તથા જયંત અહીં વિદ્યાધર રાજપુત્રરૂપે જન્મ્યા છો. આ પ્રમાણે મુનિરાજના વચનો સાંભળી બંને વિદ્યાધરોને ઘણો જ સંતોષ થયો, તથા દેવો દ્વારા પૂજ્ય તે મુનિરાજને ભક્તિપૂર્વક નમસ્કાર કરી તેઓ ફરી પૂછવા લાગ્યા : હે પ્રભો! અમારા પૂર્વ જન્મના પિતા અભયઘોષ ક્યાં જન્મ્યા છે ? હે દયાળુ ! કૃપા કરી તે પણ બતાવો !

તેના ઉત્તરમાં શાંત પરિણામના ધારક તે મુનિરાજે અનુગ્રહ કરી તે બંનેની શંકાઓ મટાડવા માટે મધુર વચનોથી કહ્યું—હે વિદ્યાધરો તમારા પૂર્વભવના પિતાનો આત્મા જમ્બૂવિદેહના પુષ્કલાવતી દેશની પુંડરીકિણી નગરીમાં છે. તે સોળમા અચ્યુત સ્વર્ગથી ચ્યવીને હેમાંગદ રાજા અને મેઘમાલિની રાણીના પુત્ર તરીકે ત્રણે લોકનું હિત કરવાવાળા ઘનરથ નામના તીર્થંકર તરીકે જન્મ્યો છે. વર્તમાનમાં શ્રીમાન્ ઘનરથ રાજા પોતાના પરિવાર સાથે રાજસભામાં કૂકડાનું યુદ્ધ નિહાળી રહ્યા છે. મુનિરાજ પાસેથી પોતાના પૂર્વભવના પિતાના આવા ઉત્તમ સમાચાર સાંભળી બંને વિદ્યાધરોએ મુનિરાજને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા.

(આ પ્રમાણે રાજસભામાં મેઘરથને વિદ્યાધરો વિષે પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર સમાપ્ત થયો.)

આ કથા સંભળાવી મેઘરથકુમારે કહ્યું, કે હે પિતાશ્રી! (ઘનરથ


તીર્થંકર) આપ જ આ વિદ્યાધરોના પૂર્વભવના પિતા અભયઘોષ છો, તેથી આપ પ્રત્યેના સ્નેહને વશ આ વિદ્યાધર કુમારો અત્રે પધાર્યા છે.

મેઘરથકુમારની વાત પુરી થતાં બંને વિદ્યાધરોએ તીર્થંકર ભગવાન ઘનરથ અને રાજકુમાર મેઘરથને નમસ્કાર કર્યા તથા પૂર્વજન્મના સ્નેહને કારણે ભક્તિપૂર્વક દિવ્ય વસ્ત્ર-આભૂષણથી વારંવાર તેમનું બહુમાન, પૂજન, સ્તુતિ કર્યા.


ત્યારબાદ તે બંને વિદ્યાધરો જયંત અને વિજયંત શરીર, ભોગો અને સંસારથી વિરક્ત થયા અને સંયમ અંગીકાર કરવા માટે ગોવર્ધન મુનિ પાસે પહોંચ્યા. મન-વચન-કાયાથી મુનિરાજને નમસ્કાર કરી તથા પરિગ્રહોનો ત્યાગ કરી મોક્ષ પ્રાપ્ત કરવા માટે ચિરસ્થાયી મોક્ષ-લક્ષ્મીની પ્રદાયક જિનદીક્ષા ધારણ કરી. તે બંનેએ ઘોર અસહ્ય તપ કર્યું અને શુક્લધ્યાનરૂપી અગ્નિ દ્વારા ઘાતિકર્મોરૂપી અનાદિ શત્રુઓનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તથા સર્વ કર્મોરૂપી ઇંધનને ભસ્મ કરી થોડાક જ સમયમાં મોક્ષની પ્રાપ્તિ કરી લોકના શિખર ઉપર બિરાજમાન થયા.

ત્યારબાદ જે કૂકડા અહીંથી મૃત્યુ પામી ધર્મના પ્રભાવથી ભૂતારણ્ય અને દેવારણ્ય વનમાં તામ્રચૂલ અને કનકચૂલ નામના દેવ થયા હતા. તે બંને દિવ્યગુણોથી સુશોભિત દેવોએ પોતાના અવધિજ્ઞાનથી તે જ કાળે પોતાના પૂર્વભવોના સર્વ વૃત્તાંતને જાણી લીધું તથા પરસ્પર પોતાનો સંબંધ જાણી લીધો અને વિચારવા લાગ્યા. અરે! અમે માંસભક્ષી નિંદ્ય હીન પક્ષી હતા અને અમારા મહાભાગ્યે અમને મેઘરથકુમાર દ્વારા જીવોની દયા પાળવાનો ઉપદેશ પ્રાપ્ત થયો અને અમે આ દેવપણે ઉપજ્યા. આ સમયે જો અમે ત્યાં જઈને તે ધર્માત્માનો પ્રત્યુપકાર ન કરીએ તો પછી આ સંસારમાં અમારા સમાન કૃતઘ્ન બીજો ક્યો કહેવાય? આ પ્રમાણે વિચારી

તે બંને ભૂત જાતિના દેવો ત્યાં આવ્યા, આવીને ઘણા જ પ્રેમપૂર્વક મેઘરથને પ્રણામ કર્યા. વસ્ત્ર, માળા, આભૂષણ વગેરેથી તેમની પૂજા કરી તથા વારંવાર પ્રશંસા કરી, ભક્તિપૂર્વક કહેવા લાગ્યા—"હે નરાધીશ! આપ ધન્ય છો, શ્રેષ્ઠ જ્ઞાન તથા ગુણોથી શોભાયમાન છો! હે દેવ! આપના જ પ્રભાવથી અમે નિંદ્ય તિર્યંચ યોનિ કાપીને અત્યંત દિવ્ય શરીરને ધારણ કરવાવાળા દેવ થયા છીએ. હવે અમે આપ પ્રત્યે માત્ર એટલો જ પ્રત્યુપકાર કરવા ઈચ્છીએ છીએ કે આપને માનુષોત્તર પર્વતની અંદરનો સર્વ જિનેન્દ્ર વૈભવ દેખાડવા ઈચ્છીએ છીએ." આ પ્રમાણે કહીને દેવો તે કુમારના ઉત્તરની પ્રતિક્ષામાં ભક્તિપૂર્વક ઊભા રહ્યા ત્યારે મેઘરથકુમારે તે દેવોની વિનંતીનો સ્વીકાર કર્યો. મેઘરથકુમારની આજ્ઞા સાંભળી તે દેવોએ અનેક પ્રકારની ઋદ્ધિઓથી શોભાયમાન એક વિમાન બનાવ્યું. તે વિમાનમાં તેઓએ અન્ય શ્રેષ્ઠ વ્યક્તિઓ સાથે રાજકુમાર મેઘરથને બેસાડ્યા. તે દેવોએ તે વિમાનને જ્યોતિષી દેવોથી વિભૂષિત આકાશમાર્ગમાં પહોંચાડ્યું. ત્યારબાદ તે દેવો રાજકુમાર મેઘરથને સવિસ્તાર લોક દેખાડવા લાગ્યા તથા અઢીદ્વીપમાં આવેલા અકૃત્રિમ જિનાલયોનાં દર્શન કરાવ્યાં.




(૧) બંને વ્યંતર જાતિના દેવો મેઘરથકુમાર તથા અન્ય શ્રેષ્ઠ વ્યક્તિઓને પંચમેરુ આદિ અઢીદ્વીપના જિનેન્દ્ર વૈભવને દેખાડે છે.




(૨) બંને દેવો સાથે મેઘરથકુમાર વગેરે અકૃત્રિમ જિનમંદિરનાં દર્શન-પૂજન કરે છે.

# ભગવાન મહાવીર

બાળક-૧ : ગુરુજી અમને ભગવાન મહાવીર સ્વામીના વિષે કાંઈક કહો.


શિક્ષક : એમ તો અનેક ભવો પૂર્વે ભગવાન મહાવીરનો જીવ, આદિનાથનો પૌત્ર મરિચિકુમાર હતો. તે સમયે જ તેનું તીર્થંકર-દ્રવ્ય પ્રજાજનોમાં પ્રસિદ્ધ થઈ ગયું હતું, પરંતુ પોતાના આત્મહિતનો પુરુષાર્થ કર્યા વિના ઘણા ભવો કર્યા પશ્ચાત્ તે એક વાર જંબૂદ્વીપના હિમવનપર્વત પર દેદીપ્યમાન ક્રૂર સિંહ થયો. તે સમયે આકાશમાર્ગેથી બે મુનિ ભગવંતો ત્યાં પધાર્યા અને ઘણી દઢતાથી સિંહ સમક્ષ તેના પૂર્વના અનેક ભવો તથા તેમાં ભોગવેલાં ભયંકર દુઃખોનું વર્ણન કર્યું. તથા કરુણાપૂર્વક ઉપદેશ આપ્યો કે 'આ જ દ્વીપના ભરતક્ષેત્રના હોનહાર અંતિમ તીર્થંકરની આવી દુર્દશા !! સિંહને આ વાત કાળજામાં એવી ઊતરી ગઈ કે તેણે પશ્ચાત્તાપથી પુરુષાર્થ દ્વારા પોતાના પૂર્વે કરેલાં પાપોને સ્વયં પરિવર્તિત કરી નિજ જ્ઞાયક સ્વભાવ તરફ દૃષ્ટિ કરીને સમ્યક્ત્વરત્નને પ્રાપ્ત કર્યું.

ત્યાર બાદ તેમણે ૯મા ભવે તેમણે ચૈત્ર સુદી-૧૩ના રોજ કુંડલપુર નગરમાં પિતા સિદ્ધાર્થ રાજા તથા માતા પ્રિયકારિણી ત્રિશલાના ત્યાં પુત્રરત્નરૂપે જન્મ ધારણ કર્યો. સૌધર્મ ઈન્દ્રે તેમનું નામ 'વર્દ્ધમાન' રાખ્યું, તેઓ જ આપણા ભગવાન મહાવીર બન્યા. તેઓ જન્મથી જ વીરતાને સાર્થક કરવાવાળા 'વીર' હતા.




(૧) પૂર્વે દસમા સિંહના ભવમાં જમ્બૂદ્વીપના હિમવન ક્ષેત્રમાં ભગવાન મહાવીરનો જીવ હરણનો શિકાર કરે છે.

(૨) આકાશમાર્ગે બે ચારણ મુનિરાજો આવીને સિંહને સંબોધે છે. પોતાની દુર્દશા જાણી સિંહ પશ્ચાતાપ કરી સમ્યક્ત્વરત્નને પ્રાપ્ત કરે છે.




દેવ સર્પનું સ્વરૂપ લઈ બાળક વર્ધમાનની વીરતાની પરીક્ષા કરે છે.


બાળક-૨ : ગુરુજી! જો ઈન્દ્રએ તેમનું નામ વર્દ્ધમાન રાખ્યું તો પછી તે મહાવીર કેવી રીતે બન્યા ?

શિક્ષક : એક દિવસની ઘટના છે : ઈન્દ્રની સભામાં દેવોએ ભગવાનની વીરતા પર ચર્ચા કરી, તેઓ કહેવા લાગ્યા—'જુઓ બાળક તો કુમાર અવસ્થામાં જ ધીર-વીરોમાં અગ્રણી (મુખ્ય), અતુલ પરાક્રમી, દિવ્યરૂપધારી, તથા અનેક ગુણોના ધારક (વર્ધમાન), ક્રીડા કરતા થકા કેવા મનોજ્ઞ લાગે છે? તે સભામાં એક સંગમ નામનો દેવ પણ હાજર હતો. દેવોની વાત સાંભળી તે વીર બાળકની વીરતા સંબંધિત પરીક્ષા લેવા માટે સ્વર્ગેથી મધ્યલોક આવી ગયો. તે તે જ વનમાં આવ્યો જયાં ભગવાન અન્ય રાજપુત્રો સાથે ક્રીડા કરી રહ્યા હતા. દેવે ભગવાનને ડરાવવા કાળા સર્પનું વીકરાળ રૂપ બનાવ્યું. એક વૃક્ષની સાથે વીંટળાઈ ગયો. તે સર્પના ભયથી અન્ય રાજકુમારો તો ગભરાઈને વૃક્ષથી કૂદીને દૂર ભાગી ગયા.

પરંતુ કુમાર વર્દ્ધમાન જરા પણ ભયભીત ન થયા. તેઓ તે વિકરાળ સર્પ ઉપર આરૂઢ થઈ ક્રીડા કરવા લાગ્યા. એવું લાગતું હતું જાણે તેઓ માતાની ગોદમાં ક્રીડા કરતા ન હોય! કુમારનું ધૈર્ય જોઈને તે સર્પરૂપધારી દેવ ઘણો જ ચકિત થઈ ગયો. તે પોતાના મૂળ સ્વરૂપે પ્રગટ થઈને પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો. દેવે ઘણા જ નમ્ર શબ્દોમાં કહ્યું—'હે દેવ! આપ સંસારના સ્વામી છો, આપ મહાન ધીર-વીર છો, આપ કર્મરૂપી શત્રુનો નાશ કરનારા તથા સમગ્ર જીવોના રક્ષક છો. હે સિદ્ધ-વધૂના સ્વામી શ્રી 'મહાવીર' હું આપને વાંરવાર પ્રણામ કરું છું. આ પ્રમાણે તે દેવ ભગવાનની સ્તુતિ કરી તેમનું "મહાવીર" નામ સાર્થક કરતો સ્વર્ગે ચાલ્યો ગયો.

બાળક-૩ : ગુરુજી! તેમનું નામ સન્મતિ પણ હતું ને?

શિક્ષક : હા! એક વાર સંજય અને વિજય નામના બે ચારણમુનિઓને કોઈ તત્ત્વ સંબંધિ સંદેહ ઉત્પન્ન થયો. પરંતુ ભગવાનના જન્મ બાદ તેઓ તેમની સમીપથી નીકળ્યા અને તેમના દર્શનમાત્રથી જ તેમનો સંદેહ દૂર થઈ ગયો, તેથી તે મુનિરાજોએ ઘણી જ ભક્તિથી કહ્યું કે "આ બાળક તો સાક્ષાત્ સન્મતિ સ્વરૂપ છે." આ પ્રમાણે તે મુનિરાજોએ ઘણી જ ભક્તિથી 'સન્મતિ' નામ આપ્યું હતું.




બે ચારણ ઋદ્ધિધારી મુનિરાજોને બાળક વર્દ્ધમાનના દર્શનમાત્રથી તત્ત્વસંબંધી સંદેહ દૂર થાય છે. તેથી તેઓ ભગવાનને સન્મતિ નામ આપે છે. ત્યારથી ભગવાનનું નામ સન્મતિ પ્રસિદ્ધ થયું.

બાળક-૪ : ગુરુજી! તે વીરપ્રભુને 'અતીવીર' પણ કહેવાય છે, તે કેવી રીતે?

શિક્ષક : ઉત્તમ ક્ષમા ગુણ દ્વારા તે વીર ભગવાન, દીક્ષા પશ્ચાત્ પૃથ્વી સમાન સદા અકંપરૂપે આત્મધ્યાનમાં લીન રહેતા હતા. વિહાર કરતાં કરતાં તે વીર મુનિરાજ ઉજ્જૈની નગરીના અતિમુક્તક નામના સ્મશાનમાં આવી



ઉજ્જયની નગરીના અતિમુક્તક સ્મશાનમાં ધ્યાન કરતા વર્દ્ધમાન મુનિરાજ ઉપર સ્થાણુ નામનો અંતિમ રુદ્ર ભયંકર ઉપસર્ગ કરે છે.


ધ્યાન કરવા લાગ્યા. તે સમયે ત્યાં જિનરાજને જોઈને અધોગામી અને પાપબુદ્ધિવાળા સ્થાણુ નામના અંતિમ રુદ્રએ તેમના ધૈર્યના સામર્થ્યની પરીક્ષા માટે તેમના ઉપર ઉપસર્ગ કરવાનો વિચાર કર્યો. તે પોતાની વિદ્યાથી અનેક પ્રકારના વિશાળ વેતાળરૂપો બનાવી મહાવીર મુનિરાજને ધ્યાનથી ચલિત કરવા માટે પ્રયત્ન કરવા લાગ્યો. ભયાનક રૂપાદિ દ્વારા, ભયંકર ગર્જના દ્વારા, વિકરાળ નજરો દ્વારા, અટ્ટહાસ્યો દ્વારા, ઘોર ધ્વનિ દ્વારા, વિવિધ પ્રકારના લયયુક્ત નૃત્યો દ્વારા, ફાડેલા મુખો દ્વારા, તીક્ષ્ણ શસ્ત્રો અને માંસ ઉપાડેલા હાથો દ્વારા, તે રાત્રિમાં રુદ્રએ જગદ્ગુરુના ધ્યાનને નષ્ટ કરવાવાળો અતિ દુષ્કર ઉપસર્ગ કર્યો. તે ઉપસર્ગ–ઉપદ્રવો સમયે શ્રી વીર મુનિરાજ મેરૂ શિખરની જેમ અચલ રહ્યા તથા તે અનેક ઉપદ્રવો દ્વારા ધ્યાનથી રંચમાત્ર પણ વિચલિત થયા નહીં.

આ પ્રમાણે જેમનું ધ્યાનમાં સ્થિત મન અનેક ઉપસર્ગો દ્વારા પણ રંચમાત્ર વિકારને પ્રાપ્ત થયું નહીં ત્યારે તે રુદ્ર મહાવીરને અત્યંત અચલ જાણી લજ્જાને પ્રાપ્ત થયો થતો તેમની સ્તુતિ કરવા લાગ્યો તથા તેણે મહાવીર ભગવાનનું નામ 'અતિવીર' રાખ્યું.

આ રીતે ધ્યાનયોગમાં પ્રભુએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી કારતક વદ-૧૪ (ગુજરાતી આસો વદ-૧૪)ની પાછલી રાત્રે પાવાપુરીથી નિજઆત્મના સાહજિક સ્વરૂપને સહજરૂપે ધારણ કરી સિદ્ધદશાને પ્રાપ્ત કરી. આવા વિવિધ નામધારી મહાવીર ભગવાનને કોટિ-કોટિ વંદના. તેમના નિર્વાણદિવસની સ્મૃતિમાં વર્તમાનમાં પણ નિર્વાણ મહોત્સવ 'દીપાવલી' પર્વરૂપે ઊજવવામાં આવે છે. આ પર્વ સુવર્ણપુરીમાં પણ, પૂજ્ય ગુરુદેવશ્રીના સમયથી જ ઘણા ઉત્સાહથી પૂજન, ભક્તિ, પ્રવચનો વગેરે દ્વારા ઊજવવામાં આવે છે.

# ઋદ્ધિવંત મુનિ ભગવંતો

શ્રી રામચંદ્રજી, લક્ષ્મણ તથા સીતાજી, લંકાને જીતીને અયોધ્યા પધાર્યા. શ્રી ભરતે વૈરાગ્યની પ્રચૂરતાથી મુનિદીક્ષા ધારણ કરી લીધી. ત્યારબાદ અનેક રાજાઓ તથા વિદ્યાધરોની પ્રાર્થનાને માન્ય કરીને શ્રી રામચંદ્રજી તથા શ્રી લક્ષ્મણજીએ એકબીજાને રાજ્યાભિષેક કરવાનો આગ્રહ કર્યો. અંતે અયોધ્યામાં શ્રી રામચંદ્રજી (બલભદ્ર) તથા શ્રી લક્ષ્મણજી (નારાયણ) બંનેનો રાજ્યાભિષેક થયો. ત્યારબાદ રામચંદ્રજીએ વિભિષણ, સુગ્રીવ વગેરે સર્વેને પોતપોતાનું રાજ્ય સોંપી દીધું.



રાજા રામ તથા લક્ષ્મણ શત્રુઘ્નને મથુરા જતાં વિદાય આપે છે.

શ્રીરામે ભાઈ શત્રુઘ્નને કહ્યું કે "તમને જ્યાંનું રાજ્ય પસંદ હોય તે બતાવો!" જો તમને અયોધ્યા પસંદ હોય તો અર્ધું અયોધ્યા લઈ લો! ત્યારે શત્રુઘ્નએ અત્યંત વિનયપૂર્વક મથુરાનું રાજ્ય માગ્યું. શ્રીરામે કહ્યું કે "હે બંધુ! મથુરામાં રાવણના જમાઈ મધુરાજાનું શાસન છે." તે મધુરાજા તથા તેનો પુત્ર લવણાર્ણવ અત્યંત પરાક્રમી તથા દુર્જય છે, તેથી મથુરાને છોડી તમને ગમે તે સ્થાન પસંદ કરી લો! ત્યારે

સુપ્રભા રાણીના પુત્ર શત્રુઘ્નને ભવાન્તરથી મથુરા પર પ્રેમ હોવાથી, સહજ જ સાહસતા સાથે બોલ્યો કે 'મને તો આપ મથુરાનું જ રાજ્ય પ્રદાન કરો! જો હું મધુને મધપુડાની જેમ સંગ્રામમાં નષ્ટ ન કરું તો હું આપનો ભાઈ તથા દશરથનો પુત્ર નહીં!


શ્રીરામે શત્રુઘ્નનો આગ્રહ જોઈને તેને મથુરાનું રાજ્ય આપ્યું તથા સમજાવીને કહ્યું, કે હે ભાઈ! જ્યારે મધુના હાથમાં ત્રિશુળ ન હોય ત્યારે જ તેની સાથે યુદ્ધ કરવું. શત્રુઘ્નએ શ્રીરામની આજ્ઞા શિરોધાર્ય કરી અને તેમને પ્રણામ કરી માતા સુપ્રભા પાસેથી આજ્ઞા મેળવી અનેક રાજાઓ સહિત શૂરવીર યોદ્ધાઓને લઈને રણવાજિંત્રો વગાડતાં વગાડતાં મથુરા તરફ પ્રયાણ કર્યું. શ્રીરામ-લક્ષ્મણ સ્નેહવશ ત્રણ ગાઉં સુધી શત્રુઘ્નની સેના સાથે વળાવવા ગયા, તથા વજ્રાવર્ત નામનું દિવ્ય ધનુષ આપ્યું, કૃતાંતવક્ર નામના સેનાપતિને તેમની સાથે મદદમાં મોકલ્યા અને બંને ભાઈઓ ચિંતા-મુક્ત થઈ અયોધ્યા પાછા ફર્યા.

ધીર વીર શત્રુઘ્ન, વિશાળ સેના સહિત મથુરાની સમીપ આવ્યા તથા યમુના નદીને કિનારે પડાવ નાખી સમસ્ત સેનાને ત્યાં રોકવામાં આવી. શત્રુઘ્ને ચતુર મંત્રીઓ સાથે મંત્રણા કરી આવશ્યક જાણકારી માટે અનેક ગુપ્તચરોને મથુરા મોકલ્યા. મંત્રીઓ પરસ્પર ચર્ચા કરવા લાગ્યા કે બાળક શત્રુઘ્નએ મધુને જીતવાની જે મનસા કરી છે તે સર્વથા અયોગ્ય છે. ત્રિશૂળરત્નધારી મધુરાજા દેવો તથા વિદ્યાધરોથી પણ અજેય છે. તેને શત્રુઘ્ન કેવી રીતે જીતશે ? ત્યારે કૃતાંતવક્રએ કહ્યું કે જે શત્રુઘ્નના સહાયક શ્રીરામ-લક્ષ્મણ તથા આપ જેવા મહાપુરુષો છે તે અવશ્યમેવ ત્રિશૂલરત્નથી ગર્વિત મધુરાજાને રણસંગ્રામમાં જીતશે. મંત્રીઓ વચ્ચે આ ચર્ચા થઈ રહી હતી ત્યારે જ કેટલાક ગુપ્તચરોએ આવીને ખબર આપી કે રાજા મધુ મથુરાની પૂર્વદિશામાં આવેલા એક સુંદર ઉદ્યાનમાં આઠ દિવસથી કામાન્ધ થઈ સમસ્ત રાણીઓ સહિત ક્રીડાઓમાં મગ્ન

છે. તેણે તેના મંત્રીઓએ ઘણું સમજાવ્યો, પરંતુ તે ઉપેક્ષા કરી કાંઈ પણ ધ્યાન આપતો નથી, તેથી મથુરા વિજયનો આ સર્વોત્તમ સુઅવસર છે.

શત્રુઘ્ને પોતાના બળવાન યોદ્ધાઓનો સાથ લઈને નગરમાં પ્રવેશ કર્યો અને તત્કાળ મધુરાજાની આયુધશાળા ઉપર પોતાનો અધિકાર સ્થાપી દીધો. નગરજનો અન્ય રાજાને આવેલો જાણી અત્યંત ભયભીત તથા વ્યાકુળ થઈ ગયા, પરંતુ શત્રુઘ્નના યોદ્ધાઓએ તેમને સમજાવ્યા કે ‘‘રામ-રાજ્યમાં કોઈ ને કષ્ટ થશે નહીં.’’ આ પ્રમાણે ધૈર્ય બંધાવી નગરજનોને શાન્ત કર્યા. મધુરાજા નગરમાં શત્રુનો પ્રવેશ થયેલો જાણી ઉપવનમાંથી નગરમાં આવ્યો, પરંતુ શત્રુઘ્નના સુભટોને કારણે તે નગરમાં પ્રવેશ કરી શક્યો નહીં. મહા-અભિમાની તથા કામાન્ધ મધુ ત્રિશુળ રહિત હોવા છતાં યુદ્ધ કરવા તૈયાર થયો. તે બંને વચ્ચે પરસ્પર ઘોર યુદ્ધ થયું. સેનાપતિ કૃતાંતવક્રએ મધુના પુત્ર લવણાર્ણવને યુદ્ધમાં પ્રાણ રહિત કરી દીધો. મધુરાજા પુત્રનું મરણ જોઈને અત્યંત કોપિત થઈ હાથી પર ચઢીને ઘોર યુદ્ધ કરવા લાગ્યો. શત્રુઘ્ને તેનું કવચ બાણોથી તોડી નાખ્યું.

રાજા મધુ પોતે શત્રુઘ્નને અજેય જાણીને તથા પુત્રને પ્રાણરહિત અને સ્વયંને ત્રિશુળરત્નથી રહિત જાણી, પોતે આ લડાઈમાં જીતી શકશે નહીં, તે સમજી ગયો. તેમજ પોતાનું આયુષ્ય અલ્પ છે એમ જાણી હાથી પર બેઠાં બેઠાં જ સંસારથી વિરક્ત થયો. ચારેય પ્રકારના આહારોના ત્યાગ સાથે દીક્ષા ગ્રહણ કરી અધ્યાત્મયોગમાં આરૂઢ થયો. શત્રુઘ્ન મધુની આ પરમ શાંત અવસ્થા જોઈને નમસ્કાર કરી બોલ્યો કે હે સાધુ! મારો અપરાધ ક્ષમા કરો. દેવવૃંદો મધુને વીરરસમાંથી એકાએક શાન્તરસમાં પરિવર્તન પામેલો જોઈને અત્યંત આશ્ચર્યચકિત થયા. તથા શત્રુઘ્ને મધુ મુનિરાજની સ્તુતિ કરી મથુરા નગરમાં પ્રવેશ કર્યો. ધીર-વીર મધુ ક્ષણમાત્રમાં સમાધિ-મરણ કરી ત્રીજા સનત્કુમાર સ્વર્ગમાં ઉત્કૃષ્ટ દેવ થયા.




યુદ્ધમાં રાજા મધુને પુત્ર લવણાર્ણવના મૃત્યુના સમાચારથી તથા પોતાનું કવચ તૂટતું જોઈ, આયુષ્યની અલ્પતા જાણી હાથી ઉપર જ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.

રાજા મધુના સ્વર્ગે જવાથી, ચમરેન્દ્ર દ્વારા અપાયેલા ત્રિશુલ રત્નને લઈને તેના અધિષ્ઠાતા દેવ પોતાના સ્વામી ચમરેન્દ્ર પાસે ગયા. મધુના મરણનું વૃત્તાંત સાંભળી ચમરેન્દ્ર અત્યંત ક્રોધિત થઈ પાતાળલોકથી નીકળી શત્રુઘ્નથી બદલો લેવા મથુરા જવા માટે તૈયાર થયો. તેને અચાનક ક્રોધિત જોઈને ગરુડેન્દ્રએ કહ્યું કે "શા માટે ક્રોધિત થઈ ગમન કરી રહ્યા છો?" ત્યારે તે ઈન્દ્રએ પોતાના પરમ મિત્ર મધુના મરણનું વૃત્તાંત સાંભળાવી કહ્યું કે શત્રુઘ્નથી મારા મિત્રનો બદલો લેવા મથુરા જઈ રહ્યો છું. ત્યારે ગરુડેન્દ્રએ વિશલ્યાના પ્રભાવનું સ્મરણ કરાવી ચમરેન્દ્રને મથુરા જવાની ના પાડી. ચમરેન્દ્રએ કહ્યું કે "અખંડ બ્રહ્મચર્યના પ્રસાદથી વિશલ્યામાં જે અસાધારણ શક્તિ હતી તે વાસુદેવ–લક્ષ્મણ સાથે સંયોગ થવાથી નષ્ટ થઈ ચુકી છે." આ પ્રમાણે કહી ચમરેન્દ્ર મથુરામાં આવ્યો અને કોપિત થઈને નગરમાં મહામારી નામના મહા ભયાનક રોગ તથા દુર્ભિક્ષનો પ્રસાર કર્યો. જેનાથી જે જ્યાં જે સ્થિતિમાં બેઠા હતા ત્યાં જ મૃત્યુનો કોળિયો થવા લાગ્યા.


ત્રિશુળના અધિષ્ઠાતા ચમરેન્દ્ર દ્વારા મથુરા નગરીમાં મહામારી તથા દુર્ભિક્ષ.....


જો કે મથુરા દેવપુરી સમાન નગરી હતી. તથાપિ



સુરમન્યુ, શ્રીમન્યુ, શ્રીનિચય, સર્વસુંદર, જયવાન્, વિનયમાલસ તથા જયમિત્ર નામના
સાત ચારણ ઋદ્ધિધારી મુનિઓના મથુરામાં પ્રવેશથી ચમરેન્દ્રકૃત મહામારી તથા દુર્ભિક્ષ દૂર થઈ જાય છે.

શત્રુઘ્ન ત્યાં રામ-સીતા વિના ઉદાસ રહેવા લાગ્યા. તદુપરાંત મરી રોગ પણ ફેલાઈ ગયો હતો, તેથી પ્રજાવત્સલ શત્રુઘ્ન અત્યંત ચિંતિત થઈ ગયા.

જ્યારે મથુરામાં મરી રોગથી સમસ્ત પ્રજા પીડિત થઈને મરી રહી હતી ત્યારે રાજા શ્રીનંદનની રાણી ધરણી સુંદરીના (સુરમન્યુ, શ્રીમન્યુ, શ્રી નિચય, સર્વસુંદર, જયવાન, વિનયમાલસ તથા જયમિત્ર) સાત પુત્રો પોતાના પિતા શ્રીનંદન સાથે મુનિ થયા હતા. શ્રીનંદને તો મોક્ષની પ્રાપ્તિ કરી હતી, જ્યારે આ સાતે ભાઈ (મુનિરાજ) ઘોર તપ કરી ચારણઋદ્ધિધારી થયા. ચાતુર્માસ પ્રારંભ થવાનો હતો, તેથી મથુરાના વનમાં આવી વટવૃક્ષની નીચે બિરાજમાન થયા. આ સાતેય ઋષિ, ચારણ-ઋદ્ધિના પ્રભાવથી આકાશમાર્ગ દ્વારા ક્ષણભરમાં નગરમાં પહોંચી આહાર ગ્રહણ કરી પુનઃ પોતાના સ્થાને આવી



રાજા શત્રુઘ્ન, રાણી, માતા સુપ્રભા અને મંત્રીઓ
જંગલમાં સપ્તઋષિ મુનિઓનો ધર્મોપદેશ સાંભળે છે.

જતા હતા. આ સપ્ત-ઋષિઓના પ્રભાવથી નગરમાં ચમરેન્દ્રકૃત મરી રોગના ઉપસર્ગનો અંત થઈ ગયો.

શત્રુઘ્ન પણ માતા સુપ્રભા સાથે મુનિરાજોની વંદના માટે ગયા. મુનિરાજોના મુખેથી ધર્મશ્રવણ કરી તે સર્વએ અત્યંત વિનયપૂર્વક મુનિરાજોને પ્રાર્થના કરી કે હે ભગવન્! આપનું પવિત્ર આગમન થતાં નગરીમાંથી મરી રોગ અને દુર્ભિક્ષ દૂર થયો. સમસ્ત નગર સુભિક્ષમય તથા સમૃદ્ધિ-સંપન્ન થયું, તેથી આપ કૃપા કરીને આ નગરીમાં થોડા દિવસો અહીં રોકાઈ જાઓ.

શત્રુઘ્નની પ્રાર્થના સાંભળી મુનિરાજોએ કહ્યું કે જિનઆજ્ઞાનુસાર અમારું અહીં અધિક રહેવું યોગ્ય નથી. ધર્મોપદેશ સાથે કહ્યું કે હવે ભવિષ્યમાં આ ભરતક્ષેત્રમાં નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી આ ચાર તીર્થંકરો ક્રમશઃ થશે, જેમના દ્વારા સંસારના અનંત જીવોનું કલ્યાણ થશે.

(चाल-पनिहारी)

सप्त-ऋषिके गुणनिको धी तुछ धारी हो, कोलौं करै बखान।
सहसजीभतें इन्द्र भी मुनिवरको नहिं कर सकै बखान।

अब मेरी यह विनति श्रीमुनिवरजी, सुन लीज्यो ऋषिराज।
जोलौं शिव पाऊँ नहीं मुनिवरजी, तोलौं दरश दिखाय।

(चाल आगमकी)

ऐसे मुनि तिष्ठत जहां तहां मरी आदि सब रोगाजी।
सिंह सर्प डाकिनी शाकिनी नाशै भूत प्रेत सब शोकाजी॥
ऐसे गुरु हमको मिलें तव होवे मम निस्तारो जी।
यातें मुनि-चरणन विषैं अब लाग्यो ध्यान हमारो जी॥

# ભગવાન નમિનાથનો વૈરાગ્ય

જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં વત્સ નામનો એક દેશ છે, તેની કૌશામ્બી નગરીમાં કોઈ સમયે પાર્થિવ નામનો રાજા રાજ્ય કરતો હતો. રાજા પાર્થિવની પટ્ટરાણીનું નામ સુંદરી હતું. આ બંને રાજદંપતિ સુખેથી કાળ વ્યતીત કરતાં હતાં. થોડા સમય બાદ તેમને સિદ્ધાર્થ નામનો પુત્ર જન્મ્યો. સિદ્ધાર્થ ઘણો જ હોનહાર પુત્ર હતો. જ્યારે તે મોટો થયો ત્યારે રાજા પાર્થિવે તેને યુવરાજ બનાવી દીધો. એકવાર રાજા પાર્થિવ મનોહર નામના ઉદ્યાનમાં ફરી રહ્યા હતા ત્યાં તેમને મુનિવર નામના એક સાધુનાં દર્શન થયાં. રાજાએ તેમને ભક્તિપૂર્વક મસ્તક ઝુકાવીને નમસ્કાર કર્યા તથા તેમના મુખેથી ધર્મનું સ્વરૂપ સાંભળ્યું. ધર્મનું સ્વરૂપ સાંભળી તે મુનિરાજને પોતાના પૂર્વભવ પૂછ્યા. ત્યારે મુનિવર મુનિરાજે અવધિજ્ઞાનરૂપી નેત્રોથી સ્પષ્ટ જોઈને તેના પૂર્વભવનું સર્વ વૃત્તાંત કહ્યું. પોતાના પૂર્વભવો વિષે જાણકારી મળવાથી રાજા પાર્થિવને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે યુવરાજ સિદ્ધાર્થને રાજ્ય સોંપી દીધું અને પોતે વનમાં જઈને તે જ મુનિરાજ પાસે ભગવતી જિન-દીક્ષા અંગીકાર કરી.

આ બાજુ સિદ્ધાર્થ પણ પિતાનું રાજ્ય પ્રાપ્ત કરી કુશળતાપૂર્વક પ્રજાનું પાલન કરવા લાગ્યો. કાળક્રમે સિદ્ધાર્થને શ્રીદત્ત નામનો એક પુત્ર થયો. જે પોતાનાં શુભ લક્ષણોથી જ મહાપુરુષ જણાતો હતો. એકવાર રાજા સિદ્ધાર્થને પોતાના પિતા પાર્થિવ મુનિરાજના સમાધિમરણના સમાચાર મળ્યા, જેથી તે તે જ કાળે વિષયોથી વિરક્ત થઈને મનોહર નામક વનમાં ગયા અને ત્યાં મહાબળ નામના કેવલીના દર્શન કરી તેમને સાત તત્ત્વોનું સ્વરૂપ પૂછવા લાગ્યા. કેવલીશ્વર મહાબળ ભગવાનના ઉપદેશથી સિદ્ધાર્થ રાજાનો વૈરાગ્ય પહેલાંથી ઘણો જ વધી ગયો, તેથી તે યુવરાજ શ્રીદત્તને રાજ્ય પ્રદાન કરીને તે જ કેવળી ભગવાનની ચરણછાયામાં દીક્ષિત થઈ ગયા. તે કેવળી ભગવાન


પાસે રહી તેમણે ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું. અગિયાર અંગોનું અધ્યયન કર્યું અને વિશુદ્ધ હૃદયથી દર્શનવિશુદ્ધિ વગેરે ષોડશકારણ ભાવનાઓનું ચિંતન કરી 'તીર્થંકર' નામની મહા પુણ્યપ્રકૃતિનો બંધ કર્યો તથા આયુના અંતે સમાધિમરણ ધારણ કરી 'અપરાજિત' નામના વિમાનમાં અહમિન્દ્ર થયા. ત્યાં તેમનું આયુષ્ય તેત્રીસ સાગરનું હતું. શરીર એક હાથ ઊંચું હતું. શુક્લલેશ્યાના પરિણામ હતા. તેત્રીસ હજાર વર્ષ પછી માનસિક આહાર લેતા હતા અને તેત્રીસ પક્ષો પછી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરતા હતા. ત્યાં તેઓ પોતાના અવધિજ્ઞાનથી સાતમી નરક સુધીની સ્થિતિ સ્પષ્ટ જાણી લેતા હતા.

ત્યાં—અપરાજિત વિમાનમાં અહમિન્દ્રના ભવમાં—અનેક પ્રકારનાં સુખો ભોગવતા થકા જ્યારે ત્યાંનું આયુષ્ય છ માસનું બાકી રહી ગયું અને તેઓ જ્યારે ભૂતલ પર અવતાર લેવા માટે તૈયાર થયા ત્યારે આ જ ભરતક્ષેત્રમાં અંગ (બિહાર) દેશની મિથિલા નગરીમાં ઈક્ષ્વાકુવંશીય મહારાજા શ્રી વિજય રાજ્ય કરતા હતા. તેઓ પોતાના સમયના અદ્વિતીય શૂરવીર હતા. તેમનાં મહારાણીનું નામ વિપ્પલા હતું. દેવોએ તેમના ઘરે રત્નોની વર્ષા કરી. 'શ્રી', 'હ્રીં' વગેરે દેવીઓએ મન-વચન-કાયથી માતાની સેવા કરી. ભગવાનનાં માતા વિપ્પલાદેવીએ આસો વદ બીજ (ભાદરવા વદ-બીજ)ના દિવસે અશ્વિની નક્ષત્રમાં રાત્રીના પાછલા ભાગમાં હાથી વગેરે સોળ સ્વપ્ન જોયાં. તે જ સમયે ઉક્ત અહમિન્દ્રએ અપરાજિત વિમાનમાંથી આવીને માતાના ગર્ભમાં પ્રવેશ કર્યો.

પ્રાતઃકાળ થતાં જ જ્યારે માતા વિપ્પલાદેવીએ પતિદેવને (મહારાજા શ્રીવિજય)ને સ્વપ્નોનું ફળ પૂછ્યું ત્યારે મહારાજાએ કહ્યું—આજે તમારા ગર્ભમાં ત્રિભુવનના નાયક તીર્થંકર ભગવાને પ્રવેશ કર્યો છે. આ સોળ સ્વપ્નો અને રત્નોની અવિરલ વર્ષા તેમનું માહાત્મ્ય પ્રગટ કરી રહી છે. પ્રભાત થતાં જ દેવો તથા ઈન્દ્રોએ આવીને મિથિલાપુરીની ત્રણ પ્રદક્ષિણા કરીને પછી રાજભવનમાં જઈને મહારાજ શ્રી વિજય તથા વિપ્પલાદેવીની સ્તુતિ કરી તથા અનેક વસ્ત્રાભૂષણ ભેટ આપી તેમને પ્રમુદિત કર્યાં.

ભગવાન મુનિસુવ્રતનાથના મોક્ષગમન પછી સાઈઠ લાખ વર્ષો વીત્યા પછી ભગવાન નમિનાથજીનો અવતાર થયો. તેમનું આયુષ્ય પણ તેમાં સામેલ છે. તેમનું આયુષ્ય દસહજાર વર્ષનું હતું. શરીર પંદર ધનુષ ઉંચું હતું અને શરીરનો રંગ તપાવેલ સુવર્ણ સમાન હતો. ભગવાનના કુમારકાળનાં ૨૫૦૦ વર્ષ વીતી જતાં તેમને રાજગાદી આપીને પિતાજી શ્રી વિજય મહારાજ આત્મકલ્યાણ માટે અગ્રેસર થયા. ભગવાન નમિનાથે રાજ્યસત્તા પામીને દુષ્ટોનો નિગ્રહ તથા સાધુઓ પર અનુગ્રહ કર્યો. વચ્ચે વચ્ચે દેવો સંગીત અને ગોષ્ઠી આદિથી તેમનું મન અતિ પ્રસન્ન રાખતા હતા. આ પ્રમાણે સુખપૂર્વક રાજ્ય કરતાં તેમનાં પાંચ હજાર વર્ષ વીતી ગયાં.

એક દિવસે જ્યારે આકાશ વર્ષાઋતુના વાદળોથી વ્યાપ્ત હતું ત્યારે મહાન અભ્યુદયના ધારક ભગવાન નમિનાથ બીજા સૂર્યસમાન હાથીની પીઠ ઉપર આરૂઢ થઈ વન-વિહાર માટે ગયા. તે સમયે આકાશમાર્ગેથી આવેલા બે દેવકુમારો હસ્તકમળ જોડી નમસ્કાર કરતા થકા પ્રાર્થના કરતાં કહેવા લાગ્યા કે—આ જમ્બૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં એક વત્સકાવતી નામનો દેશ છે તેની સુસીમા નગરીમાં અપરાજિત વિમાનમાંથી અવતાર લઈને અપરાજિત નામના તીર્થંકર ઉત્પન્ન થયા છે. તેમના કેવળજ્ઞાનની પૂજા માટે સર્વે ઇન્દ્ર વગેરે દેવો આવ્યા હતા. તે તીર્થંકર ભગવાનની સભામાં પ્રશ્ન થયો કે શું આ સમયે ભરતક્ષેત્રમાં કોઈ તીર્થંકર છે? સર્વજ્ઞ પરમાત્મા અપરાજિત ભગવાને ઉત્તર આપ્યો કે અત્યારે જંબૂદ્વીપના ભરતક્ષેત્રના બંગદેશની મિથિલાનગરીમાં નમિનાથસ્વામી અપરાજિત વિમાનમાંથી અવતર્યા છે, તથા પુણ્યોદયથી તીર્થંકર થવાના છે. અત્યારે તેઓ દેવો દ્વારા લાવવામાં આવેલા ભોગોનો ઉપભોગ કરી રહ્યા છે. તેઓ ગૃહસ્થદશામાં વિદ્યમાન છે. હે દેવ! અમે બંને દેવો પૂર્વજન્મમાં ધાતકીખંડદ્વીપમાં રહેતા હતા, ત્યાં તપશ્ચરણ કરીને સૌધર્મ નામના સ્વર્ગમાં ઉત્પન્ન થયા છીએ. બીજા જ દિવસે અમે અપરાજિત કેવળીની પૂજા કરવા માટે ગયા હતા, ત્યાં તે ભગવાનના વચનો સાંભળવાથી કૌતુકવશ પૂજનીય એવા આપનાં દર્શન કરવા માટે અહીં આવ્યા છીએ.




વિદેહક્ષેત્રના અપરાજિત તીર્થંકરની સભામાં ઇન્દ્ર દ્વારા કરાયેલા પ્રશ્નનો ઉત્તર બે દેવ સાંભળે છે.




અપરાજિત તીર્થંકરની સભામાં ભરતક્ષેત્રના નમિનાથ તીર્થંકરનું વૃત્તાંત સાંભળી બે દેવો
નમિનાથ રાજાના વનવિહારના સમયે કૌતુકવશ તેમના દર્શને આવે છે.

જેમને નજીકના સમયમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવાની છે એવા ભગવાન નમિનાથ, દેવોની સમસ્ત વાતોને અંતરમાં ધારણ કરી નગરમાં પરત આવી ગયા. ત્યાં તેઓ વિદેહક્ષેત્રના અપરાજિત તીર્થંકર તથા તેમની સાથેના પોતાના પૂર્વભવના સંબંધનું સ્મરણ કરી સંસારમાં થવાવાળા ભાવોનો વારંવાર વિચાર કરવા લાગ્યા. તેઓ વિચારવા લાગ્યા કે "આ આત્માએ સ્વયં પોતાને પોતા દ્વારા જ અનાદિકાળથી ચાલ્યા આવતાં બંધનોથી સારી રીતે બાંધીને શરીરરૂપી જેલખાનામાં નાખી રાખ્યો છે અને જે પ્રમાણે પિંજરાની અંદર પાપી પક્ષી દુઃખી થાય છે, અથવા મજબૂત—થાંભલાથી બાંધેલો હાથી દુઃખી થાય છે, તે જ પ્રમાણે આ આત્મા નિરંતર દુઃખી રહે છે. જોકે તે જુદા જુદા દુઃખોને ભોગવે છે. તોપણ તે જ દુઃખોમાં રાગ કરે છે. રતિ નોકષાયના અત્યંત તીવ્ર ઉદયવશ તે ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત રહે છે અને વિષ્ટાના કીડાની જેમ અપવિત્ર પદાર્થોમાં તૃષ્ણા વધારતો રહે છે. આ પ્રાણી મૃત્યુથી ડરે છે, પરંતુ તે તરફ જ દોટ મૂકે છે. દુઃખોથી છૂટવા માગે છે પણ તેનો જ સંચય કરે છે. હાય હાય! ઘણા દુઃખની વાત છે કે આર્ત અને રૌદ્ર ધ્યાનથી ઉત્પન્ન થયેલી તૃષ્ણાથી આ જીવની બુદ્ધિ વિપરીત થઈ ગઈ છે. જીવ થોડો પણ વિરામ પામ્યા વિના ચતુર્ગતિરૂપ ભવમાં ભ્રમણ કરે છે અને પાપના ઉદયથી દુઃખી થતો રહે છે. ઈષ્ટ હેતુનો ઘાત કરવાવાળી દૃઢ અને અનાદિકાળથી ચાલી આવતી આ મૂર્ખતાને ધિક્કાર હો!

આ પ્રમાણે વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તેઓ ભોગ અને રાગથી ઘણા દૂર થઈ ગયા. તેઓએ સુપ્રભ નામના પુત્રને રાજ્યભાર સોંપી દીધો. તે જ સમયે સારસ્વત વગેરે સમસ્ત લૌકાંતિક દેવોએ તેમની પૂજા કરી, વૈરાગ્ય પ્રાપ્ત થતાં દેવો દ્વારા કરવામાં આવેલ અભિષેકની સાથે દીક્ષા કલ્યાણકનો ઉત્સવ થયો. ત્યારબાદ તેઓ ઉત્તરકુરુ નામની મનોહર પાલખી ઉપર સવાર થઈ ચૈત્રવન નામના ઉદ્યાનમાં ગયા. તેમને પ્રશસ્ત સંજ્વલનનો ઉદય થઈ ગયો અર્થાત્ પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભનો ક્ષયોપશમ અને સંજ્વલ ક્રોધ,




વૈરાગી નમિનાથનું ભગવતી જિનદીક્ષા હેતુ વન ગમન



ભગવાન નમિનાથ એક હજાર રાજાઓ સાથે ભગવતી જિનદીક્ષા અંગીકાર કરે છે.

માન, માયા, લોભનો મંદ ઉદય રહી ગયો. ત્યાં તેઓએ બેલા (બે ઉપવાસ)નો નિયમ લઈને અષાઢ વદ-૧૦ના દિવસે અશ્વિનિ નક્ષત્રમાં સાયંકાળના સમયે એક હજાર રાજાઓ સાથે સંયમ ધારણ કરી લીધો અને તે જ સમયે સંયમી જીવો દ્વારા પ્રાપ્ત કરવાયોગ્ય ચતુર્થ મનઃપર્યયજ્ઞાન પણ પ્રાપ્ત કરી લીધું.

પારણા માટે ભગવાન વીરપુર નામના નગરમાં ગયા, ત્યાં સુવર્ણસમાન કાંતિવાળા રાજા દત્તે તેમને આહારદાન આપી પંચાશ્ચર્ય પ્રાપ્ત કર્યાં. ત્યારબાદ ભગવાનને છદ્મસ્થ અવસ્થાનાં નવ વર્ષ વીતી ગયાં. એકવાર તેઓ પોતાના દીક્ષાવનમાં જ મનોહર બકુલ વૃક્ષની નીચે બેલા (બે ઉપવાસ)નો નિયમ લઈ ધ્યાનારૂઢ થયા. ત્યાં જ તેમને માગશર શુક્લ પક્ષની (નંદા તિથિ) એકાદશીના રોજ સાંજના સમયે સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરવાવાળું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે જ સમયે ઈન્દ્ર વગેરે દેવોએ ચતુર્થ જ્ઞાનકલ્યાણકનો ઉત્સવ કર્યો.


સુપ્રભાર્ય નામના મુખ્ય ગણધર સાથે તેમને સત્તર ગણધરો હતા. ચારસો પચાસ સમસ્ત પૂર્વોના જાણકાર શ્રુતકેવળીઓ હતા. બાર હજાર છસો (૧૨૬૦૦) સુંદર વ્રતોને ધારણ કરવાવાળા શિક્ષકો (ઉપાધ્યાય) હતા. એક હજાર છસો અવધિજ્ઞાનના (મુનિરાજો) ધારકો હતા. તેટલા જ (૧૬૦૦) કેવળજ્ઞાનીઓ હતા. ૧૫૦૦ વિક્રિયા ઋદ્ધિના ધારકો હતા, ૧૨૫૦ પરિગ્રહ રહિત મનઃપર્યયજ્ઞાની હતા અને એક હજાર વાદી હતા. આ પ્રમાણે મુનિઓની સંખ્યા વીસ હજારની હતી. મંગિની વગેરે ૪૫૦૦૦ આર્યિકાઓ હતી, એક લાખ શ્રાવકો અને ત્રણ લાખ શ્રાવિકાઓ હતી. અસંખ્યાત દેવ-દેવીઓ અને સંખ્યાત તિર્યંચો હતા. આ પ્રમાણે નમ્રીભૂત બારસભાઓ સાથે ભગવાન નમિનાથે (સમીચીન ધર્મનો ઉપદેશ કરતા થકા) આર્યક્ષેત્રમાં સર્વ તરફ વિહાર કર્યો.

જ્યારે તેમના આયુષ્યનો એક માસ બાકી રહ્યો ત્યારે તેઓ વિહાર બંધ કરી સમ્મેદશિખર ઉપર જઈ બિરાજમાન થયા. ત્યાં તેઓએ એક હજાર મુનિઓ સાથે પ્રતિમાયોગ ધારણ કરી લીધો અને વૈશાખ વદ-૧૪ (ચૈત્ર વદ-૧૪)ના રોજ રાત્રિના અંતિમ સમયે અશ્વિની નક્ષત્રમાં મોક્ષ પ્રાપ્ત કરી લીધો. તે જ સમયે દેવોએ આવીને ત્રિલોકીનાથ ભગવાન નમિનાથ તીર્થંકરના નિર્વાણકલ્યાણકનો ઉત્સવ કર્યો. ત્યારબાદ પુણ્યરૂપી પદાર્થને પ્રાપ્ત કરી સર્વ દેવો પોતાના સ્થાને વિદાય થયા.

જેમનું શરીર સુવર્ણસમાન દેદીપ્યમાન હતું, જેમણે ઘાતિકર્મો સાથે યુદ્ધ કરી સમસ્ત અહિતોને જીતી વિજય પ્રાપ્ત કર્યો હતો. નમ્રીભૂત દેવો જય જય કરતા થકા જેમની સ્તુતિ કરતા હતા. જેઓ વિદ્વાન શિષ્યોના સ્વામી હતા અને અંતે જેઓએ દેહનો ત્યાગ કરી મોક્ષદશા પ્રાપ્ત કરી હતી, તેવા શ્રી નમિનાથસ્વામી આપણા બધાના સંસાર સંબંધી ઘણા મોટા ભયનો નાશ કરે.

# ઋષભદેવને પૂર્વભવમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ

ભગવાન શ્રી ઋષભદેવનો આત્મા પૂર્વે ૧૦મા ભવમાં મહાબલ રાજા હતો. તે ભવમાં તેમના સ્વયંબુદ્ધ મંત્રીએ મુનિરાજના વચનો અનુસાર પોતાના રાજા મહાબળને સંબોધન કર્યું. જેથી રાજાને જ્ઞાન થયું કે તેમનું




રાજા મહાબલને સ્વયંબુદ્ધ મંત્રી દ્વારા સંબોધન

માત્ર એક માસનું જ આયુષ્ય બાકી રહ્યું છે. રાજાને તે વાતનો પૂરો વિશ્વાસ પણ આવી ગયો, તેથી રાજા ધર્મકાર્યમાં જોડાઈ ગયા અને સમાધિમરણયુક્ત ધર્મભાવનાથી લલિતાંગ દેવ થયા ત્યાં તેમની દેવીનું નામ સ્વયંપ્રભા હતું.

(આ માટે જુઓ જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૧, પાના નં. ૧૧)

ત્યારબાદ તે બંને દેવ-દેવી જંબૂદ્વીપના વિદેહક્ષેત્રના જુદા-જુદા નગરોમાં વજ્રજંઘ અને શ્રીમતી નામના રાજકુમાર-રાજકુમારી થયાં. તે ભવમાં પણ તેઓ રાજા-રાણી (પતિ-પત્ની) થયાં અને મુનિરાજને ભક્તિપૂર્વક આહાર આપ્યો. આ આહાર-દાનના ફળસ્વરૂપે તેઓ બંને ભોગભૂમિમાં જન્મ્યાં. તેનું વર્ણન આ પ્રમાણે છે.


જંબૂદ્વીપના સુદર્શન મેરુ પર્વતની ઉત્તર તરફ એક ઉત્તરકુરુ નામનું સોહામણું ક્ષેત્ર છે. તે ક્ષેત્ર ઘણું જ હર્યું ભર્યું રહે છે. ત્યાં દરેક પ્રકારનાં કલ્પવૃક્ષ છે, જેનાથી ત્યાંના મનુષ્યોને દરેક પ્રકારની ખાવા, પીવા, પહેરવા તથા રહેવા વગેરેની સુંદર સામગ્રી મળ્યા કરે છે. ત્યાં સ્વચ્છ જળથી ભરેલાં સુંદર સરોવરો છે. જેમાં મોટાં મોટાં સુંદર કમળો ખીલી રહ્યાં છે. વનની ભૂમિ લીલા-લીલા ઘાસથી શોભાયમાન છે. ત્યાંના નર-નારીઓ તથા પશુ-પક્ષીઓનું આયુષ્ય ત્રણ પલ્ય પ્રમાણ હોય છે, તેઓને આજીવન કોઈ બિમારી થતી નથી. જો સંક્ષેપમાં ત્યાંના મનુષ્યોના સુખોનું વર્ણન પૂછવામાં આવે તો માત્ર એટલો જ ઉત્તર પૂરતો થઈ શકે કે ત્યાંના મનુષ્યોને જે સુખ (સામગ્રી) પ્રાપ્ત થાય છે તેવું બીજો ક્યાંય પ્રાપ્ત થતું નથી અને જે બધે હોય છે તેનાથી ઘણું સુખ ત્યાં હોય છે. જે જીવો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રથી વિભૂષિત ઉત્તમ પાત્ર એવા મુનિરાજોને ભક્તિથી આહારદાન કરે છે, તે જ મૃત્યુ પામીને ત્યાં ભોગભૂમિમાં જન્મે છે. રાજા વજ્રજંઘ અને રાણી શ્રીમતીએ પણ પુંડરીકિણી નગરી જતી વખતે સરોવરના



મહારાજા વજ્જંઘ તથા શ્રીમતી મુનિરાજને આહારદાન આપે છે. તે સમયે વાનરાદિ ચાર જીવ ભક્તિપૂર્વક અનુમોદન કરે છે.

તટે મુનિરાજને આહારદાન આપ્યું હતું; તેથી તેઓ મૃત્યુ પામીને ઉપર વર્ણવેલા ઉત્તર કુરુક્ષેત્રમાં આર્ય અને આર્યા થયાં. પૂર્વમાં તેમની સાથે જે નોળિયો, વાઘ, સુવર અને વાનર પશુઓએ તે આહારદાનનું અનુમોદન કર્યું હતું તેના ફળ સ્વરૂપે તેઓ પણ ભોગભૂમિમાં આર્યરૂપે જન્મ્યા તથા સુખ સામગ્રીને ભોગવતા થકા સુખેથી રહેવા લાગ્યા.

એક વાર ઉત્તરકુરુક્ષેત્રમાં આર્ય અને આર્યા, કે જે રાજા વજ્રજંઘ અને શ્રીમતીના જીવો હતા, કલ્પવૃક્ષની નીચે બેઠાં બેઠાં ક્રીડા કરી રહ્યાં હતાં, એટલામાં જ ત્યાં આકાશમાં જતા સૂર્યપ્રભદેવના વિમાનને જોઈને તે બંનેને જાતિસ્મરણજ્ઞાન થયું. પૂર્વભવના સ્મરણના કારણે બંનેય વૈરાગ્યમય થઈને સંસારના દુઃખોનો વિચાર કરી રહ્યા હતા એટલામાં આકાશમાર્ગેથી વિહાર કરતા બે મુનિરાજો પધાર્યા. આર્ય દંપતિએ ઊભા થઈને તેમનું સ્વાગત કર્યું અને ચરણારવિંદમાં નમસ્કાર કરી વિનયપૂર્વક પૂછ્યું—હે મુનીન્દ્રો ! આપનાં શું નામ છે ? આપ ક્યાંથી પધાર્યા છો ? અને અહીં ભોગભૂમિમાં આપ ક્યા હેતુથી પધાર્યા છો? આપની શાંત મુદ્રા જોઈને અમારું અંતર ભક્તિથી ઉછળી જાય છે. કૃપા કરી કહો કે આપ કોણ છો ? આ વાત સાંભળી મુનિઓમાં જે મોટા મુનિરાજ હતા તે બોલ્યા : હે આર્ય! પૂર્વ ભવમાં આપ મહાબલ રાજા હતા, ત્યારે હું આપનો સ્વયંબુદ્ધ મંત્રી હતો. તે ભવમાં મેં જ આપને જૈનધર્મનો ઉપદેશ આપ્યો હતો. જ્યારે આપ બાવીસ દિવસનો સંન્યાસ ધારણ કરી સ્વર્ગે ચાલ્યા ગયા ત્યારે મેં આપના વિરહમાં દુઃખી થઈને જિન-દીક્ષા અંગીકાર કરી હતી. જેના પ્રભાવથી હું આયુષ્યના અંતે મૃત્યુ પામીને સૌધર્મ સ્વર્ગમાં સ્વયંપ્રભ વિમાનમાં મણિચૂલ(અપરનામ રત્નચૂલ) નામનો દેવ થયો. ત્યાંથી ચ્યવીને જમ્બૂદ્વીપના પૂર્વ વિદેહમાં આવેલા પુષ્કલાવતી દેશની પુંડરીકિણી નગરીમાં પ્રિયસેન અને સુંદરી નામના



પ્રીતિંકર તથા પ્રીતિદેવ નામના ચારણ ૠદ્ધિધારી મુનિરાજો દ્વારા ભોગભૂમિમાં આર્ય–આર્યા તથા પૂર્વભવના આહારદાનનું અનુમોદન કરનાર ચાર જીવોને સમ્યક્ત્વપ્રાપ્તિ હેતુ સંબોધન

રાજદંપતિને ત્યાં પ્રીતિંકર નામથી પ્રસિદ્ધ જ્યેષ્ઠ પુત્ર થયો. હું પ્રીતિદેવ નામના મારા નાનાભાઈની સાથે લઘુવયમાં જ સ્વયંપ્રભ જિનેન્દ્રની સમીપે દીક્ષિત થઈ ગયો. તીવ્ર તપના પ્રભાવથી અમને આકાશમાર્ગે ચાલવાની શક્તિ તથા અવધિજ્ઞાન પ્રાપ્ત થયું છે. જ્યારે મને અવધિજ્ઞાનથી જણાયું કે આપ અહીં જન્મ્યા છો ત્યારે હું તમને ધર્મ સમજાવવા માટે આવ્યો છું. આ જે મારી સાથે છે તે મારો નાનો ભાઈ પ્રીતિદેવ છે. હે ભવ્ય! વિષયાભિલાષાની પ્રબળતાથી મહાબલ રાજાની પર્યાયમાં આપને નિર્મલ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નહોતું, તેથી તમે આજે નિર્મલ સમ્યગ્દર્શનને ધારણ કરો. આ દર્શન જ સંસારનાં સમસ્ત દુઃખોને દૂર કરે છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ—આ સાત તત્ત્વોનો તથા દયામય ધર્મનો સાચા અંતરથી વિશ્વાસ કરવો તે જ સમ્યગ્દર્શન છે. સદૈવ નિઃશંક

રહેવું, ભોગોથી ઉદાસીન રહેવું, ગ્લાનિને જીતવું, બીજાના દોષોને છુપાવવા, ધર્મથી પડતાને ટેકો આપવો, ધર્માત્માઓ ઉપર પ્રેમ રાખવો, સમ્યગ્જ્ઞાનની પ્રભાવના કરવી તેનાં આઠ અંગ છે. પ્રશમ, સંવેગ, અનુકંપા અને આસ્તિક્ય ભાવો તેના ગુણો છે. આ પ્રમાણે આર્યને ઉપદેશ આપીને પ્રીતિંકર મહારાજે આર્યાને કહ્યું કે "હે અંબે! હું સ્ત્રી છું માટે હું કાંઈ ન કરી શકું એવું વિચારી દુઃખી ન થાઓ. સમ્યગ્દર્શન તો પ્રાણી માત્રનો ધર્મ છે, તેને દરેક ધારણ કરી શકે છે.

મુનિરાજના ઉપદેશથી આર્ય અને આર્યાએ પ્રસન્ન થઈને પોતાના આત્માઓને નિર્મલ સમ્યગ્દર્શનથી વિભૂષિત કર્યા.

આર્ય અને આર્યાએ પૂર્વ ભવમાં રાજા વજ્રજંઘ અને શ્રીમતીના ભવમાં મુનિરાજોને આહારદાન કર્યું હતું ત્યારે નોળિયો, વાઘ, વાંદરો અને સૂવર આ ચારેય જીવો મુનિરાજના ચરણોમાં અનિમેષ દૃષ્ટિ લગાવી બેઠા હતા. પૂર્વ ભવમાં આર્ય દ્વારા મુનિરાજને તેમના વિશે પૂછતાં તે મુનિરાજે ચારેયના પૂર્વભવો સંભળાવ્યા અને ઉપદેશ આપ્યો હતો. તે મુનિરાજના આહારદાનનો વૈભવ જોવાથી આ સર્વેને તેમના પૂર્વભવોનું જાતિસ્મરણજ્ઞાન થઈ ગયું હતું. જેથી તેઓ સર્વે પોતાના કુકર્મો પર પશ્ચાત્તાપ કરી રહ્યા હતા. આ સર્વેએ તે સમયે પાત્રદાનની અનુમોદનાથી વિશેષ પુણ્યનો સંચય કર્યો હતો, તેથી તે સર્વે મરીને અહીં ઉત્તર ભોગભૂમિમાં (કુરુક્ષેત્રમાં) જન્મ્યા છે. હે રાજન્! આ સર્વે આઠ ભવો સુધી તમારી સાથે સ્વર્ગ તથા મનુષ્યના સુખ ભોગવી સંસારના બંધનથી મુક્ત થઈ જશે તથા વિશેષમાં આ શ્રીમતીનો જીવ આપના તીર્થમાં દાન-તીર્થ ચલાવવાવાળો શ્રેયાંસકુમાર રાજા થશે, તથા તે જ પર્યાયથી મોક્ષ પ્રાપ્ત કરશે. કાર્ય પૂર્ણ થતાં મુનિરાજો આકાશમાર્ગે વિહાર કરી ગયા.

### જમ્બૂસ્વામીનો પૂર્વભવ

# રાજકુંવર શિવકુમાર

જમ્બૂકુમારના વંશમાં ધર્મપ્રિય નામના એક શેઠ હતા. તેને ગુણદેવી નામની પત્નીથી એક અર્હદ્દાસ નામનો પુત્ર જન્મ્યો હતો. ધન અને યૌવનના અભિમાનના કારણે તે પિતાના સંસ્કારને મહત્વ આપતો નહોતો. તેમજ કર્મોદયથી સાત વ્યસનો સેવીને સ્વચ્છન્દી થઈ ગયો હતો, પરંતુ અંતે ''મેં પિતાના ઉપદેશને ન માન્યો'' એવા વિચારો કરવાથી તેના પાપની દુર્ભાવના કાંઈક શાન્ત થઈ ગઈ. ત્યારબાદ કાંઈક પુણ્યનો સંચય કરી તે મહેન્દ્રસ્વર્ગમાં સામાનિક દેવ થયા.

તે સામાનિક દેવ ત્યાંથી ચ્યવીને ભવદેવ નામે મનુષ્યની પર્યાયને ધારણ કરે છે તથા તે ભવમાં તેને ભાવદત્ત નામે ભાઈ હોય છે. તે બંને ભાઈઓએ તે ભવમાં ભગવતી જિનદીક્ષા ધારણ કરી લીધી હતી. તે ભાવદત્ત મુનિરાજનો આત્મા સાગરદત્ત થયો અને ભવદેવનો આત્મા શિવકુમાર થયો. હવે તે બંનેની વાત કહેવામાં આવે છે.


### સાગરદત્ત મુનિરાજનો પરિચય

આપણા આ જમ્બૂદ્વીપના પૂર્વવિદેહક્ષેત્રમાં પુષ્કલાવતીદેશના અંતર્ગત એક વીતશોક નામનું નગર છે. ત્યાં મહાપદ્મ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની રાણીનું નામ વનમાલા હતું. તે બંનેને મહેન્દ્ર સ્વર્ગમાંથી ચ્યવીને એક શિવકુમાર નામનો પુત્ર જન્મ્યો હતો. નવયૌવનને પ્રાપ્ત તે શિવકુમાર એકવાર પોતાના મિત્રો સાથે ક્રીડા કરવા માટે વનમાં ગયો હતો. જ્યારે તે વનમાંથી




ગ્રામ્યજનો સાગરદત્ત મુનિરાજના દર્શન-પૂજન માટે જાય છે.

પાછો આવી રહ્યો હતો ત્યારે તેણે ચારે બાજુ ઘણા જ ઉલ્લાસથી સુગંધિત પુષ્પ વગેરે મંગળમય સામગ્રી લઈને આવતા ઘણા માણસો જોયા. તે માણસોને જોઈને તેને આશ્ચર્ય થયું અને પોતાના વૃદ્ધિસાગર નામના મંત્રીપુત્રને પૂછ્યું કે આ બધું શું છે? તેના ઉત્તરમાં તે મંત્રી પુત્રએ કહ્યું કે "હે કુમાર 'દીપ્ત' નામક




શિવકુમાર, ગ્રામ્યજનોને મંગળમય પૂજન-સામગ્રી લઈને જતાં જોઈ બુદ્ધિસાગર મંત્રીપુત્રને આ વિષે પ્રશ્ન પૂછે છે.




સામસમૃદ્ધ નામના શેઠ ભક્તિપૂર્વક સાગરદત્ત મુનિરાજને આહારદાન આપે છે.

તપશ્ચરણથી પ્રસિદ્ધ સાગરદત્ત નામના એક શ્રુતકેવળી મુનિરાજ છે. તે મુનિરાજે એક માસના ઉપવાસ કર્યા હતા. તેઓએ પારણા માટે આજે નગરમાં પ્રવેશ કર્યો હતો. સામસમૃદ્ધ નામના એક શેઠે તે મુનિરાજને વિધિપૂર્વક ભક્તિથી આહારદાન આપ્યું, તેથી તેના ત્યાં પંચાશ્ચર્યની પ્રાપ્તિ થઈ. તે મુનિરાજ અત્યારે મનોહર ઉદ્યાનમાં સ્થિત છે. કૌતુકથી ભરેલા નગરજનો તેમની ઘણી જ ભક્તિપૂર્વક પૂજા-વંદના માટે જઈ રહ્યા છે. મંત્રીપુત્રનો આવો જવાબ સાંભળી તે શિવકુમાર રાજકુમારે ફરીથી તેને પૂછ્યું કે આ મુનિરાજનું નામ સાગરદત્ત શા માટે પડ્યું છે તથા તેમને અનેક ઋદ્ધિઓ, તપશ્ચરણ અને શાસ્ત્રજ્ઞાન શા માટે પ્રાપ્ત થયું છે? તે પ્રશ્નના ઉત્તરમાં તે મંત્રીપુત્રએ તે સાગરદત્ત મુનિરાજ વિષે વિગતે વાત નીચે પ્રમાણે કરી.

પુષ્કલાવતી દેશમાં પુંડરીકિણી નામનું નગર છે. તેના સ્વામી વજ્રદંત નામના ચક્રવર્તી હતા. તેઓએ ચક્રરત્ન દ્વારા સમસ્ત પૃથ્વી પોતાને આધીન કરી લીધી હતી. તે ચક્રવર્તીની રાણી યશોધરા ગર્ભવતી બની. તેને સમુદ્રમાં જલક્રીડા કરવાની ઈચ્છા થઈ તેથી આનંદથી તે કમલમુખી રાણી મોટા વૈભવ સાથે જ્યાં સીતા નદી સમુદ્રને મળે છે તે મહાદ્વાર પર જલક્રીડા કરવા માટે સમુદ્રમાં ગઈ અને ત્યાં જ તેણે નિકટ મોક્ષગામી એવા પુત્રને જન્મ આપ્યો.

તે પુત્રનો જન્મ સાગર-સમુદ્રમાં થયો હોવાથી પરિવારના લોકોએ તેનું નામ સાગરદત્ત રાખ્યું. ત્યારબાદ યૌવનાવસ્થા પ્રાપ્ત થતા જ્યારે એકવાર સાગરદત્ત મહેલની છત પર બેસીને પોતાના પરિવારના લોકો સાથે નાટક જોઈ રહ્યો હતો તે સમયે તેના અનુકુલ નામના એક સેવકે કહ્યું કે હે કુમાર! આ આશ્ચર્ય જુઓ, આ વાદળ મંદારગિરિના આકારે કેવું સુંદર દેખાય છે? આ સાંભળી આનંદથી ભરેલો તે રાજકુમાર જેવો ઉપર તરફ મોં ફેરવીને તે નયનાભિરમ્ય દૃશ્યને જોવા માટે પ્રયત્નશીલ થયો તે જ સમયે તે વાદળનો આકાર નષ્ટ થઈ ગયો. તેને નષ્ટ થયેલું જોઈને કુમાર વિચારવા લાગ્યો કે જે પ્રકારે આ વાદળ નષ્ટ થઈ ગયું તે જ પ્રમાણે આ યૌવન, ધન, સંપદા, શરીર, આયુષ્ય તથા અન્ય બધું જ નષ્ટ થવાવાળું છે. આ પ્રમાણે વિચારતાં જ તે સંસારથી વિરક્ત થઈ ગયો. બીજા દિવસે જ મનોહર નામના ઉદ્યાનમાં સ્થિત અમૃતસાગર નામના તીર્થંકરની સમીપ જઈને તેણે ધર્મનું સ્વરૂપ સાંભળ્યું. સમસ્ત પદાર્થના સ્વરૂપનો નિર્ણય કર્યો તથા ભાઈ-બાંધવોથી વિદાય લઈ અનેક લોકો સાથે સંયમ ધારણ કરી લીધો. ત્યારબાદ મનઃપર્યય વગેરે અનેક ઋદ્ધિઓરૂપ સંપદા પ્રાપ્ત કરી, ધર્મોપદેશ દેતા થકા તે જ સાગરદત્ત મુનિરાજ સર્વ દેશોમાં વિહાર કરીને અત્રે પધાર્યા છે.



સાગરદત્ત મુનિરાજનું શિવકુમારને તેમના પૂર્વભવો વિષે સંબોધન

આ પ્રમાણે મંત્રી પુત્રના ઉપરોક્ત વચનો સાંભળી રાજકુમાર શિવકુમાર ઘણા જ પ્રસન્ન થયા અને તુરત જ સ્વયં મુનિરાજ સાગરદત્ત પાસે જઈને તેમની સ્તુતિ કરી અને ધર્મરૂપી અમૃતનું પાન કર્યું અને ઘણા વિનયથી પૂછ્યું કે હે સ્વામી ! આપને જોઈને મને ઘણો સ્નેહ ઉત્પન્ન થયો છે તેનું શું કારણ છે? તેના ઉત્તરમાં મુનિરાજે કહ્યું કે તું અને હું પૂર્વભવના ભાઈઓ હોવાથી મારા પ્રત્યે તને ઘણો સ્નેહ ઉત્પન્ન થયો છે. હું ભાવદત્તનો જીવ છું અને તું ભવદેવનો જીવ છે એ પ્રમાણે મુનિરાજ સાગરદત્તનાં વચનો સાંભળી પૂર્વનો ભવદેવ તથા વર્તમાનના શિવકુમાર રાજકુમારનો આત્મા વૈરાગ્ય પામ્યો. તે દીક્ષા લેવા માટે તૈયાર થયો. પરંતુ માતા-પિતાએ તેને રોકી દીધો. આ પ્રમાણે જેને આત્મજ્ઞાન થયું છે એવા તે શિવકુમાર રાજકુમાર જો કે નગરમાં ગયા તોપણ તેમણે નિશ્ચય કરી લીધો કે હું હવે અપ્રાસુક આહાર લઈશ નહીં. આ વાત સાંભળી રાજા મહાપદ્મે સભામાં ઘોષણા કરી કે જે કોઈ રાજકુમારને ભોજન કરાવશે તેને હું ઈચ્છાનુસાર ધન આપીશ. રાજા મહાપદ્મની આ ઘોષણા સાંભળી સાત ધર્મક્ષેત્રોનો આશ્રયદાતા દૃઢવર્મા નામના શ્રાવકે તે ઘોષણાનો સ્વીકાર કર્યો. તેથી તે રાજાની આજ્ઞાનુસાર તે રાજકુમાર શિવરાજને કહેવા લાગ્યો, કે "હે કુમાર! સ્વ અને પરના આત્માને


યુવતીઓથી વિંટળાયેલા રાજકુંવર શિવકુમાર ઘરમાં જ કઠણ તપ ધારણ કરી જીવન વ્યતીત કરે છે.

નષ્ટ કરવામાં નિપૂણ તથા પાપના કારણરૂપ આ કુટુંબીજનો તારા શત્રુ છે, તેથી હે ભદ્ર! તારા ભાવ સંયમનો નાશ ન થાય તે માટે પ્રાસુક ભોજન દ્વારા હું તારી સેવા કરીશ. જે પરિવારજનોથી વિમુક્ત થયો નથી અર્થાત્ તેમના અનુરાગમાં ફસાયેલો છે તેની સંયમમાં પ્રવૃત્તિ થવી દુર્લભ છે.'' આ પ્રમાણે હિતકારી વચનો સાંભળી કુમારે તેની વાત માનીને નિર્વિકારી આચામ્લરસનો આહાર ગ્રહણ કર્યો. તે જોકે સ્ત્રીઓ સાથે રહેતા હતા તોપણ તેમણે પોતાનું ચિત્ત ક્યારેય વિકૃત કર્યું નહોતું. તે ભોગોને તૃણ સમાન તુચ્છ માનતો હતો. આ પ્રમાણે બાર વર્ષ સુધી તીક્ષ્ણ તલવારની ધાર પર ચાલતાં ઘણું જ કઠણ તપ ધારણ કરીને તેણે આયુના અંત સમયે સંન્યાસ ધારણ કર્યો. જેના પ્રભાવથી તે બ્રહ્મસ્વર્ગમાં પોતાના શરીરની કાંતિથી દિશાઓને ઉજ્જવળ કરનાર વિદ્યુન્માલી દેવ થયો. ત્યાંથી ચ્યવીને તે આ જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં ભગવાન મહાવીરના શાસનમાં જમ્બૂસ્વામી થશે.

આ જમ્બૂસ્વામીના ભવમાં પૂર્વ શિવકુમારના ભવની જે સ્ત્રીઓ હતી તે જ શેઠની પુત્રીઓ થઈને તેમની (જમ્બૂસ્વામીની) ચાર સ્ત્રીઓ થઈ છે. તે પણ તેમની સાથે સંયમ ધારણ કરીને અંતિમ સ્વર્ગમાં દેવ થશે તથા ત્યાંથી ચ્યવીને મોક્ષદશા પ્રાપ્ત કરશે.

ભગવાન મહાવીરના શાસનમાં જમ્બૂસ્વામી અંતિમ કેવળી થઈ મથુરાક્ષેત્રથી મોક્ષદશાને પ્રાપ્ત થયા છે. તે અંતિમ કેવળી જમ્બૂસ્વામીને કોટિ-કોટિ વંદન.

ભગવાન કુંદકુંદાચાર્યદેવે તેમના ભાવપ્રાભૃત ગ્રંથમાં શિવકુમારનો આ પ્રમાણે મહિમા ગાયો છે.

બહુયુવતિજનવેષ્ટિત છતાં પણ ધીર શુદ્ધમતિ અહા!
એ ભાવસાધુ શિવકુમાર પરીતસંસારી થયા.

# દેવકીના ભવ્ય પુત્રો


એકવાર કુમાર વસુદેવ (શ્રીકૃષ્ણના પિતા) પોતાના ધનુર્વિદ્યામાં પ્રવીણ એવા કંસ વગેરે શિષ્યો સાથે જરાસંઘને જોવાની ઈચ્છાથી રાજગૃહી નગરે ગયા. તે સમયે તે રાજગૃહી નગર, બહારથી આવેલા અનેક રાજાઓના સમૂહથી શોભતું હતું. તે સમયે ત્યાં સાવધાન થઈને શ્રવણ કરનાર લોકો માટે અર્ધચક્રી (પ્રતિનારાયણ) રાજા જરાસંઘ તરફથી એક ઘોષણા થઈ રહી હતી જે વસુદેવે સાંભળી. ઘોષણામાં કહેવામાં આવ્યું કે "સિંહપુરનો સ્વામી રાજા સિંહરથ ઘણો જ ઉદ્ધત છે, તે સાચા સિંહ પર સવારી કરે છે અને ઘણો જ પરાક્રમી છે. જે પુરુષ તે રાજાને જીવતો પકડીને અમારી સમક્ષ રજૂ કરશે તે પુરુષ સંસારમાં શૂર અને અતિશય શૂરવીર ગણવામાં આવશે. શત્રુના યશનો નાશ કરનાર તે પુરુષને ઘણું જ સન્માન અપાશે. તદુપરાંત તેને સામાન્યજનોને દુર્લભ એવું આનુષંગિક પારિતોષિક આપવામાં આવશે. તે ઉપરાંત રાજા જરાસંઘની પુત્રી જીવદ્યશાનું લગ્ન તેની સાથે કરાવવામાં આવશે કે જે સુંદરીનો યશ દશે દિશાઓમાં વ્યાપ્ત છે.

તે મનોહારી ઘોષણાને સાંભળી વીરરસમાં યુક્ત વસુદેવે કંસ પાસે તે ધ્વજા ગ્રહણ કરાવી, અર્થાત્ તે આહ્વાનનો સ્વીકાર કરાવ્યો, ત્યારબાદ વસુદેવ કંસને સાથે લઈ વિદ્યાથી તૈયાર કરાયેલા સિંહોના રથ પર આરૂઢ થઈ સિંહપુર પહોંચ્યા. જ્યારે રાજા સિંહરથ સિંહોના રથ ઉપર બેસી યુદ્ધ માટે વસુદેવ સમક્ષ આવ્યો, ત્યારે તેઓએ બાણોથી તેના સિંહની રસ્સી કાપી નાખી, જેથી તેના સિંહ નાસી છૂટ્યા. તે જ સમયે કંસે ઉછળીને ગુરુની આજ્ઞાથી શત્રુને બાંધી દીધો. કંસની ચતુરાઈ જોઈને વસુદેવે કંસને વરદાન માંગવાનું કહ્યું ત્યારે

કંસે ઉત્તર આપ્યો કે હે આર્ય! અત્યારે વરદાન આપની પાસે જ અનામત રાખો! વસુદેવે રાજા જરાસંઘને શત્રુ બતાવી દીધો. શત્રુને પ્રત્યક્ષ જોતાં જરાસંઘ સંતુષ્ટ થયો; તેણે વસુદેવને કહ્યું કે તમે મારી પુત્રી જીવદ્યશા સાથે લગ્ન કરો.

તેના જવાબમાં વસુદેવે કહ્યું કે શત્રુને તો કંસે પકડ્યો છે, મેં પકડ્યો નથી, તેથી જરાસંઘે કંસને તેની જાતિ વિષે પૂછ્યું ત્યારે કંસે કહ્યું હે રાજન્! મારી માતા મંજોદરી કૌશામ્બીમાં રહે છે અને મદિરા બનાવવાનું કામ કરે છે. કંસની આ વાત સાંભળી જરાસંઘ વિચારવા લાગ્યો કે આની આકૃતિ દર્શાવે છે કે આ મદિરા બનાવવાવાળીનો પુત્ર નથી, તેથી રાજા જરાસંઘે માણસોને રવાના કરીને કૌશામ્બીથી મંજોદરીને બોલાવી. મંજોદરી મંજૂષા તથા તેના નામની મુદ્રા લઈને જરાસંઘ પાસે આવી ગઈ. રાજાના પ્રશ્નના ઉત્તરમાં મંજોદરીએ કહ્યું કે હે પ્રભો! મેં આ પુત્રને યમુનાના પ્રવાહમાં મંજૂષાથી પ્રાપ્ત કર્યો છે. મને બાળક જોઈને દયા આવી ગઈ, તેથી મેં તેનું પાલન-પોષણ કર્યું. આ બાળક સ્વભાવથી જ ઉગ્રમુખ છે. કઠોર શબ્દો બોલનારો છે જો કે તે પુણ્યવાન હોવા છતાં પણ અભાગીયો લાગે છે. બાળકો સાથે રમતા તે તેમના માથામાં થપ્પડ લગાવ્યા કરતો હતા. તેની આ દુષ્પ્રવૃત્તિથી લોકો તેના વિષે મને ઘણી જ ફરિયાદો કરવા લાગ્યા. જેથી ડરીને મેં આને કાઢી મૂક્યો.

આ શસ્ત્રવિદ્યા શિખવા ઈચ્છતો હતો, તેથી કોઈકનો શિષ્ય બની ગયો. આ કાંસાની મંજૂષા જ તેની માતા છે. હું આની માતા નથી, તેથી તેના ગુણદોષોથી મારે કાંઈ સંબંધ નથી. મંજોદરીએ કહ્યું કે આ પુત્ર કાંસની મંજૂષામાંથી મળ્યો હોઈ મેં તેનું નામ કંસ રાખેલ છે. આ પ્રમાણે કહી તે સ્ત્રીએ મંજૂષા રાજાને બતાવી. મંજૂષા ખોલતાં તેમાંથી એક નામવાળી મુદ્રા જોવા મળી. રાજા જરાસંઘે તેને વાંચી. તેમાં લખ્યું હતું કે આ રાજા ઉગ્રસેન અને રાણી પદ્માવતીનો પુત્ર છે. જ્યારે તે ગર્ભમાં હતો ત્યારથી જ ઉગ્ર હતો તેની



મહારાજા જરાસંઘની ઘોષણાનુસાર વસુદેવ તથા કંસ રાજા સિંહરથને બાંધીને જીવતો હાજર કરે છે. કંસના કુળ વિષે જાણવા મંજોદરી જરાસંઘને મંજૂષા બતાવે છે.

ઉગ્રતાથી ભયભીત થઈને તેને ત્યજી દેવામાં આવ્યો છે. આ પુત્ર જીવંત રહે તથા તેનાં કર્મો જ તેની રક્ષા કરે તેવી ભાવનાપૂર્વક તેને મંજૂષામાં બંધ કરી યમુના નદીમાં છોડવામાં આવ્યો હતો. મુદ્રિકાને વાંચતાં જ જરાસંઘ સમજી ગયો કે આ કંસ તો મારો ભાણેજ છે, તેથી જરાસંઘે હર્ષિત થઈને કંસને પોતાની ગુણરૂપી સંપદાથી યુક્ત જીવદ્યશા પુત્રી પરણાવી.

"મારા પિતા(ઉગ્રસેન)એ તો મારો જન્મ થતાં જ મને નદીમાં છોડી દીધો છે" એવું જાણતાં કંસને ઘણો જ ક્રોધ ઉત્પન્ન થયો, તેથી જરાસંઘ પાસે તેણે મથુરાનું રાજ્ય માગ્યું તથા જરાસંઘે તે આપી પણ દીધું. તે પ્રાપ્ત કરીને સર્વ પ્રકારની સેના સાથે કંસ જીવદ્યશા સાથે મથુરા આવ્યો. તે નિર્દય તો હતો જ તેથી મથુરા પહોંચતાં જ તેણે પિતા ઉગ્રસેન સાથે યુદ્ધ આરંભ્યું. યુદ્ધમાં જીતીને તુરત જ પિતાને બંદી બનાવી દીધા અને ત્યારબાદ પ્રકૃતિથી અત્યંત ઉગ્ર અને જેની આશાઓ (અપેક્ષાઓ) અત્યંત શુદ્ર હતી તેવા તે કંસે, રાજા ઉગ્રસેનને નગરના મુખ્ય દ્વાર ઉપર કેદ કરી દીધા.




મહારાજા કંસ ગુરુ વસુદેવને ઉપકારના પ્રત્યુપકાર હેતુ પોતાની બહેન દેવકીને પ્રદાન કરે છે.

કંસે ધનુર્વિદ્યામાં પ્રવીણતા પ્રાપ્ત કરી હતી તેથી તે વસુદેવના ઉપકારથી આભારવશ હોવાથી તેનો પ્રત્યુપકાર કરવા તો ઈચ્છતો હતો, પરંતુ તે નિર્ણય કરવામાં અસમર્થ હતો કે તે વસુદેવનો પ્રત્યુપકાર કઈ રીતે કરે. તે સદા પોતાને વસુદેવનો

કિંકર સમજતો હતો. એકવાર તે ઘણી જ ભક્તિપૂર્વક વિનંતી કરી વસુદેવને મથુરા લઈ આવ્યો અને ગુરુદક્ષિણારૂપે પોતાની દેવકી નામની બહેનને વસુદેવ સાથે પરણાવી દીધી. ત્યાર પછી વસુદેવ કંસના આગ્રહથી સુંદર કાંતિની ધારક અને મધુરભાષી દેવકી સાથે રમણ કરતો થકો મથુરામાં જ રહેવા લાગ્યો. શત્રુઓને સંતપ્ત કરનાર તથા જરાસંઘને અતિશયપ્રિય એવો કંસ શૂરસેન નામના વિશાળ દેશની રાજધાની મથુરા પર શાસન કરવા લાગ્યો.

એકવાર કંસના મોટાભાઈ અતિમુક્તક મુનિરાજ આહારના સમયે રાજમહેલ આવ્યા. તે સમયે કંસની પત્ની જીવદ્યશા ચંચળભાવે તેમને નમસ્કાર કરી હાસ્ય સહિત ક્રીડાભાવથી યુક્ત તે મુનિ સમક્ષ ઉપસ્થિત થઈ કહેવા લાગી કે જુઓ તમારી બહેન દેવકીનું આ લગ્નનું વસ્ત્ર. સંસારની સ્થિતિને જાણવાવાળા તે મુનિરાજ, તે રાજવૈભવથી અભિમાની અને ચંચળ ચિત્તવાળી જીવદ્યશાને પોતાની વચનગુપ્તિ તોડી કહેવા લાગ્યા "હે ઉદ્દંડ નારી! તું મશ્કરી કરે છે પણ આ તારી મૂર્ખતા છે. તું દુઃખદાયક શોકના સ્થાને આનંદ માણી રહી છે. આ દેવકીના ગર્ભથી જે પુત્ર થશે તે જ તારા પતિ અને પિતાને મારનાર થશે. એ વાત તું નિશ્ચિત સમજી લે. એવી જ હોનહાર છે એને કોઈ ટાળી શકે તેમ નથી.


આ સાંભળતાં જ જીવદ્યશા ભયભીત થઈ ગઈ, તેના નેત્રોમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં, તે તે જ સમયે મુનિરાજને છોડી પતિ પાસે ગઈ તથા "મુનિના વચનો સત્ય જ નીકળે છે." એવા વિશ્વાસપૂર્વક તેણે કંસને બધા જ સમાચાર કહી સંભળાવ્યા. પત્નીના મુખેથી આ સમાચાર સાંભળી કંસને પણ શંકા થઈ ગઈ. તે તીક્ષ્ણબુદ્ધિનો ધારક તો હતો જ, તેથી શીઘ્રતયા ઉપાય વિચારી સત્યવાદી વસુદેવ પાસે ગયો અને ચરણોમાં નમ્રીભૂત થઈને વરદાન માંગવા




(૧) મહારાજા કંસને ત્યાં અતિમુક્તક મુનિરાજ આહાર હેતુ પધારે છે ત્યાં રાણી જીવદ્યશા મદસહિત મુનિનો અવિનય કરે છે તેથી મુનિ તેને કંસની ભવિષ્યવાણી બતાવે છે.

(૨) જીવદ્યશા આ સમગ્ર પ્રસંગ તથા ભવિષ્યવાણી પતિ કંસને કહે છે.

લાગ્યો. કંસે કહ્યું કે હે સ્વામિન્! મારું જે વચન આપની પાસે ધરોહર (અનામત) છે તે આપો. હું એ વરદાન માગું છું કે "પ્રસુતિ સમયે દેવકી મારા ઘરે નિવાસ કરે." વસુદેવને મુનિરાજ સાથે થયેલી વાત વિષે કાંઈ ખબર ન હતી, તેથી તેમણે લાંબુ વિચાર્યા વિના કંસને વરદાન આપી દીધું. ભાઈના ઘરે બહેનને શી આપત્તિ આવે? એથી શંકા પણ ન કરી શકાય? પાછળથી હકીકત જાણ થતાં તેમનું અંતર પશ્ચાત્તાપથી ઘણું જ દુઃખી થયું. તેઓ તે જ સમયે



વસુદેવ તથા દેવકી અતિમુક્તક મુનિરાજના દર્શન કરી પોતાના પ્રશ્નનો ઉત્તર સાંભળે છે.

આમ્રવનની મધ્યમાં સ્થિત ચારણઋદ્ધિધારી અતિમુક્તક મુનિ પાસે દેવકી સાથે ગયા અને પ્રણામ કરી તેમના સમીપ આસન ગ્રહણ કર્યું. મુનિરાજે બંનેને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ વસુદેવે પોતાના અંતરમાં ઊભાં થયેલો પ્રશ્ન મુનિરાજને પૂછ્યો :

પ્રશ્ન : હે ભગવન્! કંસે પૂર્વજન્મમાં એવું ક્યું કૃત્ય કર્યું હતું કે તે દુર્બુદ્ધિ પોતાના જ પિતાનો શત્રુ બન્યો? એ જ રીતે હે નાથ! શું મારો પુત્ર આ પાપી કંસનો વિનાશ કરનારો થશે? હું આ સર્વે જાણવા ઈચ્છું છું. તો આપ કૃપા કરી બતાવો. અતિમુક્તક મુનિરાજ દિવ્યનેત્રના ધારક તથા અવધિજ્ઞાની હતા. તેથી તેઓ પ્રશ્નના ઉત્તરમાં કહેવા લાગ્યા.

## કંસના પૂર્વજન્મનું વૃત્તાંત

આ મથુરાનગરીમાં એક વશિષ્ઠ નામનો તાપસ રહેતો હતો. તે અજ્ઞાની યમુના નદીના કિનારે તપ કરતો હતો. એક પગ ઉપર ઊભો રહેતો હતો, ઉપર તરફ બંને ભૂજાઓને ઉઠાવેલી રાખતો હતો અને મોટી મોટી જટાઓ રાખતો હતો. એકવાર ત્યાં ૫૦૦ શિષ્યો સાથે વીરભદ્ર મુનિ આવ્યા. તેમના સંઘના નવદીક્ષિત મુનિએ વશિષ્ઠની તપસ્યા જોઈ 'અહા! ઘોર તપસ્વી વશિષ્ઠ છે' તે પ્રકારે પ્રશંસા કરી ત્યારે આચાર્યે તાપસીને અજ્ઞાની બતાવીને તે નવદીક્ષિતને પ્રશંસા કરતાં રોક્યો. વશિષ્ઠે પૂછ્યું કે "હું અજ્ઞાની કેવી રીતે છું?" આચાર્યે ઉત્તરમાં કહ્યું કે તું છ કાયના જીવોને પીડા પહોંચાડે છે, માટે અજ્ઞાની છે. પંચાગ્નિ તપમાં અગ્નિનો સંસર્ગ અવશ્ય રહે છે અને અગ્નિ દ્વારા પંચેન્દ્રિય, વિકલેન્દ્રિય તથા એકેન્દ્રિય જીવો અવશ્ય બળે છે. પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પાંચે સ્થાવર તથા અન્ય ત્રસ પ્રાણીઓનો વિઘાત થવાથી અજ્ઞાની જીવને પ્રાણી સંયમ કઈ રીતે હોઈ શકે? આ પ્રમાણે વિરક્ત થઈને પણ જે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રને માનવાવાળો છે તેને સમ્યગ્જ્ઞાનપૂર્વક થવાવાળો ઈન્દ્રિય સંયમ પણ કઈ રીતે થઈ શકે? જે કાયક્લેશરૂપ તપ આચરે છે, માનથી ભરેલો છે તથા સમીચીન સંયમથી રહિત છે તેની તપસ્યા મુક્તિ માટે શી રીતે હોઈ શકે? એક જૈનમાર્ગ જ સન્માર્ગ છે, તેમાં જ સંયમ, તપ, દર્શન, ચારિત્ર અને સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરવાવાળું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. આચાર્યના મુખેથી પ્રાપ્ત ઉપદેશથી વશિષ્ઠ તાપસને સમજાયું કે હું અજ્ઞાની છું અને જૈનધર્મ સમ્યગ્જ્ઞાનથી પરિપૂર્ણ છે, તેથી તેણે વીરભદ્ર ગુરુ પાસે જિનદીક્ષા અંગીકાર કરી લીધી. તેની સાથે અનેક મુનિઓ તપશ્ચર્યા કરી રહ્યા હતા,

પરંતુ લાભાન્તરાયકર્મના ઉદયથી તે બધામાં એક વશિષ્ઠ મુનિ જ આહારના લાભથી વંચિત રહી જતા હતા, અર્થાત્ તેમને ભિક્ષાની પ્રાપ્તિ ઘણા ઓછા વખત થતી હતી. પરિષહ સહન કરવાનો જેને સારો અભ્યાસ થઈ ગયો હતો, એવા વશિષ્ઠ મુનિ પૃથ્વી પર પ્રસિદ્ધ એકલવિહારી થઈ ગયા. એકલા જ વિચરવા લાગ્યા.

મહાતપસ્વી વશિષ્ઠ મુનિ એકવાર વિહાર કરતા કરતા મથુરા આવ્યા, તેથી રાજા અને પ્રજાએ ઘણા જ સન્માનપૂર્વક તેમની પૂજા કરી. તેમના તપથી વશીભૂત થયેલી સાત દેવીઓ તેમને આધીન થઈ. તે સમયે વશિષ્ઠ મુનિએ દેવીઓને કહ્યું કે અત્યારે તેમનું કોઈ કામ નથી, તેથી દેવીઓ પોતાના સ્થાને ચાલી ગઈ. એક માસોપવાસ પછી વશિષ્ઠ મુનિ તપશ્ચર્યા કરી રહ્યા હતા, તેમને પારણું કરાવવાની રાજા ઉગ્રસેનની ભાવના હતી, તેથી તેમણે હુકમ કર્યો કે આ મુનિને હું જ આહાર આપીશ, અન્ય નગરવાસીઓને આહાર આપવાની મના ફરમાવી. મુનિરાજ એક-એક માસોપવાસ પછી આહાર માટે પધાર્યા, પરંતુ પ્રમાદવશ રાજા આહાર આપવાનું ભૂલી ગયો. મુનિ આહાર માટે મથુરામાં ફર્યા, પરંતુ ક્યાંય પણ આહાર ન મળ્યો. અંતે શ્રમથી પીડિત તેઓ નગરના દ્વાર પાસે વિશ્રામ કરવા લાગ્યા. તે મુનિને જોઈ નગરજનોએ કહ્યું કે ઘણા ખેદની વાત છે કે મુનિરાજને રાજા સ્વયં આહાર આપતો નથી અને બીજાઓને મનાઈ ફરમાવી છે. આ જાણતાં મુનિરાજને ક્રોધ આવી ગયો અને તે જ સમયે પહેલાં આવેલી દેવીઓને કહ્યું કે તમે આગલા જન્મમાં મારું કામ કરજો અને મુનિ વન તરફ પ્રસ્થાન કરી ગયા. રાજા ઉગ્રસેનનું અપમાન કરવા માટે મુનિએ ઉગ્ર નિદાન બાંધી લીધું કે "હું ઉગ્રસેનનો પુત્ર થઈને તેમની સાથે બદલો લઉં." નિદાનના કારણે મુનિ મૃત્યુ પામી રાજા ઉગ્રસેનની રાણી પદ્માવતીના ગર્ભમાં ઉત્પન્ન થયા. જન્મથી જ બાળક અત્યંત રૌદ્ર

હતો, તેથી રાણીએ ભયથી તે બાળકને કાંસાની મંજૂષામાં બંદ કરી યમુનાના પ્રવાહમાં છોડી દીધો. તે પછીની હકીકત તો તું જાણે છે. આગળ જતાં તારો પુત્ર જ તે પાપી કંસને મારશે અને રાજા ઉગ્રસેનને છોડાવશે.

હવે તારા પુત્રોનું વૃત્તાંત કહું છું, તે ધ્યાનથી સાંભળ!

દેવકીના પ્રથમ છ પુત્રો ચરમશરીરી થશે, તેમનું મૃત્યુ થશે નહીં, તેથી ચિંતારૂપી વ્યાધિનો ત્યાગ કર! કારણ કે આ છ જીવો યુગલપુત્રરૂપે દેવકીના ગર્ભથી ક્રમે-ક્રમે ઉત્પન્ન થશે. તેઓ પરાક્રમના મહાસાગર—અત્યન્ત પરાક્રમી થશે. ઈન્દ્રનો આજ્ઞાકારી સુનૈગમ અપરનામ હારી નામનો દેવ તે પુત્રોનો જન્મ થતાં જ ધાયના આત્મા અલકાને ત્યાં તેમને પહોંચાડી દેશે. ત્યાં તે યૌવનાવસ્થા પ્રાપ્ત કરશે. તે પુત્રોમાં મોટો પુત્ર નૃપદત્ત, બીજો દેવપાલ, ત્રીજો અનિકદત્ત, ચોથો અનિકપાલ, પાંચમો શત્રુઘ્ન અને છઠ્ઠો જિતશત્રુ નામે પ્રસિદ્ધ થશે. તારા આ બધા જ પુત્રો રૂપથી અત્યંત સુંદર તથા સમાન દેખાવવાળા હશે. આ સર્વે કુમારો હરિવંશના ચંદ્રમા, ત્રણ જગતના ગુરુ શ્રી નેમિનાથ ભગવાનની શિષ્યતાને પ્રાપ્ત કરી મોક્ષ જશે. દેવકીનો સાતમો પુત્ર શંખ, ચક્ર, ગદા તથા ખડ્‌ગને ધારણ કરવાવાળો થશે. તે કંસ વગેરે શત્રુઓને મારીને સમસ્ત પૃથ્વીનું પાલન કરશે. તે અત્યંત વીર થશે તથા આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં નવમો નારાયણ થશે.

મૃત્યુની શંકાથી શંકિત કંસ વસુદેવ અને દેવકીની નિરંતર સેવા સુશ્રુષા કરવા લાગ્યો. ત્યારબાદ પ્રસવ સમય આવતાં દેવકીને યુગલ પુત્રો જન્મ્યા ત્યારે ઈન્દ્રની આજ્ઞાથી સુનૈગમ નામનો દેવ તે યુગલપુત્રોને સુભદ્દિલપુર નગરના શેઠ સુદૃષ્ટિની પત્ની અલકા (પૂર્વભવની રેવતી ધાયનો જીવ)ના ત્યાં પહોંચાડી આવ્યો તે જ સમયે અલકાને પણ બે યુગલ પુત્રો જન્મ્યા હતા, પરંતુ ભાગ્યવશ તે જન્મ થતાં જ મૃત્યુ પામ્યા હતા. નૈગમદેવ તે બંને મૃત

પુત્રોને ઉઠાવી દેવકીના પ્રસુતિગૃહમાં મુકી ગયો. શંકાથી યુક્ત કંસે બહેનના પ્રસુતિગૃહમાં પ્રવેશ કરી તે બંને મૃતક પુત્રોને જોઈ ભીલ સમાન રૌદ્ર પરિણામી થઈને તેમના પગ પછાડીને તેમને પત્થર પર પટકી દીધા. ત્યાર પછી દેવકીએ ક્રમે-ક્રમે બે અન્ય યુગલ પુત્રોને જન્મ આપ્યો તે દેવે તેમને પણ પુત્રોની ઈચ્છા રાખનાર અલકા શેઠાણીને સોંપી દીધા. આ તરફ પાપી કંસે તે શેઠાણીના નિષ્પ્રાણ પુત્રોને પહેલાંની જેમ જ શિલા પર પટકી દીધા, તેમનું પોતાનું પુણ્ય જ તે છએ દેવકી પુત્રોની રક્ષા કરી રહ્યું હતું.

## દેવકીના સાતે પુત્રોના પૂર્વ ભવ

ઘણા સમય પૂર્વે રાજા શૂરસેન મથુરાપુરીની રક્ષા કરતા હતા. તે સમયે ત્યાં બાર કરોડ મુદ્રાઓનો અધિપતિ ભાનુ નામનો શેઠ રહેતો હતો. તેની પત્નીનું નામ યમુના હતું. તે બંનેને સુભાનુ, ભાનુકીર્તિ, ભાનુષેણ, શૂર, સૂરદેવ, સૂરદત્ત અને શૂરસેન આ સાતે પુત્રો જન્મ્યા. તે સાતેય પુત્રો અત્યંત સુંદર તથા સ્વભાવથી જ પરસ્પરના સ્નેહી હતા. તે સાતે પુત્રોને ક્રમથી કાલિન્દી, તિલકા, કાંતા, શ્રીકાંતા, સુંદરી, દ્યુતિ અને ચંદ્રકાંતા આ સાત પત્નીઓ હતી. તે ઉચ્ચકુળની કન્યાઓ હતી. ભાનુ શેઠે અભયનંદી ગુરુ પાસે દીક્ષા લીધી તથા તેમની પત્ની યમુનાએ જિનદત્તા આર્યિકા પાસે દીક્ષા લઈ લીધી. સાતે ભાઈઓએ જુગાર અને વેશ્યાના વ્યસનોમાં ફસાઈને પિતાનું બધું જ ધન નષ્ટ કરી નાખ્યું. તે પુત્રોની પાસે કાંઈ જ ન બચ્યું; તો તેઓ ચોરી કરવા માટે ઉજ્જૈની નગરે ગયા. ઉજ્જૈનની બહાર મહાકાળ નામનું એક વન છે ત્યાં સંપતિની રક્ષા માટે નાનાભાઈ શૂરસેનને રાખી બાકીના છ ભાઈઓએ નિશંક થઈને રાત્રીના સમયે નગરમાં પ્રવેશ કર્યો. ચોરી કર્યા પછી તેઓએ ચોરીથી પ્રાપ્ત થયેલા ધનના સરખા ભાગ પાડી શૂરસેનને કહ્યું કે તારો ભાગ લઈ લે. શૂરસેને પોતાનો ભાગ લેવાની અનિચ્છા પ્રગટ કરતાં કહ્યું કે "લોકો સ્ત્રીઓ પાછળ જ વિવિધ પ્રકારના

અનર્થ કરે છે અને સ્ત્રીઓ વજ્રમુષ્ટિ સમાન હોય છે. આ વૃત્તાંત સાંભળીને સુભાનુ સિવાયના બાકીના છએ ભાઈઓએ વિરક્ત થઈને વરધર્મ ગુરુ પાસે દીક્ષા અંગીકાર કરી. મોટોભાઈ ધન લઈને સ્ત્રીઓની પાસે ગયો અને બધી જ હકીકત સંભળાવી, ત્યારે તે સ્ત્રીઓએ પણ વિરક્ત થઈ દીક્ષા લઈ લીધી. અંતે મોટાભાઈ સુભાનુની બુદ્ધિ પણ ઠેકાણે આવી ગઈ, તેથી તેણે પણ વરધર્મ ગુરુની સમીપે દીક્ષા લઈ લીધી.

ઘોર તપને ધારણ કરવાવાળા તે સાતે મુનિરાજ આયુના અંતે સમાધિમરણ કરીને સૌધર્મ સ્વર્ગમાં એક સાગરના આયુષ્યવાળા ત્રાયસ્ત્રિંશ જાતિના દેવ થયા.

ધાતકીખંડ દ્વીપના પૂર્વ ભરતક્ષેત્રમાં જે વિજયાર્ધ પર્વત આવેલો છે તેની દક્ષિણ શ્રેણીમાં નિત્યલોક નામનું નગર છે. ત્યાંના રાજાને ત્યાં સાત પુત્રો તરીકે જન્મ્યા. ત્યાં વૈરાગ્ય પ્રાપ્ત થવાથી સાતેય મુનિરાજ આયુષ્યના અંતે સમાધિમરણ કરીને માહેન્દ્ર સ્વર્ગમાં સાત સાગરના આયુષ્યના ધારક સામાનિક જાતિના દેવ થઈ ત્યાંની વિભૂતિ લાંબાકાળ સુધી ભોગવતા રહ્યા.

ત્યાંથી ચ્યવીને મોટોભાઈ સુભાનુનો જીવ ભરતક્ષેત્રના હસ્તિનાપુર નગરના શેઠની બંધુમતી શેઠાણીથી શંખ નામનો પુત્ર થયો. બાકીના છ ભાઈઓના જીવો આ જ નગરમાં રાજા ગંગદેવની નંદયશા રાણીને ત્યાં ત્રણ યુગલોરૂપે જન્મ્યા. રાણી નંદયશાના ગર્ભમાં જ્યારે સાતમો પુત્ર આવ્યો ત્યારે રાણીને અત્યન્ત દુર્ભાગ્યનો ઉદય આવ્યો, તેથી દુઃખી થઈને તે રાણીએ જન્મેલા પુત્રને ત્યજી દીધો. દુર્ભાગ્યવશ તે રેવતી નામની ધાયના ત્યાં ઉછર્યો. તેનું નામ નિર્નામિક હતું. તે શ્રેષ્ઠીપુત્ર શંખને ઘણો જ પ્રિય હતો. શંખનો જીવ દીક્ષા લઈ તપ કરીને આગળના ભવમાં હળને ધારણ કરનારા બળદેવ થશે અને નિર્નામિકનો જીવ મુનિદીક્ષા લઈ નિદાનબંધના કારણે નારાયણ કૃષ્ણ થશે.




દેવકીના સાત સ્વપ્નોના ફળ સ્વરૂપે તેને ત્રણખંડનો અધિપતિ નવમો નારાયણ જન્મશે, એ વાત કહેતા વસુદેવ

રાણી નંદયશા, રેવતી ધાય તથા બંધુમતી શેઠાણીએ પણ સુવ્રતા નામની આર્યિકાની સમીપે ઉત્તમ વ્રતોના સમૂહથી સુશોભિત દીક્ષા ધારણ કરી લીધી. રેવતી ધાય મનુષ્યપર્યાય પ્રાપ્ત કરી ભદ્દિલસા નગરમાં સુદૃષ્ટિ નામના શેઠની અલકા નામની સ્ત્રી થાય છે. એ પ્રમાણે મુનિરાજે પોતાના પુત્રોના પૂર્વભવોનું વર્ણન કર્યું. આ સાંભળી વસુદેવ તથા દેવકી નિશ્ચિંત બન્યાં.

(અહીં દેવકીના સાત પુત્રોના પૂર્વભવની કથા સમાપ્ત થાય છે.)

જેમનું વર્ણન પૂર્વે કર્યું તે છ પુત્રો યુગલરૂપે રાજપુત્રો થયા છે. તે બધા દેવકીના ત્યાં ત્રણ યુગલ પુત્રરૂપે થશે અને તેમને દેવ દ્વારા અલકા શેઠાણીને ત્યાં રાખવામાં આવેલ છે. ત્યાં તેમનું સુખપૂર્વક લાલન-પાલન થઈ રહ્યું છે.

છ પુત્રોના જન્મ પછી એકવાર દેવકીએ રાત્રીના અંતિમ પહોરમાં સાત ઉત્તમ સ્વપ્નો જોયાં. દેવકીએ પોતાના પતિ વસુદેવને તે સ્વપ્નોની વાત સંભળાવી તેનું ફળ પૂછ્યું ત્યારે વસુદેવે કહ્યું કે હે પ્રિયે! તને શીઘ્ર જ ત્રણ ખંડનો અધિપતિ થનાર એવા નવમા નારાયણરૂપ પુત્રની પ્રાપ્તિ થશે.

આ સાતમા પુત્રનો જન્મ થતાં જ કંસના ભયથી બળભદ્ર તથા વસુદેવ વૃંદાવન ગામમાં વસતા સુનંદ ગોપ અને તેની પત્ની યશોદાને ત્યાં તેને સોંપી આવ્યા. તે સુનંદ ગોપ વંશ પરંપરાથી વસુદેવનો વિશ્વાસપાત્ર હતો. સુનંદ ગોપને તેઓએ સૂચના આપી કે "તું આને તારો પોતાનો પુત્ર સમજીને ઉછેર કર તથા આ રહસ્ય કોઈને પણ ખબર ન પડે એ વાતનું ધ્યાન રાખજે." તે જ સમયે વસુદેવ ગોપની પત્ની યશોદાને જન્મેલી પુત્રીને લઈને તુરત જ પાછા આવી ગયા અને તે પુત્રી દેવકીને સોંપી દીધી તથા શત્રુને વિશ્વાસ ઉપજાવવા માટે તેઓ ગુપ્તરૂપે સ્થિત (સંતાઈ) થઈ ગયા. ત્યારબાદ કંસ બહેનના પ્રસુતિગૃહમાં આવી ગયો, પરંતુ ત્યાં પુત્રને બદલે નિર્દોષ કન્યાને જોઈને જોકે


તેનો ક્રોધ શમી ગયો છતાં આનો પતિ મારો શત્રુ થાય તેવી શંકાથી ગ્રસ્ત થઈ તે કન્યાને હાથથી ઉઠાવી તેનું નાક ચપટું કરી દીધું.

આ પ્રમાણે દેવકીના મનને સંતાપ કરવાવાળા કંસે જ્યારે જાણ્યું કે આને હવે પુત્રો થવાનું બંધ થઈ ગયું છે ત્યારે તે સંતુષ્ટ થઈ હૃદયની ક્રૂરતાને છુપાવતો થકો કેટલાક દિવસો સુધી સુખેથી રહેવા લાગ્યો. ત્યારબાદ જેનું જાતસંસ્કાર કરી કૃષ્ણ નામ રાખવામાં આવ્યું હતું એવો વજવાસી બાળક નંદ અને યશોદાની અભૂતપૂર્વ કીર્તિને વધારતો થકો સુખેથી વૃદ્ધિ પામવા લાગ્યો. જ્યારે તે બાળક ગદા, ખડ્ગ, ચક્ર, અંકુશ, પદ્મ વગેરે ચિહ્નો દ્વારા પ્રશસ્ત રેખાઓ દ્વારા ચિહ્નિત લાલ-લા હાથ-પગ ચલાવતો હતો ત્યારે ગોપ અને ગોપીઓના મનને સહજ આકર્ષિત કરતો થકો વૃદ્ધિ પામવા લાગ્યો.


આ પ્રમાણે અતિમુક્તક મુનિરાજના કથન અનુસાર આ નિર્નામકનો જીવ અનેક પ્રકારના પરાક્રમોથી પ્રસિદ્ધ થયો થકો ભાઈ બળદેવ, પિતા વસુદેવ તથા માતા દેવકીને આનંદિત કરતો થકો નવમો નારાયણ થયો. તેણે રાજા ઉગ્રસેનને બંધનમાંથી મુક્ત કર્યા.

આ પ્રમાણે દેવકીના સાતે પુણ્યશાળી પુત્રોનું પોતપોતાના પુણ્ય અનુસાર પાલન-પોષણ થઈ રહ્યું હતું. દેવકી માત્ર અંતિમ પુત્રને જ ઓળખી શકી હતી અને બાકીના છ પુત્રો વિષે તે અજાણ હતી.

એકવાર દેવકીને ત્યાં જ્યારે તે છ મુનિરાજ (જે તેના જ પુત્રો હતા) બે-બે કરીને આહારાર્થે પધાર્યા, તેથી દેવકીને શંકા થવાથી તેણે ભગવાન નેમિનાથના સમવસરણમાં જઈને અત્યંત વિનયપૂર્વક હાથ જોડી ભગવાનને નમસ્કાર કરી પ્રશ્ન પૂછ્યો કે હે ભગવન્! આજે સુવર્ણસમાન સુંદર બે મુનિ યુગલો મારા ભવનમાં ત્રણવાર આવ્યા ને તેઓએ ત્રણવાર આહાર ગ્રહણ




દેવકીના નિવાસે ત્રણે પૈકી એક-એક યુગલ મુનિરાજ આહાર હેતુ પધારે છે.



ભગવાન નેમિનાથના સમવસરણમાં દેવકીનો છ મુનિરાજ વિષે પ્રશ્ન તથા ભગવાનની દિવ્યધ્વનિ દ્વારા સમાધાન.

કર્યો. હે પ્રભો ! જ્યારે મુનિરાજોના ભોજનનો સમય એક જ છે તથા તેઓ એક જ વાર ભોજન કરે છે ત્યારે આ મુનિઓએ મારા ગૃહે આહારાર્થે વારંવાર કેમ પ્રવેશ કર્યો ? અથવા શું એમ છે કે આ ત્રણ મુનિ યુગલ હોય અને અત્યંત સમાન રૂપવાળા હોવાને કારણે હું ભ્રાન્તિને કારણે તેમને ન ઓળખી શકી હોઉં, તથા હે ભગવન્! મને તે સર્વ મુનિરાજો પ્રત્યે પુત્ર સમાન સ્નેહ શા માટે ઉત્પન્ન થયો?


દેવકીના આ પ્રકારના ઉત્તરમાં ભગવાને કહ્યું કે "આ છ મુનિઓ તારા જ પુત્રો છે અને કૃષ્ણના પહેલાં તેં જ તેમને યુગલરૂપે જન્મ આપ્યો છે. દેવોએ કંસથી તેમની રક્ષા કરવા માટે ભદ્દિલપુરમાં સુદૃષ્ટિશેઠ તથા અલકા શેઠાણીને ત્યાં મૂક્યા હતા અને ત્યાં જ તેમનું લાલન-પાલન થયું. (તેમનો ઉછેર થયો) ધર્મશ્રવણના પ્રતાપે આ સર્વ એકીસાથે ભગવતી જિનદીક્ષા ધારણ કરી મુનિ થઈ ગયા તથા કર્મોનો નાશ કરી આ જ ભવે મોક્ષને પ્રાપ્ત કરશે. આ સર્વે નવીન દીક્ષિત થઈને ભિક્ષા માટે નગરમાં આવ્યા હતા તથા તારે ત્યાં એક સમાન રૂપવાળા મુનિઓ ત્રણવાર બે-બે કરીને આહારાર્થે આવ્યા, તેથી તેમને જોતાં જ તારો પૂર્વજન્મથી ચાલ્યો આવેલો તેમના પ્રત્યેનો સ્નેહ ઉત્પન્ન થઈ ગયો તે સ્વાભાવિક જ છે, કારણ કે ધર્મીને સમસ્ત ધર્માત્મા જનો પ્રત્યે પ્રેમ હોય છે. તો પછી જે પુત્રો પણ હોય અને ધર્માત્મા પણ હોય તેમના પ્રત્યે સ્નેહ કેમ ઉત્પન્ન ન થાય?

ત્યારબાદ દેવકીએ સંતુષ્ટ થઈ તે પુત્રરૂપ મુનિઓને નમસ્કાર કર્યા તથા કૃષ્ણ-બળદેવ વગેરે સમસ્ત યાદવોએ નમ્રીભૂત થઈને તેમની સ્તુતિ કરી અંતે છએ મુનિરાજો પોતાની સાધના પૂર્ણ કરીને તે જ ભવે મુક્તિલક્ષ્મીને વર્યા.

# જ્ઞાનીઓ દ્વારા દેવ–ગુરુની ભક્તિ

શ્રીરામચન્દ્રજી, લક્ષ્મણજી તથા સીતાજી અયોધ્યાથી વનવાસ જતાં, સીતાજીના કારણે ધીમે ધીમે વનગમન કરતાં, વંશધર પર્વતના ઘોરવનમાં પહોંચ્યા. તે વનમાં વાંસના વૃક્ષોની અધિકતા હતી. સઘન વૃક્ષાવલીના કારણે માર્ગ વિષમ થઈ ગયો હતો. સૂર્યનો પ્રકાશ પણ પૃથ્વી સુધી પહોંચી શકતો નહોતો. શ્રીરામ તથા લક્ષ્મણ સીતાને વચ્ચે રાખીને ધીમે ધીમે તે વિષમ માર્ગને પાર કરતાં કરતાં સંધ્યા સમયે એક નગરની નિકટ પહોંચ્યા તે નગરનાં નિવાસીઓને અત્યંત ગભરાયેલી દશામાં ભાગતાં જોઈ શ્રીરામે તેમને નગર છોડી ભાગવાનું કારણ પૂછ્યું. ત્યારે એક માણસે કહ્યું કે હે દેવ! આજે ત્રીજો દિવસ છે. રાત્રીના સમયે આ પહાડ ઉપર પૃથ્વીને કંપાયમાન કરનાર અત્યંત ભયંકર અને પ્રચંડ અવાજ થાય છે. તે અવાજથી બીજું તો ઠીક પણ સરોવરનું જળ પણ ચલાયમાન થઈ જાય છે, તેથી આસપાસના નગરજનો તે ભયંકર અવાજથી ભયભીત થઈ સંધ્યા થતાં જ આ પહાડથી—નગરથી દૂર જતા રહે છે અને અત્યંત વ્યાકુળતાપૂર્વક કષ્ટથી રાત્રિ વ્યતીત કરી સવારે નગરમાં આવીને પોતપોતાનું કામ કરવા લાગી જાય છે.


સીતાજી તે વૃદ્ધનાં વચનો સાંભળી અંતરથી ભયભીત થઈ લક્ષ્મણને કહેવા લાગ્યાં કે "હે વીર! આવા સમયે જ્યાં સર્વ નગર-નિવાસી જઈ રહ્યા છે ત્યાં જવું આપણા માટે ઉચિત છે! નીતિજ્ઞ પુરુષો દેશ-કાળ અનુસાર જ પુરુષાર્થ કરે છે. કદાચિત્ તે કારણે જ તેઓ મોટી-મોટી આપત્તિઓથી બચી





વંશસ્થલ પર્વત પાસે સંધ્યા સમયે નીકળતા લોકોને ગામ છોડી ભાગતા જોઈ શ્રીરામનો એક મનુષ્યને પ્રશ્ન.....

પણ જાય છે. ત્યારે નિર્ભય એવા શ્રીરામે હસીને કહ્યું કે હે સીતે! તું ભયભીત થઈને કાયર થઈ રહી છે; તેથી તું જ આ લોકો સાથે આપદાશૂન્ય સુરક્ષિત સ્થાને જતી રહે! સવાર થતાં જ આ લોકોની સાથે પાછી આવી જજે. અમે બંને તો આજે આ પહાડ ઉપર જઈને રહીશું અને જોઈશું કે આ ભયંકર ધ્વનિ કોણ અને ક્યા કારણે કરે છે? જેના ભયથી આ બિચારા નગર-નિવાસી ઘર-બાર છોડીને વ્યાકુળ થઈ ભાગતા ફરે છે. અમને તો આ લોકોની જેમ કોઈ ભય લાગતો નથી. પછી સીતાજીએ અત્યંત નમ્રતાપૂર્વક કહ્યું કે હે નાથ! ભલા આપની હઠ નિવારવા માટે કોણ સમર્થ છે? પછી ત્રણે તે પર્વત ઉપર ધીમે ધીમે ચઢવા લાગ્યા. તેઓ અંધકારયુક્ત કંટકમય વિષમ માર્ગને ઘણી જ સાવધાનીથી પાર કરીને શિખર પર પહોંચી ગયા. ત્યાં જ દેશભૂષણ અને કુલભૂષણ નામના બે મહામુનિઓ કાયોત્સર્ગ અવસ્થામાં ધ્યાનારૂઢ હતા. તે યુગલ મુનિરાજોને જોઈ ત્રણેએ તેમને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા તથા તેઓની સમીપ બેસી ગયા અને ભાવભીની ભક્તિ કરી.

થોડી જ વારમાં રાત્રિનો ગહન અંધકાર ફેલાઈ ગયો. ચારે તરફ કાલિમાનું સામ્રાજ્ય વ્યાપી ગયું તે જ સમયે એક મહાબલી અસુરે અત્યંત ભયાનક ગર્જનાઓ કરવાનો પ્રારંભ કર્યો. જેને સાંભળીને પહાડ પરના જીવજંતુ ભયભીત થઈ અહીં-તહીં ભાગવા લાગ્યા. સંપૂર્ણ દિશાઓ પ્રતિધ્વનિત થઈ ગઈ. જોત-જોતામાં જ અનેક માયામયી ભયાનક સર્પો, વીંછીઓથી મુનિરાજોનું શરીર આચ્છાદિત થઈ ગયું. આ જોઈને સીતાજી તો ભયભીત થઈને શ્રીરામની સોડમાં લપાઈ ગયાં. શ્રીરામે તેમને ધૈર્ય બંધાવી મુનિરાજોના ચરણની સમીપે બેસાડી દીધાં. બંને ભાઈઓ પોતે મુનિરાજોના શરીર પરથી સાપ અને વીંછીઓ દૂર કરવા લાગ્યા. અસુરની માયાથી ઉત્પન્ન ભયાનક ભૂતોનો સમૂહ કિલકારીઓ મારતો ભયાનક ગર્જનાઓ કરવા લાગ્યો, અનેક રાક્ષસો તથા




પહાડ ઉપર ધ્યાનસ્થ દેશભૂષણ–કુલભૂષણ મુનિરાજને દેખી રામ–સીતા–લક્ષ્મણ મુનિરાજની ભક્તિ કરે છે.





શ્રીરામ-લક્ષ્મણ દેશભૂષણ તથા કુલભૂષણ ઉપર અસુર દ્વારા કરાતા ઉપસર્ગને દૂર કરે છે.

માયામયી શાકિનીઓ પોતાના મુખેથી પ્રચંડ અગ્નિજ્વાળાઓ ઓકવા લાગી. ભયાનક પિશાચિનીઓ મૃતક કલેવરો લઈને નાચવા-કુદવા લાગી. દુર્ગંધમય રક્તની વર્ષા થવા લાગી. ભયાનક ડાકણો આંતરડાં અને ખોપરીઓના આભૂષણો પહેરી વિવિધ પ્રકારના રૂપો ધારણ કરીને ક્રૂર શબ્દો કરતી મુનિરાજોની આસપાસ નાચવા લાગી, અત્યંત ભયાનક ધ્વનિથી સમસ્ત પર્વત જાણે ધરતીકંપ આવ્યો હોય તે પ્રકારે કંપાયમાન થઈ ઉઠ્યો. આ પ્રકારે અસુરે પોતાના પૂર્વજન્મના વેરના કારણે બંને મુનિઓ પર ઘોર ઉપસર્ગ કર્યો—પરંતુ ધીર વીર તે બંને મુનિરાજો તો ધ્યાનથી કિંચિત્ પણ ચલાયમાન થયા નહીં.

શ્રીરામ-લક્ષ્મણ અત્યંત ક્રોધિત થઈને ધનુષ્ય બાણ લઈને મેઘની જેમ ગર્જના કરતા ઊભા થઈ ગયા. તેમના ધનુષ્યોની પ્રત્યંચાના ધ્વનિથી જાણે વજ્રપાત જેવું થયું, તે અસુર તો તેમને બલભદ્ર તથા નારાયણ સમજીને પોતાની માયા સંકેલી ડરીને ભાગી ગયો. અસુરકૃત ઉપસર્ગ દૂર થતાં જ મુનિરાજોને શુક્લધ્યાનની સિદ્ધિ થતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. ચતુર્નિકાયના દેવોએ આવીને ગંધકુટીની રચના કરી જેમાં દિવસ અને રાત્રીનો કોઈ ભેદ ન રહ્યો. શ્રીરામ-લક્ષ્મણ અને સીતા સાથે દેવો તથા વિદ્યાધરોએ દેશભૂષણ-કુલભૂષણ કેવળીની ભક્તિપૂર્વક પૂજા કરી ત્યારબાદ સર્વે પોતપોતાના સ્થાન પર બેસી ગયા.

શ્રીરામે હાથ જોડી શિર નમાવી કેવળી ભગવંતોને પૂછ્યું કે "હે દેવ! અસુરે ક્યા કારણે આપના ઉપર ઘોર ઉપસર્ગ કર્યો?" ત્યારે કેવળી ભગવાનની દિવ્યધ્વનિ થઈ—

એકવાર પદ્મની નામની નગરીમાં વિજયપર્વત નામનો એક ધર્માત્મા રાજા રાજ્ય કરતો હતો. તેની રાણીનું નામ ધારિણી હતું. તે રાજાને અમૃતસુર




દેશભૂષણ–કુલભૂષણ કેવળીની સભામાં રામ–લક્ષ્મણ પ્રશ્ન પૂછે છે.

નામનો એક અત્યંત બુદ્ધિમાન દૂત હતો. તેની પત્ની ઉપભોગીની કુખે ઉદિત અને મુદિત નામના બે યોગ્ય પુત્ર ઉત્પન્ન થયા. તેઓ ઘણા જ ગુણવાન, સુંદર અને ધર્માત્મા હતા.

એકવાર રાજા વિજયપર્વતે અમૃતસુરને કોઈ કાર્યવશ પરદેશ મોકલ્યો. અમૃતસુર પોતાના મિત્ર વસુભૂતિનો સાથ લઈ સ્વામીનું કાર્ય કરવા લાગ્યો. વસુભૂતિ દુષ્ટાત્મા અને પાપી હતો. તેનો અમૃતસુરની પત્ની સાથે અનુચિત સંબંધ હતો. દુષ્ટ વસુભૂતિએ તક જોઈને અમૃતસુરને મારી નાખ્યો અને પોતે નગરમાં પાછો આવી ગયો. તેણે અમૃતસુરને મારવાની સમસ્ત ઘટના ઉપભોગને સંભળાવી, તે સાંભળીને તે દુષ્ટા ઉપભોગી ઘણી જ પ્રસન્ન થઈ, તેણે કહ્યું કે 'આપણા સુખના માર્ગમાં ઉદિત અને મુદિત બંને પુત્રો કંટક સમાન છે. જો તું આ બંનેને મારી નાખે તો પછી હું અને તું બંને નિઃશંક થઈ સ્વતંત્રતાપૂર્વક જીવનપર્યંત સુખ ભોગવીશું.' દુષ્ટા સ્ત્રીની વાત ઉદિતની પત્ની સાંભળી ગઈ. તેણે તત્કાળ પોતાના પતિ ઉદિતને આ સર્વ હકીકત સંભળાવી દીધી. ઉદિતે પોતાના ભાઈ મુદિતને સાવધાન કરી દીધો. તક જોઈને એક દિવસે ઉદિતે વસુભૂતિને મારી નાખ્યો. પરદારાસેવી વસુભૂતિ મરીને એક ચંડાળને ત્યાં જન્મ્યો.

એકવાર ઉદિત અને મુદિત બંને ભાઈઓ રાજા વિજયપર્વત સાથે મુનિરાજના દર્શનાર્થે વનમાં ગયા. ત્યાં મુનિના મુખારવિંદથી દયામય અહિંસા ધર્મનો ઉપદેશ શ્રવણ કરી બંને ભાઈઓએ મુનિદીક્ષા ગ્રહણ કરી લીધી અને ગહન વનમાં અત્યંત દુર્ધર તપ કરવા લાગ્યા.

એકવાર ઉદિત અને મુદિત બંને મુનિરાજો કાયોત્સર્ગરૂપે ધ્યાનસ્થ હતા ત્યારે દેવયોગે તે વસુભૂતિનો જીવ, કે જે ચંડાળ થયો હતો, તે તે જ વનમાં

શિકાર રમતો આવી નીકળ્યો, તે બે મુનિઓને જોતાં પોતાના પૂર્વભવના વેરના પ્રભાવથી અત્યંત ક્રોધિત થઈ બાણોથી તેમનો ઘાત કરવા તત્પર થયો, પરંતુ તેના સ્વામિએ તેને અટકાવ્યો. આ પ્રમાણે મુનિઓની રક્ષા થઈ. કેટલોક કાળ તપ કરીને તે બંને મુનિ સમાધિમરણ કરી સ્વર્ગમાં ઉત્તમ દેવ થયા. પછી ત્યાંથી ચ્યવીને રાજા પ્રિયવ્રતની રાણી પદ્માવતીથી રત્નરથ અને વિચિત્રરથ નામના પુત્રો થયા અને મુનિવ્રત ધારણ કરી સ્વર્ગે ગયા. ત્યાંથી ચ્યવીને સિદ્ધાર્થનગરના રાજા ક્ષેમંકરની રાણી વિમલાના અમે બંને દેશભૂષણ અને કુલભૂષણ પુત્રો થયા.

એકવાર જ્યારે અમે બંને ભાઈઓ વિદ્યાભ્યાસ કરી બહુ લાંબા સમય પછી આવ્યા અને મહેલમાં પ્રવેશ કર્યો ત્યારે ઝરોખામાં અમારી બહેન કમલોત્સવાને જોઈને વિકારચિત્ત થયા અને તેને મેળવવા ઈર્ષ્યાવશ અમે બંને પરસ્પર લડવા લાગ્યા. પાછળથી જ્યારે અમને ખબર પડી કે કમલોત્સવા તો અમારી પૂજ્ય ભગિની છે, ત્યારે અમે બંને લજ્જિત થયા અને સંસારની વિકારયુક્તદશા જોઈને અમને વૈરાગ્ય ઉત્પન્ન થયો, તેથી અમે બંને ગૃહત્યાગ કરી બંને ભાઈઓ દેશભૂષણ અને કુલભૂષણ મુનિ થયા છીએ. અમે બંનેએ વનમાં ઘોર તપ કર્યું, જેના પ્રભાવથી અમને આકાશગામિની ઋદ્ધિ પ્રગટ થઈ; જે દ્વારા અમે અનેક તીર્થોમાં વિહાર કર્યો, ભગવાનના ચૈત્યાલયોની વંદના કરી. અમારા પિતા ક્ષેમંકર જે પૂર્વભવમાં અમારા પિતા હતા. તે અમારા શોકથી મૃત્યુ પામી ભવનવાસી દેવના અધિપતિ ગરુડેન્દ્ર થયા કે જે આ જ સભામાં બિરાજમાન છે.

શ્રીરામે ફરીથી પૂછ્યું કે હે દેવ! તે ચંડાળના સ્વામીએ તે ઉદિત અને મુદિત નામના મુનિઓને ક્યા સ્નેહવશ બચાવ્યા ત્યારે કેવલી ભગવાનની દિવ્યધ્વનિ થઈ કે—

એક સમયે યક્ષસ્થાન નામના ગ્રામમાં સુરુપ અને કર્ષક નામના ભાઈઓ હતા. એકવાર એક પારધી એક જીવીત પક્ષી પકડીને તે ગામમાં લાવ્યો. બંને ભાઈઓએ દયા કરી પારધીને ધન આપી પક્ષીને જીવંત છોડાવી દીધું. તે પક્ષી આયુષ્ય પૂર્ણ કરી મ્લેચ્છાધિપતિ (ચંડાળનો સ્વામી) થયો તથા સુરુપ અને કર્ષક પણ મૃત્યુ પામ્યા અને ઉદિત-મુદિત થયા. સુરુપ અને કર્ષકે તે પક્ષીના પ્રાણ બચાવ્યા હતા, તેથી તે પક્ષીએ મ્લેચ્છાધિપતિના ભવમાં ઉદિત તથા મુદિત મુનિરાજોને ચંડાળના હાથે મરતા બચાવી લીધા. જે જેની સાથે ભલાઈ કરે છે તે જન્મ-જન્માન્તરમાં તેની ભલાઈ કરે છે. તેનાથી વિપરીત જે બુરાઈ કરે છે તે જન્મ-જન્માન્તરમાં તેની બુરાઈ કરે છે. સંસારી જીવોની આ જ દશા છે, તેથી સર્વેએ પરોપકાર કરવો જોઈએ. જીવ-દયા જ મોક્ષનો માર્ગ છે.

વસુભૂતિનો જીવ જે ચંડાળ થયો હતો તે અનેક કુયોનિયોમાં ભ્રમણ કરી તાપસનાં વ્રતો લઈ અજ્ઞાન તપ કરવા લાગ્યો અને ત્યાંથી આયુ પૂર્ણ કરી અગ્નિકેતુ નામનો અત્યંત ક્રૂર જ્યોતિષી દેવ થયો. ત્યાંથી મરીને મનુષ્ય થયો તેનું અમારી સાથે ઘણા ભવોથી વેર ચાલ્યું આવતું હતું. તે અનેક ભવોમાં ભ્રમણ કરી દુઃખી થતો થકો અજ્ઞાન તપ કરીને ફરીવાર જ્યોતિષી દેવમાં અગ્નિપ્રભ નામનો દેવ થયો. એકવાર તે અગ્નિપ્રભ અનંતવીર્ય કેવળીની વંદનાર્થે ગયો ત્યાં તેણે કેવળી ભગવાનને પૂછ્યું કે હે દેવ! આપના પછી કોણ કેવળી થશે? ત્યારે કેવળીએ કહ્યું કે મારા પછી દેશભૂષણ અને કુલભૂષણ કેવળી થશે. એકવાર તે દેવે વિભંગજ્ઞાનથી વિચાર કર્યો કે દેશભૂષણ ને કુલભૂષણ મુનિરાજો અત્યારે ક્યાં છે? તે જ્ઞાનના ઉપયોગ દ્વારા તેણે અમે આ પર્વત ઉપર ધ્યાનારૂઢ છીએ તે જાણી લીધું. કેવળીનાં વચનોને અસત્ય કરવાની ઈચ્છાથી તેણે પ્રતિદિન રાત્રીના સમયે અમારા ઉપર ઘોર ઉપસર્ગ કરવાનો પ્રારંભ કરી દીધો જેથી અમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થઈ શકે.

જ્યારે તમે આ પર્વત ઉપર આવ્યા અને તેણે જાણ્યું કે તમે બળભદ્ર અને નારાયણ છો તો તે ભયભીત થઈને ઉપદ્રવ કરવાનું છોડી નાસી ગયો. અત્યારે તે અમારી સભામાં જ વંદનાર્થે બેઠો છે. અમને ધ્યાનની સ્થિરતાથી શુક્લધ્યાન પ્રગટ થયું તથા ઘાતિકર્મોનો સંપૂર્ણ ક્ષય થયો. હે રામ! તમે ચરમશરીરી-મોક્ષગામી તથા બળભદ્ર છો તથા લક્ષ્મણ નારાયણ છે. તમારા નિમિત્તે અમારો ઉપસર્ગ દૂર થયો તથા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. પ્રાણીઓએ પરસ્પર વેરનો મૂળ હેતુ પૂર્વનો વૈરાનુબંધ છે; એમ જાણીને પારસ્પરિક દ્વેષનો ત્યાગ કરવો જોઈએ. અગ્નિપ્રભદેવ જે સભામાં બેઠો હતો તે કેવળીના શ્રીમુખેથી પૂર્વ વેરનું કારણ સાંભળી ઘણો જ ભયભીત થયો અને ભગવાનને ભક્તિપૂર્વક નમસ્કાર કરી પોતાના સ્થાને ચાલ્યો ગયો.

તે કેવળી મુનિરાજોના પિતાનો આત્મા જે ગરુડેન્દ્ર થયો હતો, તે શ્રીરામને કહેવા લાગ્યો કે 'હે ભવ્યોત્તમ! તમે જે મુનિઓના ઉપસર્ગનું નિવારણ કર્યું છે તેનાથી હું અત્યંત પ્રસન્ન થયો છું. તમે જે માગો તે હું તમને આપું? ત્યારે શ્રીરામે અત્યન્ત વિનયપૂર્વક કહ્યું કે તમે ભવનવાસી દેવોના અધિપતિ છો, તેથી ક્યારેક અમારા પર આપત્તિ આવે તે સમયે તમે અમારી સહાયતા કરજો. શ્રી ગરુડેન્દ્રે શ્રીરામના વચનો પ્રમાણ કર્યા તથા કેવળી ભગવાનને નમસ્કાર કરી પોત-પોતાના સ્થાને ચાલ્યા ગયા. શ્રી રામચન્દ્રજીએ થોડોક સમય વંશગિરિ શિખર ઉપર રહેવાનો વિચાર કર્યો.

વંશસ્થલપુરના રાજા સુરપ્રભે કેવળી ભગવાનના મુખેથી શ્રીરામને ચરમશરીરી, મોક્ષગામી જાણીને તેમને પ્રણામ કર્યા તથા તેમને પોતાના નગરમાં પધારવાની પ્રાર્થના કરી, પરંતુ શ્રીરામે થોડોક સમય તે પર્વત ઉપર જ રહેવાનો નિશ્ચય કર્યો, તેથી રાજા સુરપ્રભે તેમના રહેવાની ઉત્તમોત્તમ વ્યવસ્થા કરી દીધી. જેથી શ્રીરામ-લક્ષ્મણ-સીતાને કોઈ પ્રકારની અડચણ ન




શ્રીરામે વંશગિરિ પર્વત ઉપર અનેક જિનમંદિરો બંધાવ્યા, તેમાંથી એક મંદિરમાં રામ–લક્ષ્મણ–સીતા દર્શન–પૂજન કરે છે.

પડે. આ પ્રમાણે શ્રીરામ, લક્ષ્મણ તથા સીતાજી સાથે ઘણા દિવસો સુધી વંશગિરિના શિખર પર સુખપૂર્વક રહ્યા.

એકવાર શ્રીરામચંદ્ર લક્ષ્મણને કહેવા લાગ્યા કે હે ભાઈ! આ પર્વતના શિખર પર આપણે ઘણા સમય સુધી રહ્યા. રાજા સુરપ્રભે આપણી ખૂબ સેવા કરી, પરંતુ મારું મન તો આ સાંસારિક ભોગોથી પ્રસન્ન નથી. જ્યાં સુધી સંયમની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પ્રાણીઓને આ ભોગો સર્વદા ઘેરી રાખશે. આ બધું તો પૂર્વોપાર્જિત શુભકર્મનું ફળ છે, પરંતુ ખરેખર તો આત્મકલ્યાણ જ સર્વશ્રેષ્ઠ છે. અમારો વિચાર છે કે અહીંથી દંડકવન ઘણું જ નજીક છે અને ત્યાં ભૂમિગોચરીઓનું વિશેષ આવાગમન નથી અને ન તો ત્યાં ભરતની આજ્ઞાનો પ્રવેશ છે, ત્યાં જ સમુદ્રતટે નિવાસ સ્થાન બનાવવું યોગ્ય રહેશે. લક્ષ્મણે કહ્યું કે "હે દેવ! જેવી આપની ઈચ્છા!" શ્રીરામે લક્ષ્મણ સાથે આ પ્રમાણે મંત્રણા કરી બીજા જ દિવસે દંડકવન તરફ પ્રયાણ કર્યું. રાજા સુરપ્રભ તેમની વિદાયની વાત જાણી તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યો. શ્રીરામે રાજાને ઘણા જ આગ્રહપૂર્વક પાછો વાળ્યો. વંશગિરિ પર્વત પર શ્રીરામે ભગવાનના અનેક સુંદર ચૈત્યાલયો બનાવ્યાં હતાં, તેથી તે પર્વત તે સમયથી રામગિરિના નામે પ્રસિદ્ધ થઈ ગયો. વર્તમાનમાં તે પર્વત રામટેકના નામે પ્રસિદ્ધ છે. તથા દેશભૂષણ અને કુલભૂષણ મુનિઓની નિર્વાણભૂમિ કુંથલગિરિ પર્વત ઉપર છે.


# સીમંધર ભગવાનનો તપકલ્યાણક મહોત્સવ

એકવાર રાજા દશરથ ઘણા જ તેજસ્વી પ્રતાપપૂર્વક સભામાં બેઠા હતા. સુરેન્દ્ર સમાન તેમનો વૈભવ હતો. જિનેન્દ્ર ભગવાનમાં તેમનું મન આસક્ત હતું. તે જ સમયે પોતાના શરીરની કાંતિથી આકાશને દેદીપ્યમાન કરતા નારદ આવ્યા. નારદને દૂરથી આવતા જોઈને રાજા ઊભા થઈને તેમની સન્મુખ ગયા તથા ઘણા જ સન્માનપૂર્વક નારદને લાવીને સિંહાસન પર બેસાડ્યા અને તેમની કુશળતા વિશે પૂછ્યું. નારદે કહ્યું કે જિનેન્દ્રદેવની કૃપાથી સર્વ કુશળ છે તથા રાજાને પૂછ્યું કે આપની કુશળતા કેમ છે ત્યારે રાજાએ કહ્યું કે દેવ-ગુરુ-ધર્મની કૃપાથી સર્વે કુશળતા છે.

રાજાએ નારદજીને પૂછ્યું કે "પ્રભુ આપ ક્યા સ્થાનેથી પધારો છો? આ દિવસોમાં આપે કઈ બાજુ વિહાર કર્યો? શું જોયું? શું સાંભળ્યું? કારણ કે અઢીદ્વીપમાં આપથી કાંઈ અજ્ઞાત નથી."

ત્યારે નારદે કહ્યું "હે રાજન્! હું મહાવિદેહક્ષેત્રમાં ગયો હતો. તે ક્ષેત્ર ઉત્તમ જીવોથી ભરપૂર છે. ઠેર-ઠેર મુનિરાજો બિરાજે છે. ત્યાં સર્વત્ર ધર્મનો ઉદ્યોત ઘણો જ થઈ રહ્યો છે. શ્રી તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ વગેરે જન્મે છે. ત્યાં પુંડરીકિણી નગરીમાં સીમંધર સ્વામીએ કેટલોક કાળ સુધી રાજ્યવિભૂતિને ભોગવ્યા બાદ કોઈ કારણવશ વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તેમને મુનિદીક્ષા માટે તત્પરતા ઉપજી.


તે સમયે જ બ્રહ્મ સ્વર્ગેથી લૌકાન્તિક દેવોએ આવીને ભગવાનને વૈરાગ્યવર્ધક અનુમોદન આપ્યું. નિયોગના કારણે ઈન્દ્રે ભગવાનનો અભિષેક કરી વસ્ત્રાભૂષણોથી અલંકૃત કર્યા. કુબેર દ્વારા નિર્મિત પાલખીમાં ભગવાન



રાજા દશરથ નારદને આવતા જોઈ તેમને આદરપૂર્વક ઉચ્ચ સ્થાને બેસાડે છે. સાથે રામ-લક્ષ્મણ પણ બેઠેલા છે.

આસીન થયા. તે પાલખીને પ્રથમ તો મનુષ્યોએ પોતાના ખભા ઉપર ઉંચકી તેઓ થોડાક અંતર સુધી પૃથ્વી પર ચાલ્યા. ત્યારબાદ દેવો પાલખી લઈ આકાશમાર્ગે ચાલ્યા. તપોવનમાં પહોંચીને ભગવાને વસ્ત્રાલંકારનો ત્યાગ કર્યો તથા સ્વહસ્તે કેશ લુંચન કર્યું અને દિગમ્બર મુદ્રા ધારણ કરી લીધી. તેમની સાથે બીજા અનેક રાજાઓ પણ દીક્ષિત થયા. ઈન્દ્રએ પ્રભુના કેશોને એક મણિમય પેટીમાં રાખી ક્ષીરસાગરમાં ક્ષેપણ કર્યા. તે જ સમયથી તે દીક્ષાસ્થાન તીર્થ બની ગયું.

ભગવાન બે ઉપવાસના નિયમપૂર્વક "ૐ નમઃ સિદ્ધેભ્યઃ" કહીને સ્વયં દીક્ષા ગ્રહણ કરે છે. કારણ કે તે સ્વયં જગદ્‌ગુરુ છે. ઉપવાસનો નિયમ પૂરો થતાં તીર્થંકર મુનિરાજને આહારાર્થે નગરમાં જતાં તથા આહાર ગ્રહણ કરતાં



દેવો દ્વારા થતા સીમંધર ભગવાનના તપકલ્યાણક ઉત્સવને નારદ નિહાળે છે.

પણ જોયા તથા દાતારને ત્યાં પંચાશ્ચર્ય પ્રગટ થતાં પણ જોયાં. આ પ્રમાણે અમને સીમંધર ભગવાનના તપકલ્યાણકના ઉત્સવને નજરે નિહાળવાનો ઉત્તમ લાભ મળ્યો. પુંડરીકિણી નગરી વિવિધ પ્રકારના રત્નમહેલોથી પ્રકાશિત છે. સીમંધરસ્વામીના તપકલ્યાણકમાં વિવિધ પ્રકારના દેવોનું આગમન થયું હતું. તેમના જુદી જુદી જાતના વિમાનો, ધ્વજા, છત્રાદિથી નગરી અત્યંત શોભાયમાન થઈ રહી હતી.

આપણે જે પ્રકારે અહીં શ્રી મુનિસુવ્રતનાથ ભગવાનના સુમેરુપર્વત પર જન્માભિષેકની વાત સાંભળી છે તેવી જ વાત મેં ત્યાં સીમંધર ભગવાનના જન્માભિષેકની લોકમુખે સાંભળી; તે હે રાજન! તમને સંભળાવું છું.


ભગવાનનો જન્મ થતાં જ દેવભવનો અને સ્વર્ગાદિમાં સ્વયં ઘંટાદિ વાજિંત્રો વાગવા લાગ્યાં અને સૌધર્મ ઈન્દ્રનું આસન કંપાયમાન થયું; જેનાથી ઈન્દ્રને ભગવાનના જન્મનો નિશ્ચય થયો. બધા ઈન્દ્રો તથા દેવો ભગવાનનો જન્મોત્સવ ઉજવવા ઘણી જ ધામધૂમથી પૃથ્વી પર આવ્યા. અહમિન્દ્રો પોત-પોતાના સ્થાન પર સાત પગલાં આગળ ચાલી ભગવાનને નમસ્કાર કરે છે. દિક્કુમારી દેવીઓ બાળ તીર્થંકરને રમાડે છે. કુબેર નગરીની અદ્‌ભુત શોભા કરે છે. ઈન્દ્રની આજ્ઞાથી ઈન્દ્રાણી પ્રસુતિગૃહમાં જાય છે; માતાને માયામયી નિદ્રામાં સુવાડી તેમની ગોદમાં એક માયામયી બાળક આપી ઈન્દ્રાણી બાળ તીર્થંકરને લાવીને ઈન્દ્રને સોંપે છે. ભગવાનનું સૌંદર્ય જોવા માટે ઈન્દ્ર એક હજાર નેત્ર બનાવે તોપણ તૃપ્ત થતા નથી. પછી ઐરાવત હાથી ઉપર ભગવાનને લઈ ઈન્દ્ર સુમેરુ પર્વત તરફ જાય છે. ત્યાં પહોંચીને પાંડુક શિલા પર ભગવાનને બિરાજમાન કરી દેવો દ્વારા લાવવામાં આવેલા ક્ષીરસાગરના જળના ૧૦૦૮ કળશોથી ભગવાનનો અભિષેક કરે છે. ત્યારબાદ બાળ તીર્થંકરને શચી ઈન્દ્રાણી દ્વારા વસ્ત્રાભૂષણોથી અલંકૃત કરી, ઈન્દ્ર દેવો સહિત નગરીમાં મહાન ઉત્સવ સાથે પ્રવેશ કરે છે. બાળકના અંગુઠામાં અમૃત હોય છે. ઈન્દ્ર તાંડવ

નૃત્ય આદિ અનેક માયામયી આશ્ચર્યકારી લીલાઓ પ્રગટ કરી સ્વસ્થાને જાય છે. દિક્કુમારી દેવીઓ પણ પોતપોતાના સ્થાને જાય છે. તેવા શ્રી સીમંધરસ્વામીના જન્માભિષેકના ઉત્સવ વિષે મેં સાંભળ્યું અને તપકલ્યાણકનો ઉત્સવ તો મેં પ્રત્યક્ષ જોયો.

ભિન્ન-ભિન્ન પ્રકારના રત્નજડિત મંદિરો મેં જોયાં જેમાં ભગવાનનાં મોટાં-મોટાં બિમ્બ શોભે છે અને તેમની વિધિપૂર્વક નિરંતર પૂજા થાય છે. હે રાજન્! મહાવિદેહથી હું સુમેરુ પર્વત પર આવ્યો. સુમેરુની પ્રદક્ષિણા કરી સુદર્શન મેરુ ઉપર ભગવાનના જે અકૃત્રિમ ચૈત્યાલયો છે તેનાં દર્શન કર્યા. તેમનું દૃશ્ય પણ અદ્‌ભુત છે. તેનું સંક્ષિપ્ત વર્ણન સાંભળી તમે આનંદિત થશો.

આ જંબૂદ્વીપના બિલકુલ મધ્યમાં ૯૯,૦૦૦ યોજન ઉંચાઈ અને ૧૦૦૦ યોજન પાયાની ઉંડાઈ મળીને એકલાખ યોજન ઉંચાઈવાળો સુદર્શન નામનો મેરુ પર્વત આવેલો છે. તેના ભૂ ભાગમાં ભદ્રશાલ વન છે, તેના ઉપર ક્રમશઃ નંદનવન, સૌમનસવન અને પાંડુકવન છે. આ દરેક વનોમાં ચાર દિશાઓમાં ચાર વિશાળ અકૃત્રિમ (શાશ્વત) જિનમંદિર છે. તે દરેકમાં અકૃત્રિમ વિશાળ જિનપ્રતિમાઓ છે. આ પ્રમાણે સુદર્શન મેરુના ૧૬ જિનમંદિરો છે. પાંડુકવનની ચાર વિદિશાઓમાં અર્ધચંદ્રાકાર ચાર પાંડુકશિલાઓ હોય છે તે શિલાઓ પર ભરત, પૂર્વવિદેહ, ઐરાવત તથા પશ્ચિમ વિદેહક્ષેત્રના તીર્થંકરોનો ઈન્દ્રાદિદેવો જન્માભિષેક કરે છે. આ પ્રમાણે તે મેરુ તથા તેનાં વન તીર્થંકરોના જન્માભિષેકથી પવિત્ર છે.

સુમેરુપર્વતને સ્પર્શીને નીલ તથા નિષધ પર્વતને સ્પર્શતા હાથીના બાહ્ય દાંતો જેવા 'ગજદંત' નામના ચાર પર્વત છે. આ ચારેય પર્વતો ઉપર સુમેરુ પર્વત નજીક એક એક અકૃત્રિમ (શાશ્વત) જિનમંદિર સ્થિત છે. નીલ પર્વતની પાસે પૂર્વ-વિદેહના ઉત્તરકુરુમાં એક 'જંબૂ' નામનું પૃથ્વીકાયિક વૃક્ષ છે. તે જ



સુદર્શન મેરુ તથા જંમ્બૂદ્વીપના વૈભવને નારદ નિહાળે છે.

પ્રમાણે નિષધ પર્વતની પાસે 'દેવકુરુ'માં શાલ્મલિ નામનું પૃથ્વીકાયિક વૃક્ષ છે આ વૃક્ષો ઉપર પણ એક એક અકૃત્રિમ (શાશ્વત) જિનમંદિર છે. સુદર્શન મેરુની ઉત્તરદિશામાં 'ઉત્તરકુરુ' તથા દક્ષિણદિશામાં 'દેવકુરુ' નામની ઉત્તમ ભોગભૂમિઓ છે.

આ દ્વીપમાં ભરતવર્ષ, હેમવતવર્ષ, હરિ વર્ષ, વિદેહવર્ષ, રમ્યક વર્ષ, હૈરણ્યવર્ષ તથા ઐરાવત વર્ષ નામના સાત ક્ષેત્રો છે. તે ક્ષેત્રોને વિભાજિત કરવાવાળા, લવણસમુદ્રને સ્પર્શતા, પૂર્વ-પશ્ચિમ લાંબા એવા હિમવાન, મહાહિમવાન, નિષધ, નીલ, રુક્મિ તથા શિખરી આ છ 'વર્ષધર' અથવા 'કુલાચલ' પર્વત છે. આ પર્વતો ક્રમથી સોના, ચાંદી, તપાવેલું સોનું, વૈડૂર્યમણિ, ચાંદી અને સોનાના રંગવાળા હોય છે. આ કુલાચલો પર ક્રમથી પદ્મ, મહાપદ્મ, તિંગિચ્છ, કેસરી, મહાપુંડરિક અને પુંડરિક નામના મોટા દ્રહ–

તળાવો છે. આ તળાવોમાં પ્રથમ એક યોજનનું કમળ છે તેની ચારે બાજુ પણ અનેક કમળો છે. આ કમળો અને તળાવોનો વિસ્તાર ઉત્તરોત્તર બમણો છે. આ કમળો ઉપર શ્રી, હ્રીઁ વગેરે દેવીઓ પોતાના સામાનિક વગેરે પરિવારના દેવો સાથે રહે છે. દરેક કુલાચલ-પર્વત પર એક કૂટ હોય છે. તેમના સિદ્ધકૂટો પર એક 'સિદ્ધાયતન' અકૃત્રિમ શાશ્વત જિનાલય હોય છે.

હે રાજન્! નંદનવનમાં વિવિધ પ્રકારના રત્નોથી જડિત તથા અતિ રમણીય જિનાલયો જોયાં તથા ત્યાં પૂજન પણ કર્યું. સ્વર્ણના પીતરંગી ચૈત્યાલયો અત્યંત દેદીપ્યમાન છે, સુંદર મોતીઓના હાર અને તોરણોથી તે શોભાયમાન છે. જિનમંદિર જોતાં જાણે સૂર્ય જેવાં તેજસ્વી લાગે છે. ચૈત્યાલયોની ભીંતો વૈડૂર્યમણિની છે તેમાં હાથી, સિંહ વગેરેના અનેક ચિત્રો દેખાય છે. ત્યાં દેવ-દેવી સંગીતમય નૃત્યો કરી રહ્યાં છે.

દેવારણ્ય વનમાં ચૈત્યાલય તથા જિનપ્રતિમાઓના દર્શન કર્યાં. કુલાચલોના શિખરો પર મેં જિનચૈત્યાલયોનાં દર્શન કર્યાં. દરેક ચૈત્યાલયો ઘણાં જ સુંદર તથા મનોહારી હતાં. પ્રત્યેકમાં ૧૦૮ જિનેન્દ્ર ભગવાનોની અકૃત્રિમ શાશ્વત જિનપ્રતિમાઓ સમવસરણ સાદશ્ય છે. દરેક પ્રતિમાઓ એવી મનોહર છે કે જાણે હમણાં જ તેમની દિવ્યધ્વનિ છૂટશે તેમ લાગતું હતું. આ બધું જોઈને તે મંદિરોમાં જ ભક્તિ-પૂજન કરવાના દિન-રાત ભાવો થઈ જતા હતા. ત્યાં કેટલાક મુનિરાજોના દર્શન પણ થયાં હતા.

આ સાંભળી રાજા દશરથ બોલી ઉઠ્યા સીમંધર ભગવાનના મંગળમય દીક્ષાકલ્યાણકનો જય હો! સર્વે અકૃત્રિમ જિનાલય મધ્યે બિરાજમાન શાશ્વત જિનેન્દ્ર ભગવંતોનો જય હો. જંબૂદ્વીપ સ્થિત સર્વે અકૃત્રિમ જિનાલયોનો જય હો !

(સુવર્ણપુરીમાં પણ જંબૂદ્વીપની આવી જ રચના થનાર છે.)

स्वानुभूति तीर्थ स्वर्णमें छाया हर्ष अपार,
मेरु जम्बूद्वीपकी रचना मंगलकार।
गुरुवर कहान प्रतापसे, श्री जिनवृंद महान,
मंगल मंगल सर्वदा, मंगलमय गुरुराज।
सुधाशीष बरसा रही, भगवती चंपा मात,
मुक्तिपथ गामी बनूँ, मुझ अंतर अभिलाष।।

